THURSDAY
૧૮-૦૨-૨૦૨૧
વિ.સ. ૨૦૭૭, મહા સુદ ૦૭
અંક : ૧૧૪
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર....




● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂા. ૪

### ખેડૂતોનું મત આંદોલન : BJP-અકાલી દળના સુપડાં સાફ, ભટિંડામાં ૫૩ વર્ષ પછી કોંગ્રેસનો વિજય

# ખેડૂતોનું બુલડોઝર : પંજાબમાં કમળને મૂળમાંથી ઉખેડ્યું

પંજાબ,તા.૧૭

પંજાબ નગર નિગમની ચૂંટણીમાં આ વખતે કોંગ્રેસનો ડંકો વાગ્યો છે. બુધવારે જાહેર કરવામાં આવેલા પરિણામોમાં નગર નિગમ અને નગર પંચાયતોમાં કોંગ્રેસ પાર્ટીને જીત જોવા મળી છે. કોંગ્રેસ પાર્ટીએ અહીં બાટલા, ભટિંડા, મોગા, કપૂરથલા, પઠાણકોટ નગર નિગમમાં જીત મેળવી દીધી છે. નગર નિગમ સિવાય કોંગ્રેસને અત્યાર સુધી ૯૮ મ્યુનિસિપલ કાઉન્સિલમાં પણ જીત મળી છે. આ નગર નિગમ ચૂંટણીના પરિણામો એટલા માટે ખાસ માનવામાં આવે છે કારણકે, કૃષિ કાયદાના વિરોધમાં ખેડૂત આંદોલનની શરૂઆત પંજાબથી થઈ છે.

અત્યાર સુધી આવેલા ચૂંટણી પરિણામોની વાત કરીએ તો કોંગ્રેસે ૨૦૦થી વધારે વોર્ડ સીટ પર જીત મેળવી લીધી છે અને ઘણી સીટ પરથી આગળ ચાલી રહી છે. જ્યારે સન્ની દેઓલના સંસદીય વિસ્તારમાં પણ ભાજપનો સફાયો થઈ ગયો છે. સન્ની દેઓલના સંસદીય વિસ્તાર ગુરુદાસપુરથી કોંગ્રેસે સ્ટ્રાઈક કરી દીધી છે. ગુરુદાસપુરની દરેક ૨૯ સીટ પર ભાજપના સુપડાં સાફ થઈ ગયા છે. નોંધનીય છે કે, અહીં ખેડૂત આંદોલન દરમિયાન સન્ની દેઓલનો પણ ખૂબ વિરોધ થયો હતો. જ્યારે ૨૬ જાન્યુઆરીએ હિંસાના મુખ્ય આરોપીમાંથી એક દિપ સિદ્ધુ સાથેની તેની તસવીર પણ ખૂબ વાયરલ થઈ હતી. આ તસવીર વાયરલ થયા પછી સન્ની દેઓલે ખુલાસો કરવો પડ્યો હતો કે, દીપ સાથે તેના કોઈ પારિવારિક સંબંધો નથી.





**ભાજપના ઉમેદવારો ડિપોઝિટ પણ ન બચાવી શક્યા : નારાજ ખેડૂતોનો જનઆક્રોશ વોટમાં તબદીલ થતા આવ્યું ક્રાંતિકારી પરિણામ**

નોંધનીય છે કે આ વખતે નગર નિગમની ચૂંટણીમાં ખેડૂત આંદોલન છવાયેલું રહ્યું હતું. કેન્દ્ર દ્વારા પસાર કરવામાં આવેલા ત્રણ કૃષિ કાયદાનો વિરોધ પંજાબથી જ શરૂ થયો હતો. અહીં અકાલી દળ અને ભાજપનો પણ ખૂબ વિરોધ કરવામાં આવ્યો હતો. અહીં ૧૪ ફેબ્રુઆરીએ નગર નિગમની ચૂંટણી થઈ હતી. તેમાં અંદાજે ૭૧ ટકા મતદાન થયું હતું. ચૂંટણીમાં ૯૨૨૨ ઉમેદવારો હતા.

રાજ્યમાં સૌથી વધારે ઉમેદવારો અપક્ષના હતા. જ્યારે રાજકીય પક્ષોમાં સૌથી વધારે ઉમેદવારો કોંગ્રેસના ૨૦૩૭ હતા. જ્યારે અહીં બીજેપીએ માત્ર ૧૦૦૩ ઉમેદવારો જ મેદાનમાં ઉતાર્યા હતા. પંજાબમાં વર્ષ ૨૦૨૨માં પણ વિધાનસભાની ચૂંટણી થવાની છે. તેથી આ સંજોગોમાં નગર નિગમના પરિણામો ખૂબ મહત્વના માનવામાં આવે છે. કોંગ્રેસ નેતા મનપ્રીત સિંહ બાદલે પણ ટ્વિટ કરીને માહિતી આપી છે કે, ભટિંડામાં કોંગ્રેસ પાર્ટીની જીત થઈ છે. આવું અંદાજે ૫૩ વર્ષ પછી થયું છે કે જ્યારે ભટિંડામાં કોંગ્રેસ પાર્ટીનો મેયર બનશે. આ પહેલાં ભટિંડા નગર નિગમમાં શિરોમણી અકાળી દળનો કબજો હતો.

કૃષિ કાયદા માટે મોદી સરકાર સાથે સંબંધ તોડનાર હરસિમરત કૌર પણ તેમનો ગઢ બચાવી શક્યા નથી. ભટિંડા નગર નિગમ ચૂંટણીમાં ૫૦ સીટોના પરિણામ આવી ગયા છે. જેમાંથી ૪૩ સીટ પર કોંગ્રેસને જીત મળી છે.અહીં સાત સીટો પર જ અકાલી દળની જીત થઈ છે. ભાજપ અને આમ આદમી પાર્ટી તેમનું ખાતું ખોલી જ નથી શકી. આ સિવાય વોર્ડ નંબર-૧થી નાણા મંત્રી મનપ્રીત સિંહ બાદલના ખાસ કોંગ્રેસ નેતા ટહલ સિંહ સંધૂની પત્ની મનદીપ કૌરને ૨૫ વોટથી હરાવીને અકાળી દળના ઉમેદવાર અમનદીપ કૌર વીજેતા બન્યા છે.

# ભારતમાં આઝાદી બાદ પ્રથમ વાર મહિલાને અપાશે ફાંસી : સજા પહેલા તૈયારીઓ શરૂ

**૨૦૦૮માં પ્રેમી સાથે મળીને ઘરના ૭ સભ્યોના ગળા કુહાડીથી કાપી નાખ્યા હતા**

(જી.એન.એસ.)મથુરા,તા.૧૭

મથુરાની જેલમાં મહિલાને ફાંસી આપવાની તૈયારી જેલ પ્રશાસને શરૂ કરી દીધી છે. આ ફાંસી અમરોહાની રહેનારી મહિલા શબનમે અપાઈ શકે છે. તેણે એપ્રિલ ૨૦૦૮માં પ્રેમી સલીમની સાથે મળીને પોતાના જ ૭ પરિવારના સભ્યોની કુહાડીથી કાપીને હત્યા કરી હતી. જોકે ફાસીની તારીખ હજી સુધી નક્કી કરવામાં આવી નથી. જો શબનમે ફાંસી થાય છે તો આ આઝાદ ભારતનો પ્રથમ મામલો હશે.

દોષિત શબનમે સુપ્રીમ કોર્ટના ચુકાદાને પડકાર્યો હતો. જ્યાં સુપ્રીમ કોર્ટ નીચલી કોર્ટના ચુકાદાને યથાવત રાખ્યો છે. તે પછી શબનમ-સલીમે રાષ્ટ્રપતિને દયા અરજી મોકલી હતી. જોકે રાષ્ટ્રપતિ ભવને તેની અરજીને ફગાવી દીધી. આઝાદી પછી શબનમ પ્રથમ મહિલા કેદી હશે જેની ફાંસી આપવામાં આવશે.



દેશમાં માત્ર મથુરા જેલનું ફાંસી ઘર એક માત્ર છે જ્યાં મહિલાને ફાંસી આપી શકાય છે. હાલ શબનમ બરેલી જ્યારે સલીમ આગ્રા જેલમાં છે.

મથુરા જેલમાં ૧૫૦ વર્ષ પહેલા મહિલા ફાંસીઘર બનાવવામાં આવ્યું હતું. આઝાદી પછી અત્યાર સુધીમાં અહીં કોઈ પણ મહિલાને ફાંસીએ લટકાવવામાં આવી નથી. વરિષ્ઠ જેલ અધીક્ષકના જણાવ્યા મુજબ હાલ ફાંસીની તારીખ નક્કી કરવામાં આવી નથી. જોકે અમે તૈયારી શરૂ કરી દીધી છે. દોરડા માટે ઓર્ડર આપવામાં આવ્યો છે. ડેથ વોરન્ટ ઈસ્યુ થતા જ શબનમ-સલીમને ફાંસી આપવામાં આવશે. પ્રેમી સલીમને ફાંસી ક્યાં આપવામાં આવશે તે હજી નક્કી કરવામાં આવ્યું નથી.

# આંદોલનથી સરકારના પેટનું પાણી ન હલતા આજે બપોરે ૧૨થી ૪ ખેડૂતોનું ટ્રેન રોકો આંદોલન

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૭

ખેડૂતોનુ આંદોલન છેલ્લા ત્રણ મહિનાથી ચાલુ છે. ખેડૂતોએ સ્પષ્ટ કરી દીધુ છે કે જ્યાં સુધી મોદી સરકાર ત્રણે નવા કાયદાને પાછા નહિ લે ત્યાં સુધી તે આંદોલન કરતા રહેશે. આ દરમિયાન ક્લાઈમેટ એક્ટિવિસ્ટ દિશા રવિની દિલ્લી પોલિસે ટૂલકિટ મામલે ધરપકડ કરી. જેનાથી ખેડૂતોનો ગુસ્સો વધુ ભડકી ગયો છે. આ માટે ખેડૂતોએ ૧૮ ફેબ્રુઆરીએ દેશવ્યાપી રેલ રોકો આંદોલનનુ એલાન કર્યુ છે. આ પહેલા ખેડૂતોએ ચક્કાજામ કર્યુ હતુ. જેનાથી દિલ્લી, યુપી અને ઉત્તરાખંડને અલગ રાખવામાં આવ્યા પરંતુ રેલ રોકો આંદોલન આખા દેશમાં થશે.



સંયુક્ત ખેડૂત મોરચાના જણાવ્યા મુજબ જે સમયે ટ્રાફિક સૌથી ઓછો રહે છે એ વખતે તેમણે ચક્કાજામ કર્યુ હતુ. આ રીતે તેમણે રેલ રોકો આંદોલનની રૂપરેખા તૈયાર કરવામાં આવી છે. ખેડૂત નેતાઓના જણાવ્યા મુજબ તેમનો હેતુ માત્ર સરકાર સુધી પોતાનો અવાજ સંભળાવવાનો છે. દિવસમાં ટ્રેનોની અવરજવર ઓછી રહે છે એવામાં તેમણે આંદોલન માટે ચાર કલાકનો સમય પસંદ કર્યો છે જેથી મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો ના પડે. આ મામલે રાકેશ ટિકૈતે કહ્યુ કે તે રસ્તામાં ટ્રેનને નહિ રોકે. તે કાયદેસર એન્જિન પર ફૂલ-માલા ચડાવીને ટ્રેનોની અવરજવર સ્ટેશન પરથી બંધ કરાવી દેશે. મુસાફરોને મુશ્કેલી ન થાય તે માટે તેમને ચા-નાસ્તો ખેડૂતો તરફથી આપવામાં આવશે.




## શેરબજારમાં ૪૦૦ પોઈન્ટનો કડાકો સેન્સેક્સ ૫૧૭૦૩ની સપાટી પર બંધ

મુંબઈ,તા.૧૭

ભારતીય શેરબજારો આજે ઘટીને બંધ રહ્યાં હતા. સેન્સેક્સ ૪૦૦ અંક ઘટીને ૫૧૭૦૩ પર બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૦૪ અંક ઘટીને ૧૫૨૦૮ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સ પર નેસ્લે, બજાજ ફીનસર્વ, એશિયન પેઈન્ટ્સ, HDFC બેન્ક, ઈન્ડસઈન્ડ બેન્ક સહિતના શેર ઘટીને બંધ રહ્યાં હતા. નેસ્લે ૨.૮૦ ટકા ઘટીને ૧૬૭૩૯.૯૦ પર બંધ રહ્યો હતો. બજાજ ફિનસર્વ ૨.૬૧ ટકા ઘટીને ૧૦૧૮૪.૬૫ પર બંધ રહ્યો હતો. જોકે SBI, પાવર ગ્રીડ કોર્પ, NTPC, રિલાયન્સ, બજાજ ઓટો સહિતના શેર વધીને બંધ રહ્યાં હતા. SBI ૨.૩૯ ટકા વધીને ૪૧૧.૯૦ પર બંધ રહ્યો હતો. પાવર ગ્રીડ કોર્પ ૨.૦૪ ટકા વધીને ૨૩૦.૦૫ પર બંધ રહ્યો હતો.

મેક્રોટેક ડેવલપર્સે IPO માટે માર્કેટ રેગ્યુલેટર સેબીની પાસે ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટ્સ(DRPH) ફાઈલ કરી છે. કંપની IPO દ્વારા લગભગ ૨૫૦૦ કરોડ રૂપિયા એકત્રિત કરવા માંગે છે. કંપનીએ પહેલા લોઢા ડેવલપર્સના નામથી ઓળખવામાં આવતી હતી. આજે વિશ્વભરના શેરબજારમાં ઉતાર-ચઢાવ છે. કોરિયા કોસ્પી ઈન્ડેક્સ ૧ ટકાના ઘટાડા સાથે કારોબાર કરી રહ્યો છે. ઓસ્ટ્રેલિયાના ઓલ ઓર્ડિનરીઝ ઈન્ડેક્સમાં ૦.૩૬ ટકા અને જાપાનના નિક્કેઈ ઈન્ડેક્સમાં ૦.૬૪ ટકાનો ઘટાડો છે.

## દેશનું ખાનગીકરણ કરવા સરકારની વધુ એક પહેલ : બેન્ક ખાનગીકરણ માટે આવશે ખરડો

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૭

જાહેર ક્ષેત્રની બૅંકોના ખાનગીકરણને સરળ બનાવવા સરકાર આ વર્ષના અંત સુધીમાં બે સુધારા ખરડા રજૂ કરે તેવી શક્યતા છે.સૂત્રોના જણાવ્યા અનુસાર જાહેર ક્ષેત્રની બૅંકોના ખાનગીકરણ માટે બૅંકિંગ કંપનીસ (ઍક્વિઝિશન ઍન્ડ ટ્રાન્સફર ઑફ અન્ડરટૅકિંગ્સ) ઍક્ટ, ૧૯૭૦ તેમ જ બૅંકિંગ કંપનીસ (ઍક્વિઝિશન ઍન્ડ ટ્રાન્સફર ઑફ અન્ડરટૅકિંગ્સ) ઍક્ટ, ૧૯૮૦માં સુધારા કરવાની જરૂર છે.

આ કાયદાને કારણે બે તબક્કામાં બૅંકોનું ખાનગીકરણ થઈ શકશે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે બૅંકોના ખાનગીકરણ માટે આ કાયદાની જોગવાઈઓમાં ફેરફાર કરવાની જરૂર છે. આ સુધારા ખરડા સંસદના ચોમાસુ સત્રમાં અથવા ત્યાર બાદ વરસના અંતે સંસદમાં રજૂ કરવામાં આવે તેવી શક્યતા હોવાનુ તેમણે કહ્યુ હતું.

હાલ ચાલી રહેલા સંસદના બજેટ સત્રમાં નાણાં ખરડા ૨૦૨૧, સપ્લીમેન્ટરી ડિમાન્ડ્સ ફૉર ગ્રાન્ટ્સ ફૉર ૨૦૨૦-૨૧ અને સંબંધિત ઍપ્રોપ્રિયેશન બિલ, નેશનલ બૅંક ફૉર ફાઈનાન્સિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઍન્ડ ડૅવલપમેન્ટ બિલ ૨૦૨૧, ક્રિપ્ટોકરન્સી ઍન્ડ રૅગ્યુલેશન ઑફ ઑફિશિયલ ડિજિટલ કરન્સી બિલ, ૨૦૨૧ સહિત જુદા જુદા ૩૮ ખરડા રજૂ કરવામાં આવવાના છે.

## મોબાઈલધારકોની ચિંતામાં વધારો : ટેલીકોમ કંપનીઓ દ્વારા એપ્રિલથી ભાવમાં વધારાની વકી

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૭

મોબાઈલ પર વાત કરવી અને ઈન્ટરનેટનો ઉપયોગ મોંઘો થવાનો છે. ટેલિકોમ કંપનીઓ આ વર્ષે ૧લી એપ્રીલથી દરોમાં વધારો કરવાની તૈયારીમાં છે. સાથે જ તેને આગળ પણ દરોમાં વધારો કરી શકે છે. રેટિંગ ઈક્રાની રિપોર્ટમાં આ વાત સામે આવી છે.

કોરોના સંકટ અને ખાસ કરીને લોકડાઉનમાં જ્યાં અન્ય ક્ષેત્રો મુશ્કેલી વધી છે ત્યારે ટેલિકોમ કંપનીઓની એવરેજ રેવન્યૂ એટલે કે પ્રતિ ગ્રાહક સરેરાશ રેવન્યૂમાં સુધારો થયો છે. જોકે ટેલિકોમ કંપનીઓના વધતા ખર્ચાને જોતા આ પુરતું નથી. એવામાં કંપનીઓ મોબાઈલ દરોને વધારીને તેને ભરપાઈ કરવાની તૈયારીમાં છે. આ પહેલા ગત વર્ષે પણ કેટલીક ટેલિકોમ કંપનીઓએ દરોમાં વધારો કર્યો હતો.



ઉલ્લેખનિય છે કે કુલ એજીઆરનું બાકી ૧.૬૯ લાખ કરોડ રૂપિયા છે. જ્યારે હજુ સુધી માત્ર ૧૫ ટેલિકોમ કંપનીઓએ માત્ર ૩૦,૨૫૪ કરોડ રૂપિયા જ ચુકવ્યા છે. એરટેલ પર લગભગ ૨૫,૯૭૬ કરોડ રૂપિયા, વોડાફોન-આઈડિયા પર ૫૦૩૯૯ કરોડ રૂપિયા અને ટાટા ટેલિસર્વિસેઝ પર લગભગ ૧૬,૭૯૮ કરોડ રૂપિયા બાકી છે. કંપનીઓને ૧૦% રકમ ચાલુ નાણાંકિય વર્ષમાં અને બાકીની રકમ આગળના વર્ષોમાં ચુકવવાની છે.

## મ.પ્ર.માં વેક્સિન લેનારા ૧ લાખથી વધુ લોકોના મોબાઈલ નંબર સરખા

(જી.એન.એસ.)ભોપાલ,તા.૧૭

મધ્ય પ્રદેશમાં કોરોના વેક્સિન લેનારા એક લાખથી વધુ લોકોનો એક જ મોબાઈલ નંબર હોવાનું સામે આવ્યું છે. જેના કારણે લોકોને બીજા ડોઝ અંગે માહિતી ન મળી શકી. આ વાત સામે આવતાં સરકારે તપાસના આદેશ આપ્યા છે.

રસીકરણ અભિયાનના ૧૧મી ફેબ્રુઆરીએ તૈયાર થયેલા એનએચએમના રિપોર્ટમાં જાણવા મળ્યું કે, રસી લેનારા ૧,૩૭,૪૫૪ કર્મચારીઓના મોબાઈલ નંબર એક સરખા છે.

### વર્ષ ૨૦૧૫થી ૨૦૨૦ દરમિયાન રાજકોટમાં ભાજપ સરકાર દ્વારા અનેક વિકાસ કાર્યો થયા, જેણે વધારી રાજકોટની રોનક

# રાજકોટની વિકાસયાત્રા ૨૦૧૫ પછી બની વિજય વિકાસયાત્રા

**રાજકોટનાં પનોતાપુત્ર વિજયભાઈ રૂપાણીએઃ ગુજરાત મ્યુનિ. ફાયનાન્સ બોર્ડના ચેરમેન ધનસુખભાઇ ભંડેરી, ગુજરાત ભાજપ પ્રદેશ અગ્રણી નીતિનભાઇ ભારદ્વાજ, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઇ મિરાણી**

રાજકોટ તા.૧૭

ગુજરાત મ્યુનિ. ફાયનાન્સ બોર્ડના ચેરમેન ધનસુખભાઈ ભંડેરી, ગુજરાત ભાજપ પ્રદેશ અગ્રણી નીતિનભાઈ ભારદ્વાજ, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મિરાણીએ એક યાદીમાં જણાવ્યું છે કે, રાજકોટ સૌરાષ્ટ્રનું પાટનગર છે ત્યારે ઝડપી વિકસતું શહેર એવું આપણે વર્ષોથી સાંભળતા આવ્યા છીએ પરંતુ આ રાજકોટના વિકાસની સાથે એનું આયોજન કેટલું સુદ્રઢ કરવું પડશે અને એને ભાવિ પડકારો માટે તૈયાર કરવું પડશે એવો વિચાર ક્યારેય થયો, જવાબ છે હા. છેલ્લા પાંચ વર્ષમાં આવો વિચાર સૌથી વધારે વાર થયો છે. ગુજરાતના મુખ્યમંત્રી અને રાજકોટના પનોતાપુત્ર શ્રી વિજયભાઈ રુપાણીએ જે રીતે રાજકોટની વિકાસયાત્રા આગળ વધારી છે તે જોઈએ તો લાગે કે આ શહેરને આગામી પંદર વર્ષના વિઝનથી વિકસાવવામાં આવી રહ્યું છે. કોઈને કલ્પના પણ ન આવે એવી હકીકત એ છે કે રાજકોટની વસતી દર વર્ષે ૩ ટકા વધે છે. આખા દેશમાં વસતીની દ્રષ્ટિએ વિકસતા શહેરમાં રાજકોટ ૭માં ક્રમે છે અને વસતીની દ્રષ્ટિએ વિશ્વનું વિકસતું આ ૨૨મું શહેર છે.

આવું શા માટે, રાજકોટની વસતી વધે છે એનો અર્થ એ નથી કે અહીં જન્મદર વધારે છે. પરંતુ સૌરાષ્ટ્રભરમાંથી અહીં લોકો રોજગારી માટે આવે છે. વિદ્યાર્થીઓ શિક્ષણ લેવા આવે છે. સૌરાષ્ટ્રના લોકોનું સ્થળાંતર અહીં થાય છે. રાજકોટની વસતી એટલા માટે વધે છે કે અહીં આંતરરાષ્ટ્રીય સ્તરની સવલતો વધી રહી છે. આરોગ્ય, પરિવહન સહિતના ક્ષેત્રે રાજકોટનો અપૂર્વ વિકાસ થઈ રહ્યો છે અને એ વિકાસ આભારી છે મુખ્યમંત્રી વિજયભાઈ રુપાણીની દુરંદેશીને.

મુખ્ય સેવક વિજયભાઈ રૂપાણીનાં નેતૃત્વમાં રાજકોટ સ્માર્ટ સિટી, ગ્રીન સિટી, ક્લીન સિટી, મેટ્રો સિટી, મેગા સિટી, વાઈ-ફાઈ સિટી,

હાઈ-ફાઈ સિટી બની રહ્યું છે. રાજકોટ એક વાઈબ્રન્ટ સિટી તરીકેની ઓળખ પ્રસ્થાપિત કરી રહ્યું છે. રાજકોટ ભૂમિ પરથી જ પોતાની રાજકીય કારકિર્દીની પ્રથમ ચૂંટણી જીતી નરેન્દ્રભાઈ મોદીએ પ્રધાનમંત્રી સુધીની સફર ખેડી છે તો રાજકોટમાંથી મેયર બની વિજયભાઈ રૂપાણીની મુખ્યમંત્રી સુધીની યાત્રા ચાલું છે.

**એઈમ્સ, એરપોર્ટ, સ્માર્ટસીટી, બસપોર્ટથી લઈ અદ્યતન આવાસ યોજનાનાં મકાનો, નલ સે જલ, ઓવરબ્રિજ, અંડરબ્રિજ, સુપર સ્પેશ્યાલિસ્ટ હોસ્પીટલ, નવી જીઆઈડીસી, નવા કોર્ટ બિલ્ડીંગ વગેરેની ભેટ શહેરને આપી છે : પરિવહન, આરોગ્યસેવા કે પ્રાથમિક સુવિધામાં રાજકોટની હરિફાઇ વૈશ્રવિક શહેરોની સાથે છે**

નરેન્દ્રભાઈ મોદી અને વિજયભાઈ રૂપાણીનાં શાસનમાં જાણે મોસાળે જમણ અને મા પીરસનાર છે એવો સંગમ રાજકોટમાં સર્જાયો છે. પાલિકાથી પાર્લામેન્ટ સુધી ભાજપનું શાસન હોવાથી વિકાસ કામોને વેગ મળ્યો છે. એમાં પણ ગુજરાતનાં મુખ્યમંત્રી રાજકોટનાં હોવાથી રાજકોટવાસીઓની પાંચે આંગળીઓ ઘીમાં છે. છેલ્લા પાંચ દાયકામાં રાજકોટનો જેટલો વિકાસ થતો ન હતો



એટલો રાજકોટનો વિકાસ વિજયભાઈ રૂપાણી મુખ્યમંત્રી બન્યા બાદ છેલ્લા પાંચ વર્ષમાં થયો છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનાં શાસનમાં રાજકોટને એરપોર્ટ જેવું આલિશાન બસપોર્ટ મળ્યું છે. ૧૧૧૭૮ ચોરસ મીટર જગ્યામાં ૧૫૬ કરોડનાં ખર્ચે બનાવાયેલું રાજકોટનું વર્લ્ડક્લાસ બસપોર્ટ આજે શહેરની શાન વધારી રહ્યું છે. વિજયભાઈ રૂપાણીનાં પ્રયત્નોથી જ સૌની યોજના થકી આજી, ન્યારી જેવા ડેમ બારેમાસ મા નર્મદાનાં નીરથી છલકાય છે ને નપાણીયુ કહેવાતું ગામ ચોવીસે કલાક પાણીની સુવિધાયુક્ત થયું છે. આજીડેમ ફિલ્ટર પ્લાન્ટ ખાતે ૧૪૫ કિલોવોટની સોલાર સિસ્ટમ સ્થપાઈ છે અને ન્યારી ડેમની ઊંચાઈ વધારાઈ છે. પાણીની સમસ્યામાંથી કાયમી મુક્ત અને નલ સે જલ યોજનાનાં અમલમાં હાલ રાજકોટ અવ્વલ છે.

રાજકોટમાં છેલ્લા પાંચ વર્ષમાં આર્થિક રીતે નબળા વર્ગનાં લોકોને આશરે ૫૪૨ કરોડ રૂપિયાનાં ખર્ચે




૮૬૦૫ અને મધ્યમ વર્ગીય લોકોને આશરે ૨૨૨ કરોડ રૂપિયાનાં ખર્ચે ૨૧૪૨ આવાસોની સોંપણી કરવામાં આવી છે. ૬ કરોડનાં ખર્ચે સિન્થેટિક એથ્લેટીક ગેટ, ૫.૫૦ કરોડનાં ખર્ચે હોકી ગ્રાઉન્ડ, ૪ લાખનાં ખર્ચે સ્કેટિંગ રીંગ સહિત રેસકોર્ષ સંકુલમાં ઈન્ડોર સ્ટેડીયમ, ફૂટબોલ ગ્રાઉન્ડ, બાસ્કેટ બોલપોર્ટ, ૬ ટેનીસ કોર્ટ, જીમ્નેશીયમ, યોગા સેન્ટર વિગેરે અનેક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આવાસ યોજનાનાં સ્માર્ટ ઘર, એ.સી. કોમ્યુનિટી હોલ, શોપિંગ સેન્ટર સાથે શહેરની શાન ગણાતા કાલાવાડરોડ, યુનિવર્સીટીરોડ, રૈયારોડ, સાધુવાસવાણીરોડ અને ૧૫૦ ફૂટ રીંગરોડ પર અત્યાધુનિક લાઈબ્રેરી, મહિલા સ્વીમીંગ પુલ, જિલ્લાગાર્ડન ખાતે ડો. બાબાસાહેબ આંબેડકર સ્મારક ભવન અને પુસ્તકાલય, શહેરનાં વિવિધ સ્થળે હરિયાણા બાગબગીચા બનવવા આવ્યા છે. એટલું જ નહીં પરંતુ લોકોને ઘર હોય પણ ઘરનું ઘર ન હોય, સૂચિત મકાન હોય તો એવા મહત્તમ સૂચિત મકાનો અને સોસાયટીઓમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સનદ વિતરણ કરી લોકોનાં ઘરનાં ઘરનું સપનું સાકાર કર્યું છે.

ગુજરાતનાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી બન્યા બાદ છેલ્લા પાંચ વર્ષમાં રાજકોટ શહેરની મધ્યમાં મળ્યું છે



**રાજકોટમાં લોક કલ્યાણકારી યોજનાઓની વણઝાર શરુ થઇ છે, લોકો જીવન જીવે છે, જીવન માણે છે**

દુનિયામાં ક્યાય પણ ન હોય એવું રાષ્ટ્રપિતા મહાત્મા



ગાંધીજીનું ગાંધી મ્યુઝિયમ, શહેરની ભાગોળે લાલપરી તળાવ પાસે મળ્યું છે પ્રદ્યુમન પાર્ક પ્રાણી સંગ્રહાલય, અને રાજકોટનાં સીમાડે મળ્યું રેસકોર્ષ-૨, અટલ સરોવર. આ સાથે રૈયા સ્માર્ટસિટી, લોધિકા જીઆઈડીસી, સુરેન્દ્રનગર-રાજકોટ-સુરેન્દ્રનગર રેલ્વે ટ્રેક, રાજકોટ-અમદાવાદ ૬ લેન હાઈવે, રાજકોટ-મોરબી ૪ લેન હાઈવે, નવી ઝ.ડ. સ્કીમ, રૂડાનો નવો ઉડ્છ, રેલ્વેની બોગી બનાવવાનું કારખાનું, સુપર સ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલ, નવી જનાના હોસ્પિટલ, ૬ નવા બ્રીજ, અર્બન ફોરેસ્ટ - રામ વન, નવું કોર્ટ બિલ્ડીંગ, નવી મામલતદાર કચેરી, નવા પોલીસ સ્ટેશનો વગેરે.. વગેરે.. કેટકેટલું.. અઢળક લોકાર્પણ-ખાતમુહૂર્તની વણજાર કરી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી રાજકોટ શહેરનો સર્વાંગી વિકાસ કરી રહ્યાં છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનાં પ્રયાસો અને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનાં પ્રેમથી આ શહેરને મળ્યા છે આંતરરાષ્ટ્રીય કક્ષાનાં એરપોર્ટ અને હોસ્પિટલ. જામનગર રોડ પર પરાપીપળીયા અને ખંઢેરીની ૨૦૦ એકર જમીનમાં અંદાજીત ૧૨૦૦ કરોડ રૂપિયાનાં ખર્ચે આશરે ૨ વર્ષનાં સમયગાળામાં એઈમ્સનું



લોકાર્પણ કરવામાં આવશે તો રાજકોટ-અમદાવાદ હાઈવે પર હિરાસર ગામ પાસે બનશે ૨૫૦૦ એકરમાં આંતરરાષ્ટ્રીય કક્ષાનું એરપોર્ટ.. મતલબ કે, આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધા આપતી હોસ્પિટલ અને એરપોર્ટથી દુનિયાનાં નકશામાં રાજકોટનું નામ રોશન થવાનું શરૂ થઈ ચૂક્યું છે.

રાજકોટ મનપામાં ભાજપ શાસન દરમિયાન સ્વચ્છતા સર્વેક્ષણ તેમજ સ્માર્ટ સિટી રેન્કિંગ અગ્રતા ક્રમ મેળવતું આવ્યું છે. મહાનગરપાલિકામાં ભાજપ સરકારની ઉત્કૃષ્ટ કામગીરીથી રાજકોટને આઈવે પ્રોજેક્ટ, હાઉસિંગ પ્રોજેક્ટ, સાયકલ શેરિંગ પ્રોજેક્ટ, સ્વચ્છતા અભિયાન, સ્વચ્છ ભારત મિશન, વગેરે માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાનાં એવોર્ડ મળી ચૂક્યા છે.

**છેલ્લા પાંચ વર્ષમાં રાજકોટનું નામ આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચ્યું છેઃ ગુજરાત મ્યુનિ. ફાયનાન્સ બોર્ડના ચેરમેન ધનસુખભાઇ ભંડેરી, ગુજરાત ભાજપ પ્રદેશ અગ્રણી નીતિનભાઇ ભારદ્વાજ, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઇ મિરાણી**

રાજકોટનાં મેયરથી લઈ ગુજરાતનાં મુખ્યમંત્રી બનેલા વિજયભાઈ રૂપાણી અને તેમની ભાજપ સરકાર લોકકલ્યાણકારી, પ્રજાહિતનાં કાર્યોથી રાજકોટને સતત ધબકતું.. વિકસતું.. ગતિશીલ.. પ્રગતીશીલ રાખી રહી છે અને એટલે જ આજે દરેક રાજકોટવાસીઓ કહી રહ્યા છે કે, રાજકોટ છે મક્કમ.. ભાજપ સાથે અડીખમ.. તા. ૨૧ ફેબ્રુઆરીએ, રાજકોટ મહાનગરપાલિકા ચૂંટણીનાં મતદાન દિવસે ભારતીય જનતા પક્ષને ફરી એકવાર મનપામાં વિજયી બનાવવા ઉત્સુક છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનાં નેતૃત્વ અને ભાજપ સરકારનાં શાસનમાં પ્રજાની સુખ, સમૃદ્ધિ, સ્વાસ્થ્યમાં વધારો કરતી સુવિધાઓ સરળતાથી ઉપલબ્ધ બનતા સમગ્ર સૌરાષ્ટ્રમાં સોનાનો સૂરજ ઉગ્યો છે. કેન્દ્રની, રાજ્યની, મનપાની ભાજપ સરકારનાં નેતૃત્વમાં વિકસિત.. સુરક્ષિત.. સ્વચ્છ.. સુશિક્ષિત.. શાંતિમય.. સૌંદર્યમય.. સંસ્કારી શહેર રાજકોટ વિકાસની નવી ક્ષિતિજો સર કરી રહ્યું છે. રાજકોટ વિકાસનું રોલમોડેલ બની રહ્યું છે. વિકાસ કોને કહેવાય? વિકાસ કેવો હોય? વિકાસને આંખે દેખ્યો જોવા, વિકાસની પ્રત્યક્ષ અનુભૂતિ કરવા અન્ય ગામ, શહેર, રાજ્યોનાં લોકો મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનાં હોમટાઉન રાજકોટ પધારી રહ્યાં છે. રાજકોટનાં વિકાસને વણથંભ્યો રાખવા શહેરીજનો ૨૧ ફેબ્રુઆરીનાં રોજ મનપા ચૂંટણીનાં મતદાન દિવસે ભાજપને ભવ્ય વિજય અપાવશે એમાં કોઈ બેમત નથી.

## ખેતીકામ માટે બાઇક પર જતાં પટેલ વૃદ્ધને ટ્રકે હડફેટે લેતાં મોત

જામનગર તા.૧૭

કાલાવડ તાલુકાના ખંઢેરા પાસેના રોડ પર આઈસર ગાડીના ચાલકે બેફીકરાઈથી ચલાવીને મોટર સાયકલને હડફેટે લેતા જામનગરના પટેલ વૃદ્ધનું ગંભીર ઈજાઓ સબબ મૃત્યુ નીપજયું હતું. આ બનાવ અંગે આઈસર ટ્રકના ચાલક સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

જામનગરના રણજીતસાગર રોડ પર પુષ્કર ધામ સોસાયટી શેરી નંબર ૫ માં રહેતા અને બ્રાસપાર્ટના ધંધાર્થી પ્રજ્ઞેશભાઈ ગોરધનભાઈ ગઢીયા ઉ.વ. ૩૩ દ્વારા આઈસર ટ્રક નંબર જીજે ૩ બી વી ૭૨૯૭ ચાલક સામે કાલાવડ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આ અંગેની વિગત મુજબ, ફરિયાદીના પિતા ગોરધન કરશનભાઈ ગઢીયા ઉંમર વર્ષ ૫૪ પોતાનો મોટરસાયકલ નંબર જીજે ૧૦સી એફ ૬૩૩૮નું લઈને જામનગરથી કાલાવડ મુકામે આવેલ તેમની વાડીએ ખેતીકામ માટે નીકળ્યા હતા.

દરમિયાન ખંઢેરા ગામના રોડ પર પહોંચતા ઉપરોક્ત નંબરના આઈસર ટ્રક ચાલકે પૂરઝડપે બેફિકરાઈથી ચલાવીને ગોરધનભાઈના મોટરસાયકલ સાથે ભટકાડી અકસ્માત સર્જાયો હતો જેમાં ગંભીર ઈજા પહોંચતા તેમનું મૃત્યુ નિપજયું હતું. જ્યારે આઈસર ચાલક ટ્રક લઈને નાસી છૂટયો હતો. જે ફરિયાદના આધારે પોલીસે ટ્રક ચાલકની શોધખોળ આદરી છે. પટેલ વૃદ્ધના મૃત્યુથી પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ જવા પામી હતી.

## જામનગરના ઈતિહાસમાં સૌપ્રથમ વખત કલેકટર દ્વારા બેલેટ પેપરનું મતદાન રદ્દ કરાયું

**હોમગાર્ડ જવાનોને વિતરણ કરવામાં આવેલા બેલેટ પેપરને મતદાન પત્ર બનાવ્યાની કોંગ્રેસની ફરિયાદઃ ૩ સેન્ટરોમાં નાખવામાં આવેલા ૪૦૦ જેટલા મત કેન્સલ કરાયાઃ ફરીથી મતદાન કરવાનો કલેકટરનો નિર્ણય**

જામનગર તા.૧૭ઃ

જામનગરના ઈતિહાસમાં સૌપ્રથમ કહી શકાય તેમ ચૂંટણીના સમયગાળામાં હોમગાર્ડ જવાનોને ફાળવવામાં આવેલા બેલેટ પેપરમાં જ મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવતા આ અંગે કોંગ્રેસ પ્રમુખ સહિતના કાર્યકરોએ વાંધો ઉઠાવ્યો હતો અને આ મતદાન રદ કરવા માટે જિલ્લા કલેકટર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. જિલ્લા કલેકટર દ્વારા હાથ ધરાયેલી ચકાસણીમાં કોંગ્રેસની રજૂઆતને પ્રાધાન્ય



મળતું હોય તેમ બેલેટ પેપરમાં થયેલા મતદાનને કલેકટર દ્વારા રદ કરવામાં આવ્યું છે અને ફરીથી મતદાન કરવાનો ઐતિહાસિક નિર્ણય કરાયો છે.

જામનગર મહાનગરપાલિકાના ચૂંટણી જંગમાં ભાજપ, કોંગ્રેસ, આમઆદમી પાર્ટી, શિવસેના સહિતના રાજકીય પક્ષો પુરજોશમાં પ્રચાર-પ્રસાર આરંભી ચૂકયા છે. મતદાનને હવે ગણતરીના દિવસો બાકી છે. તમામ પક્ષના ઉમેદવારો દ્વારા તેમની કામગીરી વધુ વેગવંતી બનાવવામાં આવી છે. આ અરસામાં સરકારી તંત્ર દ્વારા જામનગરના હોમગાર્ડ જવાનોને આજે મતદાન માટે બેલેટ પેપરનું વિતરણ કરવાની પ્રક્રિયા હાથ ધરવાના આદેશ કરવામાં આવ્યા હતા. તેના સંદર્ભે આજે શહેરના અલગ અલગ ત્રણ સ્થળો પર પોલીસ જવાનોને બેલેટ પેપરનું વિતરણ કરવામાં આવ્યું હતું.

દરમિયાન કોઈપણ કારણોસર હોમગાર્ડના આ ત્રણેય સેન્ટરો પર જવાનો દ્વારા બેલેટ પેપરને મતપત્ર ગણી સ્થળ પર જ સિક્કા લગાવી મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ અરસામાં કોંગ્રેસના ધારાસભ્ય વિક્રમભાઈ માડમ, શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજા સહિતના ઉમેદવારોને થતા તેઓ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા અને પ્રિસાઈન્ડિન્ગ ઓફીસર સહિતના લોકો સાથે આ કેન્દ્રમાં પ્રવેશ કરવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ અધિકારીઓ દ્વારા કોંગ્રેસના હોદેદારોને મતદાન મથકમાં પ્રવેશ કરવા દેવામાં આવ્યો ન હતો. તેના કારણે ભારે હંગામો મચી જવા પામ્યો હતો. કોંગ્રેસના હોદેદારો અને કાર્યકરો દ્વારા આ મતદાન પ્રક્રિયાનો ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો.

## જોડીયાના કેશીયા પાસે રેતી ભરેલો ટ્રક પલ્ટી ખાઇ ગયોઃ જાનહાની ટળી

જામનગર તા.૧૭

જામનગર-જોડીયા ધોરીમાર્ગ પર કેશીયા ગામ પાસે નવા બનાવવામાં આવેલા રોડની એક બાજુની કિનારી ફસકી જતાં તેના પરથી આજે સવારે રેતી ભરેલો એક ટ્રક આડો પડી ગયો હતો. જો કે, આ અકસ્માતમાં કોઈ જાનહાની થઈ નથી પરંતુ નવા બનેલા રોડની ગુણવત્તા સામે સવાલો ઉભા થયા છે. રોડ પર વેરવિખેર પડેલી રેતીને પોલીસે સાઈડમાં કરાવી વાહનવ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો.

જામનગરથી જોડીયા વચ્ચેના ધોરીમાર્ગ પર કેશીયા ગામ પાસેથી આજે સવારે રેતી ભરીને પસાર થતાં જીજે-૧૦-ટીએકસ-૫૩૧૦ નંબરના ટ્રકે તેના ચાલકના કાબુ બહાર જઈ પલ્ટી મારી હતી. રોડ પર આડા પડી ગયેલા ટ્રકમાંથી રેતી રોડ પર રેલાઈ



ગઈ હતી. આ અકસ્માતમાં સદનશીબે કોઈ જાનહાની થઈ નથી.ઉલ્લેખનીય છે કે, જે સ્થળે અકસ્માત સર્જાયો છે તે રોડ તાજેતરમાં જ નવો બનાવવામાં આવ્યો છે તેમ છતાં સાઈડમાંથી આ રોડ ફસકી જતાં રેતી ભરેલો ટ્રક રમકડાની માફક ગડથોલીયું ખાઈ ગયો હતો. નવા જ રોડ પર આ રીતે કિનારીઓ ફસકી જતી હોય તો રોડનું કામ કેવી ગુણવત્તાનું હશે તે વિચારવાનું રહ્યું. અકસ્માતની જાણ થતાં પોલીસ બનાવના સ્થળે ધસી ગઈ હતી.

## હાપા-મડગાંવ અને પોરબંદર- સિકંદરાબાદ સાપ્તાહિક ટ્રેન દર બુધવારે દોડશે

જામનગર તા.૧૭

રેલવે મુસાફરોની સુવિધાને ધ્યાને લઈને હાપા-મડગાંવ અને પોરબંદર-સિકંદરાબાદ વચ્ચે સ્પેશીયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.હાપા-મડગાંવ ૦૨૯૦૮ નંબરની સુપરફાસ્ટ સ્પેશ્યલ ટ્રેન દર બુધવારે રાત્રે ૯-૪૦ કલાકે હાપાથી રવાના થશે અને બીજા દિવસે રાત્રે ૯ વાગ્યે મડગાંવ પહોંચશે. ૨૪ થી આ ટ્રેન શરૂ થશે અને ૦૨૯૦૭ મડગાંવ - હાપા સુપરફાસ્ટ સ્પેશ્યલ ટ્રેન દર શુક્રવારે મડગાંવથી સવારે ૧૧-૨૦ કલાકે રવાના થશે અને બીજા દિવસે સવારે ૯-૩૫ કલાકે હાપા પહોંચશે. આ ટ્રેન ૨૬થી શરૂ થશે. બીજો આ તરફ આ ટ્રેન રાજકોટ, સુરેન્દ્રનગર, વિરમગામ, અમદાવાદ, નડીયાદ, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, વાપી, વસઈ રોડ, પનવેલ રોડ, રત્નાગીરી કુડાલ અને શિવમ સ્ટેશને રોકાશે. એસી ૨ ટાયર, એસી-થ્રી ટાયર, સ્લિપર કલાસ અને સેકન્ડ સીટીંગ કોચ જોડાશે. આ ઉપરાંત ૦૯૨૦૪ પોરબંદર સિકંદરાબાદ સ્પેશીયલ ટ્રેન દર મંગળવારે રાત્રે ૧૨-૫૦ કલાકે અને બીજા દિવસે સવારે ૮-૨૦ કલાકે સિકંદરાબાદ પહોંચશે. તા. ૨૩ થી આ ટ્રેન શરૂ થશે તેવી જ રીતે ૦૯૨૦૩ સિકંદરાબાદ-પોરબંદર સ્પે.ટ્રેન પ્રત્યેક બુધવારે સિકંદરાબાદથી બપોરે ત્રણ વાગ્યે રવાના થશે. તા. ૨૪-૨-૨૦૨૧ થી આ ટ્રેન શરૂ થશે. બંન્ને તરફની દિશામાં આ ટ્રેન જામનગર, હાપા, રાજકોટ, સુરેન્દ્રનગર, વિરમગામ, અમદાવાદ, નડીયાદ, આણંદ, વડોદરા, અંકલેશ્વર, સુરત, વલસાડ, વાપી, બોઈસર, વસઈ, રોડ, ભીવંડી, કલ્યાણ,પૂર્ણે દૌડ રોડ, સોલાપુર, કાલાબુરગી વાડી, તંદુર, અને બેગમપર સ્ટેશને ઉભી રહેશે.

## જામનગરના ફાયરિંગ પ્રકરણનો શાર્પશુટર ઝડપાયો : પોલીસ કબ્જો લેવા યુપી રવાના

જામનગર, તા.૧૭

જામનગરના એક બિલ્ડર પરના ફાયરીંગમાં સંડોવાયેલા ઉત્તરપ્રદેશના એક શાર્પશુટરને યુપીની એસટીએફએ પકડી પાડ્યો છે. આ આરોપીનો કબ્જો લેવા જામનગર પોલીસ યુપી દોડી ગઈ છે. જામનગરના રણજીત સાગર રોડ પર આવેલા ઈવા પાર્કમાં થોડા દિવસ પહેલા બિલ્ડર ટીનાભાઈ પેઢડીયા ઉર્ફે જયસુખ પર બે બાઈકમાં આવેલા ચાર શખ્સે ફાયરીંગ કર્યાનો બનાવ બન્યો હતો. ઈજાગ્રસ્તના ભાઈ હસમુખ પેઢડીયાએ પોતાના ભાઈ પર કુખ્યાત ભૂમાફિયા જયેશ પટેલે ફાયરીંગ કરાવ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. બનાવની જાણ થતાં દોડી ગયેલી પોલીસે ફાયરીંગ કરી પલાયન થઈ ગયેલા શખ્સોની શોધ શરૂ કરી હતી. તે પછી એલસીબીએ કાયદાથી સંઘર્ષિત એક કિશોર સહિત સાતને અને સિટી એ ડિવિઝન પોલીસે અન્ય એકને પકડી પાડી પૂછપરછ કરતા ફાયરીંગ કરવા માટે જયેશ પટેલે સોપારીની રકમમાંથી રૂપિયા પાંચેક લાખ અને હથિયાર અમદાવાદથી મોકલાવ્યાની વિગત પ્રકાશમાં આવી હતી. સાત આરોપીને પોલીસે દસ-દસ દિવસના રિમાન્ડ પર લીધા હતાં જેમાં આરોપીઓએ ઉત્તરપ્રદેશના મુનીરામ અને પંકજકુમાર નામના બે શાર્પશુટર પણ સંડોવાયા હોવાની કબુલાત આપી હતી તે બંન્ને શખ્સની પણ શોધ કરાઈ રહી હતી. જેમાં સોમવારે ઉત્તરપ્રદેશની સ્પેશ્યલ ટાસ્કફોર્સે પંકજકુમારની અટકાયત કરી છે. તેનો કબ્જો લેવા માટે જામનગરથી પોલીસ કાફલો ઉત્તરપ્રદેશ પહોંચ્યો છે.

## જામનગર જિલ્લા પંચાયતના ૭ અને ૬ તાલુકા પંચાયતોના ૨૫ ફોર્મ પાછા ખેંચાયા

જામનગર, તા.૧૭

જામનગર જિલ્લા પંચાયતની ૨૪ બેઠક માટેની સામાન્ય ચૂંટણીમાં ગઈકાલે સાત ઉમેદવારી પત્રો પાછા ખેંચાયા હતાં. હવે ૮૨ ઉમેદવારો મેદાનમાં છે, જ્યારે છ તાલુકા પંચાયતમાં ૨૫ ફોર્મ પાછા ખેંચાતા ૩૩૩ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં રહ્યા છે.

જામનગર જિલ્લા પંચાયતની ૨૪ બેઠક માટે કુલ ૮૯ ઉમેદવારી પત્રો ભરાયા હતાં, જેમાંથી ગઈકાલે ૭ ફોર્મ પાછા ખેંચાયા હતાં. પરિણામે હવે ૮૨ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં રહ્યા છે. આથી હવે ૮૨ ઉમેદવારો માટે આગામી ૨૮ મીએ મતદાન થશે, જેમાં ભાજપના ૨૪, કોંગ્રેસના ૨૪, બસપાના ૬, એનસીપી-૧, આપ-૧૭ અને અપક્ષ ૧૦ ઉમેદવારોનો સમાવેશ થાય છે. જામનગર જિલ્લાની છ તાલુકા પંચાયતની કુલ ૧૧૨ બેઠક માટે ભરાયેલા ૩૫૯ ફોર્મમાંથી ગઈકાલે ૨૫ ઉમેદવારી પત્રો ભરાયા હતાં. હવે ૩૩૩ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં રહ્યા છે, જ્યારે જામજોધપુરમાં એક બેઠક બીનહરીફ થઈ ચૂકી છે. જામનગર તાલુકા પંચાયતની ૨૬ બેઠક માટે માન્ય રહેલા ૮૪ ફોર્મમાંથી ચાર ફોર્મ પાછા ખેંચાતા હવે ૮૦ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. કાલાવડ તાલુકા પંચાયતની ૧૮ બેઠક માટે માન્ય રહેલા ૫૮ ફોર્મમાંથી કોઈ ફોર્મ પાછા ખેંચાયા ન હતાં. લાલપુર તાલુકા પંચાયતની ૧૮ બેઠકોની ચૂંટણી માટે ૬૨ માન્ય ફોર્મમાંથી ૧૧ ફોર્મ પાછા ખેંચાતા હવે ૫૧ ઉમેદવારો વચ્ચે જંગ જામશે. જામજોધપુર તાલુકા પંચાયતની ૧૮ બેઠકો માટે ૭૨ માન્ય ફોર્મમાંથી ૮ ફોર્મ પાછા ખેંચાતા અને એક બેઠક બિનહરીફ થતા હવે ૬૩ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. ધ્રોળ તાલુકા પંચાયતની ૧૬ બેઠક માટેના કુલ ૪૦ ફોર્મમાંથી બે ફોર્મ પાછા ખેંચાયા છે. આથી હવે ૩૮ ઉમેદવારો મેદાનમાં છે, તેમજ જોડિયા તાલુકા પંચાયતની ૧૬ બેઠક માટે ૪૩ ફોર્મ માન્ય રહ્યા હતાં. જેમાંથી કોઈ ફોર્મ પાછું ખેંચાયું નથી. આથી તમામ ૪૩ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે.

# પોરબંદર ખાતે સંદીપની આશ્રમમાં હરિ મંદિરના ૧૫ મા પાટોત્સવની ઉજવણી



ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૭

જેમ ભાગવત એ ભગવાન શ્રીકૃષ્ણનું વાંગ્મય સ્વરૂપ છે તેમ રામાયણ એ ભગવાન શ્રીરામનું વાંગ્મય સ્વરૂપ છે. આપણે તો અન્નને પણ બ્રહ્મની ઉપમા અપાઈ છે. માટે જ આપણે ત્યાં રામરોટી શબ્દ છે. અહીં તો રામકથારૂપી રોટી છે, તેમાં ભરતના રામપ્રેમરૂપી પીયૂષ-અમૃત વગર આવી રોટી શક્ય ન બને અર્થાત્ તૃપ્તિ ન આવે. એ જ રીતે રામકથારૂપી રોટી દ્વારા આધ્યાત્મિક ક્ષુધાને તૃપ્ત કરે છે, એમ સંત શ્રી રમેશભાઈ ઓઝાએ રામકથાનાં ત્રીજા દિવસે, સોમવારે પોરબંદર સ્થિત સાંદીપનિ વિદ્યાનિકેતન ખાતેથી જણાવ્યું છે.

ઉલ્લેખનીય છે કે સંત રમેશભાઈ ઓઝાના સાનિધ્યમાં સાંદીપનિ વિદ્યાનિકેતનમાં પ્રતિ વર્ષ મુજબ આ વર્ષે પણ શ્રીહરિ મંદિરનો ૧૫મો પાટોત્સવ-વર્ષ ૨૦૨૧, તા. ૧૩/૦૨/૨૦૨૧ થી ૨૧/૦૨/૨૦૨૧ દરમ્યાન ધાર્મિક, આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને સેવાકીય પ્રવૃત્તિઓ સાથે યોજાશે. આ વર્ષે કોવિડ-૧૯ની મર્યાદા અને સરકારની માર્ગદર્શિકાને ધ્યાને લઈને મર્યાદિત ભાવિકોની ઉપસ્થિતિમાં આ સંપૂર્ણ ઉપક્રમ યોજાઈ રહ્યો છે. અન્ય ભાવિકો પોતાના ઘરેથી જ સોશ્યલ મીડિયાના માધ્યમથી પાટોત્સવ-દર્શનમાં જોડાયા છે. કથા દરમ્યાન ભાઈશ્રીએ જણાવ્યું કે ભરતનું જીવન પણ સમુદ્ર જેવું ગંભીર છે.

ભીતરથી ગંભીર છે. લક્ષ્મણજીનો રામપ્રેમ સૌને દેખાતો હતો, પરંતુ ભરતજીનો રામપ્રેમ સૌને દેખાતો નહોતો. ભરતજીના ગુપ્તપ્રેમને પ્રગટ કરવા માટે મંથન જરૂર છે.

# પોરબંદરમાં વસંતપંચમીની સાદાઈ પૂર્વક ઉજવણી

## કોરોનાને પગલે પ્રતિમા સ્થાપના, વિસર્જન સહિતના કાર્યો મોકૂફ રાખ્યા



ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૭

પોરબંદરમાં બંગાળી પરિવાર દ્વારા આ વખતે કોરોનાને પગલે વસંતપંચમીને દિવસે સાદાઈથી ધાર્મિક કાર્યની ઉજવણી કરી છે.બંગાળી પરિવારોમા વસંતપંચમીનું ખાસ મહત્વ રહ્યું છે. આ દિવસે માતા સરસ્વતીની પૂજન સાથે ધાર્મિક કાર્યો કરવામાં આવે છે. પોરબંદરમાં બંગાળી પરિવાર દ્વારા ૧૯૬૫થી દરવર્ષે વસંતપંચમીના દિવસે ભક્તિપૂર્ણ માતા સરસ્વતીના પૂજન સહિત ૨ દિવસીય ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે અને માતા સરસ્વતીની મૂર્તિ બનાવી સ્થાપના સહિતના ધાર્મિક આયોજન ઉપરાંત બીજે દિવસે વિસર્જન સહિત આયોજન કરવામાં આવતું હતું.

પરંતુ આ વખતે કોરોના ની મહામારીનો પગલે વસંતપંચમીના દિવસે બંગાળી પરિવાર દ્વારા સાદગી પૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. બે દિવસને બદલે એક દિવસ કાર્યક્રમ યોજાયા હતા. આ વખતે પ્રતિમા ની સ્થાપના અને વિસર્જન મોકૂફ રાખવામાં આવ્યું હતું. માતા સરસ્વતીનો ફોટો રાખીને ધાર્મિક કાર્ય યોજાયું હતું. તેમજ સામાજિક અંતર જાળવી બંગાળી પરિવારની ઉપસ્થિતિમાં કોરોનાની ગાઈડલાઈન ની અમલવારી સાથે ધાર્મિક કાર્યો કરવામાં આવ્યા હતા. વસંતપંચમીના દિને નાના બાળકોએ પાટી પર અક્ષર લખી શુભ શરૂઆત કરી

વસંતપંચમીના દિવસે વિદ્યા ના દેવી માતા સરસ્વતીના આશીર્વાદ રહે અને બાળકોને સદબુદ્ધિ આપે તેવા શુભ હેતુથી બંગાળી પરિવારના નાના બાળકોએ પાટી પર ૐ સહિતના અક્ષરો લખી ફૂલ ચઢાવી અભ્યાસ માટેની શુભ શરૂઆત કરી હતી.

# પોરબંદર-સિકંદરાબાદ સ્પેશિયલ ટ્રેન ૨૩ ફેબ્રુઆરીથી દોડશે

## ટિકિટ બુકિંગ ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૧ થી શરૂ થશે

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૭

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રિયોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને પોરબંદર-સિકંદરાબાદ સાપ્તાહિક વિશેષ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેનની વિગતો નીચે મુજબ છે. ટ્રેન નંબર ૦૯૨૦૪ પોરબંદર-સિકંદરાબાદ સાપ્તાહિક સ્પેશિયલ પોરબંદરથી ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૧ થી આગળની સૂચના સુધી દર મંગળવારે ૦૦:૫૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૦૮.૨૦ વાગ્યે સિકંદરાબાદ પહોંચશે. વાપસીમાં, ટ્રેન નંબર ૦૯૨૦૩ સિકંદરાબાદ-પોરબંદર સાપ્તાહિક સ્પેશિયલ તા.૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૧ થી દર બુધવારે સિકંદરાબાદથી ૧૫:૦૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૨૨.૦૫ વાગ્યે પોરબંદર પહોંચશે. આ ટ્રેન રૂટમાં, જામનગર, હાપા, રાજકોટ, સુરેન્દ્રનગર, વિરમગામ, અમદાવાદ, નડિયાદ, આણંદ, વડોદરા, અંકલેશ્વર, સુરત, વલસાડ, વાપી, બોઈસર, વસઈ રોડ, ભિવંડી રોડ, કલ્યાણ જં., પૂણે, દૌંડ જં., સોલાપુર જંકશન, કલબુર્ગી, વાડી, તંદૂર અને બેગમપેટ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનનું બુકિંગ નિયુક્ત પીઆરએસ કાઉન્ટર્સ અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૧ થી શરૂ થશે. યાત્રી ઉપરોક્ત વિશેષ ટ્રેનની વિસ્તૃત માહિતી માટે www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકશે.

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના જિલ્લા માઈનોરીટી અધ્યક્ષ અને જિલ્લા કોંગ્રેસના પ્રવક્તા નિયુક્ત



ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૧૭

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમીતભાઈ ચાવડા, જૂનાગઢ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ નટુભાઈ પોકિયા અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ માઈનોરીટી ડીપાર્ટમેન્ટ ના પ્રદેશ અધ્યક્ષ શેરખાન ને સહમતિથી જૂનાગઢ જિલ્લાના માઈનોરીટી ડીપાર્ટમેન્ટના જિલ્લા અધ્યક્ષ પદે મુસ્લિમ સમાજમાં મોટો દબદબો ધરાવતા અને પૂર્વ આચાર્ય રહી ચૂકેલ હાસમભાઈ નુરમહંમદભાઈ હિંગોરાની નિમણૂક કરવામાં આવેલ હતી આવનારા દિવસોમાં કોંગ્રેસ પક્ષ વધુ મજબૂત બનશે અને યુવાનો વધુમાં વધુ પક્ષમાં જોડાઈ પક્ષને વફાદાર રહી કામ કરશે. તેવું હાસમભાઈ નૂરમોહમ્મદ હિંગોરા જણાવ્યું હતું. તેમજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડા, નટુભાઈ પિકિયાની સૂચનાથી જૂનાગઢ જિલ્લા કોંગ્રેસના પ્રવક્તા તરીકે વંથલી નગર પાલિકાના ત્રણ પ્રમુખ રહી ચુકેલ ને પત્રકાર ની માસ્ટર ડિગ્રી ધરાવતા સિરાજભાઈ હારૂનભાઈ વાજા ની નિયુક્તિ કરવામાં આવેલ હતી. ત્યારે આવા લોકો થી પ્રેરાય કોંગ્રેસ વધુ મજબૂત બનશે એવું સિરાજ વાજા એ જણાવ્યું હતું.

# પોલીસ કોન્સ્ટેબલે તેના નિવાસસ્થાને ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો

## માંદગીના કારણે આત્મહત્યા કરી



ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૭

ખારઘર પોલીસ સ્ટેશનમાં કામ કરતા એક કોન્સ્ટેબલે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો છે. આ ઘટના બે દિવસ પહેલા બની હતી જ્યારે એક પોલીસ અધિકારીએ એપીએમસી પોલીસ સ્ટેશનમાં છાતીમાં ગોળી વાગી હતી.આ ઘટનાથી નવી મુંબઈ પોલીસ કમિશનરમાં ખળભળાટ મચી ગયો છે.

ખારઘર પોલીસ સ્ટેશનમાં તૈનાત પોલીસ કોન્સ્ટેબલ સંતોષ નામદેવ પાટિલ (૪૭) નવી પનવેલની સરસ્વતી સહકારી ગૃહ નિર્માણ સોસાયટીમાં રોકાયો હતો. સોમવારે રાત્રે પોણા બાર વાગ્યાની વચ્ચે તેને ફાંસો ખાધો હતો.. તે સમયે તેની પત્ની અને બે દીકરીઓ ઘરે હતી. લાંબા સમય સુધી દરવાજો બંધ હતો અને અંદરથી કોઈ જવાબ મળ્યો ન હતો.જેને લઈને દરવાજો તોડવામા આવતા તેણે ફાંશો ખાધેલ અવસ્થામા જોવા મળ્યો હતો.. તે જ સોસાયટીમાં રહેતા અને વશી પોલીસ સ્ટેશનના રહેવાસી સતીષ પવાર તેને તેરણા હોસ્પિટલમાં લઈ ગયા હતા જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. માંદગીના કારણે સંતોષ નામદેવ પાટિલ થોડા દિવસ રજા પર હતા.ખારઘર પોલીસે જણાવ્યું કે તેણે માંદગીના કારણે આત્મહત્યા કરી હતી. ઘટનાની જાણ થતાં ખારઘર પોલીસ સ્ટેશનના સિનિયર પોલીસ ઈન્સ્પેક્ટર શત્રુઘ્ન માળી ઘટના સ્થળે પહોંચી ગયા હતા. જાણવા મળ્યું છે કે પાટિલના અંતિમ સંસ્કાર તેમના વતન પાચોરા ખાતે કરવામાં આવશે.

# મુસ્લીમ વિકલાંગને સાયકલ અર્પણ કરી "જલ્લા સો અલ્લાહ" સાર્થક કરતુ મોરબી શ્રી જલારામ પ્રાર્થના મંદિર



ચક્રવાત ટીમ મોરબી, તા.૧૭

દરિયાલાલ ઈલેક્ટ્રોનિક્સના સૌજન્યથી શ્રી જલારામ પ્રાર્થના મંદિર-મોરબી દ્વારા ડાયાબિટીસમા વિકલાંગ બનેલ મુસ્લીમ વિકલાંગ હુશેનશા શામદારને ટ્રાયસિકલ અર્પણસંસ્થાના પ્રમુખ ગીરીશભાઈ ઘેલાણી, મો.ન.પા. પૂર્વ ચેરમેન ભાવીન ઘેલાણી, જગુભાઈ તુલસીયાણી (દરિયાલાલ ઈલેક્ટ્રોનિક્સ), દીનેશભાઈ ભોજાણી (દીનુમામા), રઘુવંશી યુવક મંડળ-મોરબી પ્રમુખ ડેનિશ ભાઈ કાનાબાર, લોહાણા વિદ્યાર્થી ભવન-મોરબી મંત્રી અશોક ભાઈ પાવાગઢી, કે.પી.ભાગીયા આમદશા શામદાર, ફીરોઝભાઈ ફકીર ની પ્રેરક ઉપસ્થિતી મા કાર્યક્રમ યોજાયો.

વિવિધ પ્રકારની માનવ સેવા પ્રદાન શ્રી જલારામ પ્રાર્થના મંદિર-મોરબી દ્વારા હરહંમેશ સામાજીક જવાબદારીનુ વહન કરવામા આવે છે ત્યારે કોઈ પણ પ્રકારના નાત-જાતના ભેદભાવ વિના સેવા પ્રદાન કરતી મોરબીની આ સંસ્થા દ્વારા મુસ્લીમ વિકલાંગને સાયકલ અર્પણ કરી સામાજીક સમરસતા તથા કોમી એકતાનુ ઉમદા દ્રષ્ટાંત પુરુ પાડ્યુ છે.

મોરબી ભવાની ચોક નિવાસી હુસેનશા શામદાર કલર કામના વ્યવસાય સાથે જોડાયેલ હતા. તેમને ડાયાબિટીસનો રોગ થયા બાદ પગ ના ભાગ મા ઈજા થતા તેમા રુજ ન આવતા તેમનો પગ કપાવવો પડ્યો હતો જેથી તેઓ દયનિય પરિસ્થિતી મા જીવન ગુજારી રહ્યા હતા ત્યારે મોરબી જલારામ પ્રાર્થના મંદિર ના અગ્રણીઓ તેમની વહારે આવ્યા હતા. શ્રી દરિયાલાલ ઈલેક્ટ્રોનિક્સ તથા શ્રી દરિયાલાલ ફેશન ના સહયોગ થી મુસ્લીમ વિકલાંગ ને ટ્રાયસિકલ અર્પણ કરવા મા આવી હતી. આ તકે સંસ્થા ના પ્રમુખ ગીરીશભાઈ ઘેલાણી, મો.ન.પા. પૂર્વ ચેરમેન ભાવીન ઘેલાણી, જગુભાઈ તુલસીયાણી, સહીત ના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# પોરબંદરમાં ચૂંટણીને ધ્યાને લઈ પોલીસે કર્યુ સઘન પેટ્રોલીંગ

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૭

પોરબંદરમાં ચુંટણી અનુસંધાને પોલીસ દ્વારા સઘન પેટ્રોલીંગ હાથ ધરીને સંવેદનશીલ વિસ્તારોમાં પગપાળા પોલીસ ચાલી હતી.શહેર અને જીલ્લામાં આગામી ચુંટણી-૨૦૨૧ અનુસંધાને પોરબંદર જીલ્લાના પોલીસ અધિક્ષક ડો.રવીમોહન સૈનીના સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ જવાનો દ્વારા શહેર અને જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુચારૂં જળવાય રહે તે માટે શહેરના તમામ પોલીસ સ્ટેશનોના વિસ્તારોમાં સઘન પેટ્રોલીંગ કરવામાં આવી રહ્યુ છે.

પોરબંદર શહેર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક જે.સી. કોઠીયા ના માર્ગદર્શન મુજબ કીર્તિમંદિર પોલીસ સ્ટેશનના પીઆઈ એચ.એલ.આહિર તથા ડી-સ્ટાફ પીએસઆઈ આર.એલ. મકવાણા તથા કીર્તિમંદિર પોલીસ સ્ટાફના જવાનોએ પગપાળા નીકળીને કીર્તિમંદિરના વિસ્તારોમાં ફૂટ પેટ્રલીંગ કર્યુ હતુ અને દેશી-વિદેશી દારૂના ગુનાઓ બલદ કેસો દાખલ કરવામાં આવ્યા હતા. શહેરમાં આગામી નગરપાલીકાની ચુંટણી દરમ્યાન કાયદો વ્યવસ્થા સુચારૂં જળવાય રહે તે માટે પોલીસ જવાનોને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# વાંકાનેર : આણંદપર નજીકથી ચાર બોટલ વિદેશી દારૂ સાથે બે ઝડપાયાં

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૧૭

વાંકાનેર તાલુકાના આણંદપર ગામના પાટિયા પાસેથી વાંકાનેર તાલુકા પોલીસ દ્વારા ચાર બોટલ વિદેશી દારૂ સાથે બે શખ્સોની ધરપકડ કરવામાં આવી હતી. જે બનાવમાં પોલીસે બંને આરોપીઓ સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ વાંકાનેર તાલુકા પોલીસ સ્ટાફ તાલુકાના આણંદપર ગામના પાટિયા પાસે વોચમાં હતો તે દરમિયાન ત્યાંથી શંકાસ્પદ હાલતમાં ડબલ સવારી હિરો સ્પ્લેન્ડર બાઈક નંબર GJ 3 LJ ૩૪૦૧ નિકળતા તેને અટકાવીને તલાસી લેતાં તેમાંથી ચાર બોટલ વિદેશી દારૂની મળી આવી હતી જેથી પોલીસે રૂપિયા ૧,૫૦૦ ની કિંમતના દારૂના જથ્થા સહિત કુલ રૂ.૩૧,૫૦૦ નો મુદામાલની જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવમાં વાંકાનેર તાલુકા પોલીસે સ્થળ ઉપર આરોપી ઠાકરશી ગોરધન ગોહિલ (કોળી, ઉ.વ.૨૬, રહે. સરતાનપર, તા. વાંકાનેર, મૂળ રહે. બંધાણી, તા. વિછીયા જી.રાજકોટ) અને રવિ અરવિંદ કટકીયા (ઉ.વ. ૨૧, રહે. સરતાનપર તા.વાંકાનેર, મૂળ રહે.વાલુકડ તાલુકો ઘોઘા જી.ભાવનગર)ની અટકાયત કરી બંને વિરૂધ્ધ પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પોરબંદર નગરપાલિકા ચૂંટણીમાં ૧૪૧ ઉમેદવારો વચ્ચે જંગ

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૭

પોરબંદર જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ફોર્મ પરત ખેંચવાની મુદતતના અંતિમ દિવસે પોરબંદરની ૫ ચુંટણી પૈકી પોરબંદર નગરપાલિકા પોરબંદર જિલ્લા પંચાયત પોરબંદર તાલુકા પંચાયત રાણાવાવ તાલુકા પંચાયત કુતિયાણા તાલુકા પંચાયત અમુક ઉમેદવારોએ ફોર્મ પાછા ખેંચ્યા છે તો અમુક ઉમેદવારોના ફોર્મ અમાન્ય રહ્યા છે ત્યારે પાલિકાની ચુંટણીમાં ૧૪૧ ઉમેદવારો, જીલ્લા પંચાયતની ચુંટણીમાં ૪૦ અને તાલુકા પંચાયતની ચુંટણીમાં ૧૨૮ ઉમેદવારો મેદાને રહ્યા છે.

પોરબંદર-છાંયા સંયુકત નગરપાલિકાની ચુંટણીમાં કુલ ૧૫૧ ઉમેદવારો દ્વારા ૧૫૫ ફોર્મ ભરવામાં આવ્યા હતા. જે પૈકી ૧૩ ફોર્મ અમાન્ય રહ્યા છે જયારે એકે ઉમેદવારીનું ફોર્મ પરત ખેંચ્યું છે તેથી ૧૪૧ ઉમેદવારો વચ્ચે ચુંટણીનો જંગ ખેલાશે જેમાં ભાજપ-કોંગ્રેસ તમામ ૧૩ વોર્ડમાં બાવન-બાવન ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે જયારે આમ આદમી પાર્ટીએ ૨૧ ઉમેદવારો, બહુજન સમાજ પાર્ટીએ ૧૧ ઉમેદવારોને તથા અપક્ષો પાંચ મળી કુલ ૧૪૧ ઉમેદવારો વચ્ચે ૨૮મી ફેબ્રુઆરીના ચુંટણી જંગ યોજાશે.

પોરબંદર જીલ્લા પંચાયતની ચુંટણીમાં કુલ ૪૨ ફોર્મ ભરવામાં આવ્યા હતા જે પૈકી ૧ ફોર્મ અમાન્ય રહ્યું છે અને એક ઉમેદવારે પોતાની દાવેદારી પરત ખેંચી છે તેથી કુલ ૪૦ ઉમેદવારો વચ્ચે જંગ યોજાશે જેમાં ભાજપ-કોંગ્રેસના ૧૮-૧૮, બસપા ના ૩ અને આમ આદમી પાર્ટીના એક ઉમેદવારનો સમાવેશ થાય છે.

પોરબંદર તાલુકા પંચાયત માટે કુલ ૧૪૩ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા જેમાંથી ૧૧ ફોર્મ અમાન્ય અને ચારે દાવેદારી પરત ખેંચી લેતા ૧૨૮ ઉમેદવારો વચ્ચે ચુંટણીનો જંગ યોજાશે જેમાં ભાજપ-કોંગ્રેસના ૫૪-૫૪ ઉમેદવારો, આમ આદમી પાર્ટીના ૬, બહુજન સમાજ પાર્ટીના ૪ અને અપક્ષ ૧૦ સહિત કુલ ૧૨૮ ઉમેદવારો ચુંટણી લડી રહ્યા છે. જેમાં કુતિયાણા તાલુકામાં ૩૩, રાણાવાવ તાલુકામાં ૪૧ અને પોરબંદર તાલુકામાં ૫૪ ઉમેદવારો મેદાને છે.

# રાણાવાવ મોકર ગામનીશિક્ષિકાની કૃતિ નેશનલ લેવલ ટોય ફેર માટે પસંદ કરાઈ



ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૭

પોરબંદર જિલ્લાના શ્રી મોકર પ્રાથમિક શાળાના શિક્ષિકા લાખાણા ભાવિશાબેન દ્વારા નિર્મિત શૌક્ષણિક રમકડુ સરવાળા બોક્સ અને સંખ્યા રચક ભારતના પ્રથમ નેશનલ લેવલ ટોય ફેર-૨૦૨૧ માટે પસંદગી પામેલ છે. આ રમકડા દ્વારા વિધાર્થી જાતે રમતા રમતા ગણિત શીખે છે. ગણિત વિષય પ્રત્યે રસ ઉતપન્ન થાય છે. તેમજ ધ્યાન એકાગ્ર કરી શકે છે. રમકડાની આ વિશિષ્ટતાને કારણે તેની પસંદગી જિ.સી.ઈ.આર.ટી ગાંધીનગર ખાતે સ્ટેટ લેવલ ટોયફેર-૨૦૨૧માં શ્રેષ્ઠ રમકડા તરીકે નેશનલ લેવલ ટોય ફેર-૨૦૨૧માં પસંદગી કરાઈ છે.

# ઊનાના નવાબંદર ગામે આગ લાગતા લોકોમાં ભાગદોડ મચી



ચક્રવાત ટીમ ઉના, તા.૧૭

ઊનાના નવાબંદર ગામના સાંઢીયા શેરી ખાણ વિસ્તારમાં આવેલ પથ્થરની પડતર ખાણ ફરતે રહેણાંકીય મકાનો આવેલા છે. જેમાં અનેક લોકોનો વસવાટ હોય અને આ ખાણમાં લાકડાઓ તેમજ કચરોમાં રાત્રીના બાર વાગ્યાની આસપાસ અચાનક કોઈ કારણોસર આગ ભભૂકી ઉઠી હતી. અને આગ લાગતા વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા આજુબાજુમાં વસતા લોકોને ધ્યાને પડતાજ આ વિસ્તારમાં ભાગદોડ મચી ગયેલ હતી. અને ગામના સરપંચ સોમવારભાઈ મજેઠીયાને જાણ કરતા ઘટના સ્થળે દોડી જઈ ફાયર ફાઈટરને જાણ કરતા તેમના સ્ટાફ સાથે ઘટના સ્થળે દોડી જઈ આગ પર પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી. આગના કારણે લાકડાઓ બળીને ખાખ થયા હતા. અને કોઈ જાનહાની થઈ ન હતી. ફાયર ફાઈટર દ્વારા આગને કાબુમાં લેતા મોટી જાનહાની ટળી હતી. જોકે આગ લાગી એ વિસ્તારમાં અનેક રહેણાંક મકાનો આવેલા હોવાથી લોકોના જીવ અધ્ધર થઈ ગયા હતા. જોકે આ ખાણમાં પથ્થરો કાઢ્યા બાદ ઘણા વર્ષોથી પડતર હોવાથી આ વિસ્તારમાં વસવાટ કરતા લોકોને પણ જાનહાની થવાનો ભય રહે છે.

# મન્સુરી પીંજારા સમાજ દ્વારા જોડીયા રેફરલ હોસ્પિટલ ખાતે ખત્ના કેમ્પ



ચક્રવાત ટીમ હડિયાણા, તા.૧૭

જોડીયામાં સુન્ની મુસ્લિમ પીંજારા સમાજનાં અગ્રણઓ દ્વારા ખત્ના કેમ્પનું આયોજન કરવામાં આવેલ જોડીયા ગામમાં આવા કેમ્પનું આયોજન પ્રથમવાર કરવામાં આવેલ જેમાં જોડીયા પીંજારા સમાજનાં અગ્રણીઓને આ કેમ્પના આયોજન માં સફળતા મળી છે.

ઈસ્લામ ધર્મના નીયમ મુજબ દરેક બાળક ની ખત્ના કરવામાં આવે છે અને આ કાર્ય સમ્પૂર્ણ સાદકી પુર્વક કરવાનું હોય છે પરંતુ લોકો ઘણો બીનજરૂરી ખર્ચ કરી નાખતા હોય છે ત્યારે લોકોમાં જનજાગૃતિ આવે એ હેતુથી જોડીયાના મન્સુરી પીંજારા સમાજના અગ્રણીઓ દ્વારા આ સફળ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. આ કેમ્પના મુખ્ય આયોજક CHC જોડીયા ખાતે ફરજ બજાવતા ફરજાનાબેન ગોધાવીયા હતા જેઓ દ્વારા આ કેમ્પમાં સેવા માટે ડૉ. હાજી ઈમરાન સાહેબને જોડીયા સેવા અર્થે બોલાવેલ. જ્યારે પીંજારા સમાજના એડવોકેટ રીઝવાનભાઈ ગોધાવીયા તથા પોષણ અભીયાન કો-ઓર્ડીનેટર અમીનભાઈ ઓડિયા તથા પીંજારા સમાજના વડીલ અને મુખ્ય સલાહકાર અલારખાભાઈ ગોધાવીયા, તથા મુસ્લીમ સમાજના ઈશાકબાંપુ તથા જુમ્મા મસ્જિદનાં ઈમામ સાહેબ હાજી બસીર બાપુ કેમ્પમાં હાજરી આપી સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી. જ્યારે ધ્રોલ મુસ્લિમ સમાજના લોક લાડીલા અદનાનભાઈ જન્નર તરફથી આર્થિક સહાયમાં મદદ કરેલ તથા જોડીયા રેફરલ હોસ્પિટલના ડોક્ટર બિરેન્દ્ર કુમાર સાહેબનાં સહકારથી જોડીયા રેફ્રરેલ હોસ્પિટલ ખાતે આયોજિત કરવામાં આવ્યુ હતુ.

# ભાયાવદરમાં નિવૃત શિક્ષકના ૮૩મા જન્મદિવસે જય વસાવડાના હસ્તે સન્માન



ચક્રવાત ટીમ ભાયાવદર, તા.૧૭

મ્યુનિસિપલ હાઈસ્કુલ, ભાયાવદરના નિષ્ઠાવાન ચિત્રશિક્ષક કેશુભાઈ જે. લાઠીગરાનું ગઈ ૧૫ ફેબ્રુઆરીના તેમના ૮૩મા જન્મદિન નિમિતે રાજકોટ ખાતે સુપ્રસિદ્ધ લેખક વક્તા જય વસાવડાના વરદ હસ્તે શાલ ઓઢાડી વિશેષ સન્માન કરવામાં આવ્યું. તેમના ત્રણ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ચિત્રકાર અશોક ખાંટ, કલાશિક્ષક વલ્લભ પરમાર. ગ્રાફિક ડિઝાઈનર દિનેશ માકડિયા દ્વારા પોતાના કલાગુરુ કેશુભાઈનું ગુરુઋણ ચૂકવવા તેમને સ્મૃતિચિન્હ અર્પણ કરી આ નાનો પણ લાગણીથી ભરપુર સમૃદ્ધ ભવ્ય કાર્યક્રમ યોજાઈ ગયેલ. મુખ્ય વક્તા જય વસાવડા એ સિકંદરના મૃત્યુ સમયે હાથ ખુલ્લા રાખવાના પ્રસંગ દ્વારા મૃત્યુનું મહત્વ સમજાવી કહ્યું કે ખુલ્લા ખાલી હાથે દરેકે જવાનું છે. પ્રેમ યાદો હંમેશા જીવિત રહેશે. કેશુભાઈના વિદ્યાર્થીઓ તેમની મોટી મૂડી છે. આ પ્રસંગે ગુજરાતી શિક્ષક બગથરિયાએ શુભેચ્છા સંદેશમાં જણાવેલ કે શિક્ષક કદાપી મૃત્યુ પામતો નથી, તેમને રોપેલા સંસ્કાર બીજ દ્વારા તે સદાય જીવંત રહે છે, કેશુભાઈના વિદ્યાર્થી અને પ્રસિદ્ધ ચિત્રકાર અશોક ખાંટે કેશુભાઈના વ્યક્તિત્વના કેટલાક ઉત્તમ પાસાઓને યાદ કરી કહ્યું કે જીવનમાં ઘણીવાર નકારાત્મક પ્રસંગો ઊંચી પ્રેરણા બક્ષી જાય છે, તેમના ભત્રીજા રાજેન્દ્ર લાઠીગરાએ લાગણી સભર અભિવ્યક્તિમાં કહ્યું કે કેશુભાઈએ પોતાની જાત ઘસી શેરડીના મીઠા રસનો ભાગ અમારા પરિવારના સભ્યો માટે વહેંચ્યો છે.

ભાયાવદરમાં ઓગણીસમી સદીના સિત્તેરના દાયકા દરમ્યાન કેશુભાઈના માર્ગદર્શન નીચે ચિત્રશિક્ષણ પામી અનેક વિદ્યાર્થીઓ ઉચ્ચ કલાશિક્ષણ નો અભ્યાસ પ્રાપ્ત કરી કલાક્ષેત્રે અસાધારણ પ્રતિભા વિકસાવી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ગણનાપાત્ર મોભાનું સ્થાન પામ્યા છે. કેશુભાઈનું આ યોગદાન અમૂલ્ય છે.

તંત્રીસ્થાનેથી......

# કૂ વિરુદ્ધ ટ્વિટર : ભારત સરકાર સોશિયલ મીડિયા ન્યૂ કમરની તરફેણ કેમ કરે છે ?

પીળા રંગનું આ નાનું ચિક (પક્ષીનું બચ્ચું) ટ્વિટર અને ભારત સરકાર વચ્ચે ચાલી રહેલા તણાવના પરિણામ સ્વરૂપે દિવસે ને દિવસે વધુ લોકપ્રિય બનતું જઈ રહ્યું છે. પોતાના અમેરિકા સ્થિત પ્રતિદ્વંદ્વીની સરખામણીએ સરકારી વિભાગો દ્વારા નવી માઇક્રોબ્લોગિંગ ઍપ કૂને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. ભારત સરકારે ટ્વિટર સમક્ષ તેમના દાવા અનુસાર ફેક ન્યૂઝ ફેલાવી રહેલાં કેટલાંક એકાઉન્ટ બંધ કરવાની માંગણી કરી હતી. ભારત સરકારે ટ્વિટર પર બેવડા વલણના આરોપ મૂક્યા છે. તેમણે આરોપ કર્યો છે કે ટ્વિટરે યુ. એસ. કેપિટોલ બિલ્ડિંગ પર થયેલા હિંસક બનાવોમાં ખોટી અને ગેરમાર્ગે દોરનારી માહિતી ફેલાવનારાઓ સામે જે રીતે કાર્યવાહી કરી હતી, તેવી કાર્યવાહી દિલ્હીમાં લાલ કિલ્લા પર થયેલાં પ્રદર્શનો બાબતે કરી નથી. ટ્વિટર શરૂઆતમાં તો ભારત સરકારની વાત માની પરંતુ પાછળથી પોતાનો નિર્ણય ઉલટાવી સસ્પેન્ડ કરાયેલાં તમામ એકાઉન્ટ ફરીથી શરૂ કરવામાં આવ્યાં. નોંધનીય છે કે સરકાર ઇચ્છતી હતી કે ટ્વિટર કેટલાક પત્રકારો, સમાચાર સંસ્થાઓ અને વિરોધ પક્ષના નેતાઓનાં એકાઉન્ટ બ્લૉક કરી દે. આ વિવાદ ચાલુ છે ત્યારે હવે ભારત સરકારના સમર્થકો અને સત્તાધારી પક્ષના રાજનેતાઓ દ્વારા પોતાની વાત મૂકવા માટે નવા પ્લૅટફૉર્મ કૂનો ઉપયોગ કરવાનું શરૂ કરી દીધું છે. તેમજ ટ્વિટરને ભારતમાં બૅન કરવા માટેનું હૅશટૅગ પણ તેઓ શૅર કરી રહ્યા છે. કૂ અંગેની એક ચોક્કસપણે રસપ્રદ વાત એ છે કે તે હાલ અંગ્રેજી સહિત પાંચ રાષ્ટ્રીય ભાષાઓમાં ઑપરેટ થઈ રહ્યું છે, તેમજ તે વધુ ૧૨ ભાષાઓ રજૂ કરવાનું છે. ગત વર્ષે માર્ચ માસમાં લૉન્ચ થયેલ આ માઇક્રોબ્લોગિંગ ઍપને ભારત સરકાર દ્વારા પુરસ્કાર પણ આપવામાં આવ્યું છે. કૂ મોટા ભાગે ટ્વિટરની જેમ જ કામ કરે છે. તેમજ અત્યાર સુધી ૩૦ લાખ લોકોએ કૂ ઍપ ડાઉનલોડ કરી છે જે પૈકી એક તૃતીયાંશ ભાગના યુઝરો ઍક્ટિવ છે. ભારતમાં નિર્મિત કૂને ભાજપના ઘણા સમર્થકો અને નેતાઓનું સમર્થન મળી રહ્યું છે ત્યાં જ બીજી તરફ કેટલાક યુ. એસ. સ્થિત સોશિયલ મીડિયા ઍપ પાર્લર સાથે તેની સામ્યતા તરફ ધ્યાન દોરી રહ્યા છે. પાર્લરએ એક 'ફ્રી સ્પીચ' પ્લૅટફૉર્મ તરીકે પોતાની જાતને પ્રેઝન્ટ કર્યું અને ઝડપથી તે અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉનાલ્ડ ટ્રમ્પના સમર્થકોમાં ઘણું લોકપ્રિય બની ગયું. જેમાં ઊછ્છ્ હેં જેવાં કૉન્સ્પિરસી થિયરી ગ્રૂપ પણ સામેલ હતાં. ટ્વિટરનું નુકસાન ભારતમાં કૂનો ફાયદો બની રહ્યો છે. કારણ કે ભારતના ઘણા મંત્રીઓ, સરકારી વિભાગો અને કેટલીક હસ્તીઓએ પણ પોતાનાં એકાઉન્ટ કૂમાં ક્રિએટ કર્યા છે. આના પગલે તેમના સમર્થકોએ પણ તેમને આ ઍપ પર અનુસરવાનું શરૂ કરી દીધું છે..



યાકુબ બાદી
તંત્રી

## ૨૧મી સદીના વિકસીત ચિતારને પ્રસ્તુત કરતી અદ્‌ભૂત ફ્યૂચર ફિક્શન નવલકથા.....

ધ જર્ની ઑફ ક્રિએટીવ હાર્ટિસ્ટ

# 'Krossing ગર્લ'

રવિ વિરપરીયા

### પ્રકરણ ૬૮

"'છોકરીના છપ્પા'

નામ થોડું વિચિત્ર લાગી શકે. ૧૭ મી સદીમાં એક ગુજરાતી કવિ થઈ ગયા. અખા ભગત. એમને ત્યારના સમાજજીવનની રૂઢિઓ કે ખામીઓ પર કટાક્ષ કરતાં પદો રચેલાં. એ પદો આજના સમયે પણ એટલાં જ લાગુ પડી શકે. મિન્સ, વર્ષો, સદી કે યુગ ભલે બદલાય જાય. પરંતુ માનવ મનની અમુક ખામીઓ કે ખૂબીઓની બાબતોમાં બહુ ફર્ક નથી પડતો.

સાગરની ખૂબી એ છે કે 'એ કોઈ વ્યક્તિના શબ્દો કે વર્તન પાછળની સત્ય હકીકત બહુ વહેલી પામી જાય છે. અને મારી કંપનીમાં દરેક વ્યક્તિ પોતાને એકદમ સલામત અને સહજ મહેસૂસ કરે છે. એટલે હું દરેક વ્યક્તિ સાથે બહુ ઈઝીલી કનેક્ટ થઈ શકતો. ઘણીવાર સામેની વ્યક્તિએ પોતાના અંગત લોકો સાથે શેર ના કરી એવી વાતો મને કહેતાં.

'હ્યુમન ટ્રાવેલ' દરમિયાન અમે એવા ઘણાં વ્યક્તિઓની મુલાકાત લઈને ઈન્ટરવ્યૂ લીધા જેમના લીધે આપણાં 'વારસાની વિરાસત' વર્તમાનમાં અસ્તિત્વ ધરાવતી હોય. આ બધામાં ભલે પુરુષપ્રધાન સમાજની માનસિકતાને લીધે ભલે પુરુષોને જ મહત્વ આપવામાં આવ્યું હોય. પરંતુ દરેક કિસ્સામાં અમે નોંધ્યું કે 'આ વારસાને ટકવવામાં સ્ત્રીઓની મુખ્ય રોલ હતો. બાળઉછેર કે કેળવણી જે કહો તે માતા કે દાદીના હાથમાં હતી. તેમના મોઢે રમતી વાર્તાઓ,લોકકથાઓ કે ઘટનાઓની જ બાળપણમાં બાળકના મનમાં કાયમી સ્ટોરજ તરીકે સચવાઈ જતી.

કહાનીમાં ટ્વીસ્ટ હવે આવે છે. પુરુષ સમાજને ટકાવે છે. આગળ વધારે છે. પણ સમાજના ચારિત્ર્ય કે મૂલ્યોનું ઘડતર સ્ત્રી કરે છે. શિક્ષક પણ બીજા ક્રમે આવે. કારણ કે બાળક વર્તન જોઈને શીખે છે. સાંભળીને કે સમજીને નહીં. આ કિસ્સામાં સાયન્સ કરતાં ફીલિંગ્સના રુલ્સ વધુ કામ કરે છે. મિન્સ, તમે જે આદર્શો શિક્ષણ થકી બાળકના મગજમાં થોપવા માંગો છો...ઘરમાં એ જ આદર્શોનું વસ્ત્રાહરણ થતું હોય તો ? બાળકને શું સાચું માનવું ? શીખવેલું કે જોયેલું ?

આ પ્રશ્નનો ઉત્તર તેને કોણ આપે....! કુમળા બાળમાનસની આ મુંઝવણ આપનો સમાજ નજરઅંદાજ કરે છે. આપણે એના પરિણામો નજર સામે જોઈ રહ્યા છીએ. આપણી અત્યારે ટીનએજ જનરેશન મારી દ્રષ્ટિએ 'વિધાઉટ કલ્ચર એન્ડ એથીક્સ' વગરની કહી શકાય. એને ફક્ત બે જ બાબત શીખવવામાં આવે છે. પૈસા અને પાવર હોય તો બધું મેળવી શકાય."

ક્રાઉડમાં થોડી ચર્ચા શરૂ થઈ...અમુકે 'નોટ એગ્રી' ની બૂમો પડી. પણ એ કોઠા વીંધી અભિમન્યુના કાન સુધી ના પહોંચી શકી.

આઈ નો, તમારામાંથી મેજોરીટી યંગસ્ટર્સ મારી સાથે ડિસએગ્રી થશે. તમારી જેમ હું પણ પહેલાં આ વાત માનવા તૈયાર નહોતો. ઈવન સાગર પણ ટોટલ એગ્રી નહોતો. પરંતુ જ્યારે ડેટાનું રિયાલિસ્ટીક રિઝલ્ટ તમારી સામે હોય ત્યારે તમારી હા કે ના થી બહુ ફર્ક ના પડે.

આ વાતો અને સાગરના પુસ્તકને શો સંબંધ ? સાગર મૂળિયાનો કિમીયાગર છે. એને ખબર છે પાયો મજબૂત હોય તો ગમે તેવી ઉંચી ઈમારતનું નિર્માણ શક્ય છે. એનું એક જ લોજીક છે. સ્ત્રીઓને કાબેલ અને સમૃદ્ધ બનાવો બાકી બધું આપમેળે થઈ રહેશે. એ કંઈ રીતે થઈ શકે એનો જવાબ એટલે આ પુસ્તક.

આ પુસ્તકમાં સાગર સ્ત્રી માનસની રોલર કોસ્ટર રાઈડ કરાવે છે. એ પણ સાયન્ટિફિક રિસર્ચ અને ડેટા એનાલિસિસ સાથે. ભારતીય સંસ્કૃતિના પ્રારંભના સમયથી આજ સુધીના દરેક તબક્કાનાની પરિવર્તન કે અમુક સમયના રિવોલ્યુશનની વાતો આમાં આવરી લીધી છે. ફક્ત ભારતીય જ નહીં પરંતુ વિશ્વ નિર્માણમાં યોગદાન આપનાર અન્ય સંસ્કૃતિના સ્ત્રીઓના મનોજગતની વાતો આ પુસ્તકમાં સમાવી લીધી છે.

ડોન્ટ વરી આ કોઈ ર.દ્ઘ. સ્કોલરના થિસીસ જેવી બોરિંગ બૂક નથી. સાગરે દરેક પાત્રો કે કલ્ચરનું હાર્દ બહુ મજેદાર રીતે ચિત્રો અને કહાનીઓ સાથે રજૂ કર્યું છે. આ બૂક દરેક પર્સન માટે મસ્ટ રીડ છે. યંગ બોયસ્ માટે ગર્લ્સના કોમ્પ્લિકેટેડ માઈન્ડને સમજવાની ઘણી સિક્રેટ ટિપ્સ આ બૂકમાં છે. બીજું એક સરપ્રાઈઝ એ છે કે......આ બૂકના કેટલાંક સોન્ગનું એક આલ્બમ coming soon છે.

સાગરની બૂક છે. આમ તો નામ જ કાફી છે. લાસ્ટમાં બસ એટલું જ કહીશ....આ બૂક તમને ગમશે નહીં પણ તમારી લાઈફનો એક હિસ્સો બની જશે એની ગેરેન્ટી હું આપું છું. કારણ કે સાગર કન્ટેન્ટ કિંગ છે. એને ખબર છે. શું, કેટલું અને શા માટે આપવું જોઈએ ?

અસ્તુ.....

ક્રાઉડની યંગ એનર્જી તાળીઓ અને સિટીઓમાં વ્યક્ત થઈ રહી હતી. સાગર...સાગર...સાગર...ની બૂમો સંભળાઈ રહી હતી.

લગભગ દરેકના ચહેરા પર ઈન્તેજારી અને ઉત્તેજના હતી. હું એક જ શાંત ઉભો હતો. મને કશું સમજાતું નહોતું. હું અભિમન્યુ મોદીની બૂકની વાતો સાથે કનેક્ટ થઈ શકતો નહોતો. મને આ બધું સ્ત્રી પાત્રની મજાક જેવું લાગતું હતું. હું સમજી શકતો નહોતો. આમાં કશુંક તો ખોટું હતું. મારી આ બૂક માટે સ્ટેજ પર જવાની જરાય ઈચ્છા નહોતી. ભલે સાગર માટે હું ગમે એટલો મહત્વનો કેમ ના હોય ? મારે પણ પોતાના એથીક્સ હોય ને ?

મેં પહેલીવાર હૃદયનું સાંભળ્યું. બહુ વિચાર કર્યા વગર ઈવેન્ટ છોડી ઘર તરફ પ્રયાણ કર્યું.

★ ★ ★ ★

અડધી રાતે હું બાલ્કનીના હીંચકમાં સૂતો સૂતો હીંચકતો હતો. હાથમાં સિગારેટ સળગતી હતી. મનમાં વિચારોની યાત્રા ચાલુ હતી. જેને કશે પહોંચવાની ઈચ્છા કે ઉતાવળ નહોતી. મને ખબર હતી સાગરને જવાબ દેવો પડશે. મને એની પણ ફિકર નહોતી. ઘણું બધું નજર સામે પસાર થઈ રહ્યું હતું. હું દરેકમાં ખુદને અને મારી લાઈફના અર્થ કે મોટિવને શોધતો હતો.

'તું કેમ અધવચ્ચેથી ઈવેન્ટ છોડી ગયો ?' સાગરના ધારદાર સવાલે આખરે દસ્તક આપી. મેં કશો જવાબ ના આપ્યો. બસ સિગારેટનું સેલિબ્રેશનચાલુ રાખ્યું.

"મારાથી નારાજ છે ? કે પછી જવાબ દેતાં તારી ફાટે છે ?" એ અકળાઈને પોતાના ઓરિજિનલ મૂડમાં આવી રહ્યો હતો.

મેં હીંચકમાંથી ઉભા થઈને કહ્યું. "આ સવાલ જવાબ દેવાને લાયક જ નથી."

"વાવ, કાનો તો બહુ હોશિયાર થઈ ગયો. એને હવે ખબર પડવા લાગી છે. એ જવાબ તો ઠીક સવાલને સમજતો થઈ ગયો છે. કોંગ્રેચ્યુલેશન્સ ...મારી મહેનત લેખે લાગી રહી છે." તે મારા મારા હાથમાંથી સિગારેટ લેતાં બોલ્યો.

" સાગર, આ બૂક સાવ બકવાસ છે. તું જે કરે છે એ ખોટું છે." મને લાગતું હતું હું આજે વરસી પડીશ.

"અબે 'ફ્યુચર લેબ' માં એક વર્ષ શું ભણ્યો...બે - ચાર છોકરી સાથે વાતો શું કરી ..! મને સલાહ દેતો થઈ ગયો. આ સાચું ને આ ખોટું ?" તેને મારી વાતો ગમતી નહોતી.

"વાત ભણવાની કે હોંશિયારીની નથી. વાત કોમન સેન્સની છે. તું.... તું....આગ સાથે રમી રહ્યો છે.... સમજ યાર.... તું વર્ષો કે સદીઓનો ડેટા ભેગો કર...એનું ગમે તેવા ટેલેન્ટેડ લોકો પાસે એનાલિસિસ કરાવ બટ તું સ્ત્રીના મનને કયારેય નહીં સમજી શકે...નેવર ..સાંભળ્યું ક્યારેય નહીં ?" હું બોલ્યો.

"મિન્સ, તને મારી વાતો ખોટી લાગે છે. મેં જે મેટર માટે લાઈફના વર્ષો આપ્યા તું એની સાથે એગ્રી નથી થતો... તારા માટે આ બધાનું કશું મૂલ્ય નથી ?" એ હવે ગુસ્સાને બદલે મૂંઝવણ અનુભવી રહ્યો હતો.

"તું ખોટી દિશામાં વિચારે છે. તારી મહેનત, હોંશિયારી બધા માટે માન છે. પરંતુ તે વિષય ખોટો પસંદ કર્યો છે. સ્ત્રીને તું કેદ ના કરી શકે. તારી પાસે જે ડેટા છે એ રિઝલ્ટ છે. પણ એ સમયની પરિસ્થિતિમાં એ સ્ત્રીએ તે સમયે આવું પગલું શા માટે ભર્યું એના સાચા કારણો તું ક્યારેય ના જાણી શકે. તું ફક્ત માહિતીના આધારે અનુમાન બાંધી શકે. સ્ત્રીના નિર્ણયોમાં લાગણીનો હાથ હંમેશાં ઉપર રહે છે. વાસ્તવિકતાનો નહીં. કારણ કે એ હૃદયથી વિચારે છે. પુરુષ પરિસ્થિતિની વાસ્તવિકતા સમજી સમાધાન કરી લેશે. સ્ત્રી નહીં કરી શકે. એના માટે પરિસ્થિતિ નહીં વ્યક્તિ અગત્યની હોય છે." હું અધૂરા આત્મવિશ્વાસ સાથે બોલ્યો.

"શું મજાક કરે છે ? આ વેવલવેડા છે. ચાલ માની લઈએ પુરુષ અને સ્ત્રીની થીંકીંગ પ્રોસેસમાં થોડો ફર્ક છે. પણ તું કહે છે એવું વાર્તામાં સારું લાગે છે...સ્ત્રી હૃદયથી વિચારે છે... વોટ નોનસેન્સ. કાના, તને મારી બુક્સ નથી ગમી એટલે તારે ગમે તે રીતે એનો વિરોધ કરી ખુદને સાચો સાબિત કરવો છે." સાગર બોલ્યો.

"તને એવું લાગે છે એમ ?.....પણ મને ના ગમે એનાથી તને શું ફર્ક પડે ? તારે તો બૂક ગામ વખાણે એટલે રાજી થવું જોઈએ." મેં કહ્યું.

"એ તું નહીં સમજી શકે...તું બહુ નાનો છે. પણ મારા માટે બહુ ઈમ્પોર્ટન્ટ છે. તું એક જ છે જેની પાસે હું સેફ અને સહજ મહેસૂસ કરું છું. મારા દરેક સંબંધો એક લિમિટ્સ છે. ફક્ત તારી એક સાથે એવું કશું નથી." સાગર ઈમોશનલ થઈ રહ્યો હતો.

"હું તને એ જ કહું છું વર્ષો સુધી સાથે રહેનાર વ્યક્તિ સાથે પણ સ્ત્રી ખુલતી ના હોય એનું રિઝલ્ટ તું અવેલેબલ ડેટાને આધારે નક્કી કરે છે. તારું આ પુસ્તક 'છોકરીના છપ્પા' ને તું જ એક દિવસ 'બકવાસ છપ્પા' કહીને બોલાવીશ.

'કાના, એકવાર કહી દે આ મજાક છે..!" સાગરની આંખોમાં કશોક ડર હતો.

"આ જરાય મજાક નથી. તને જ્યારે પ્રેમ થશે ત્યારે તારા આ છપ્પાના તો છોતરાં ઉડી જશે. પણ અફસોસ કે સાગર શેખ પ્રેમ કરતાં ડરે છે." મેં કોઈપણ જાતના ડર વગર તેની આખોમાં જોઈને કહ્યું. સાગરની લાઈફનું 'હ્યુમન ટ્રાવેલ' કરી હું આ સિક્રેટ પામી ગયો હતો. તે ધ્રૂજતાં અવાજે બોલ્યો. "તું આવું ક્યાં આધારે કહી શકે...!"

"જેને પ્રેમ કર્યો હોય એને ઓલરેડી સ્ત્રી ના મનને જીતી લીધું હોય. અને એનાલિસિસ કરવાની હારને જરૂર પડે જીતને નહીં." મારા શબ્દો સાંભળી સાગરનું મસ્તક નીચું થઈ ગયું.

**(ક્રમશઃ)**

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૧૮-૦૨-૨૦૨૧, ગુરૂવાર, મહા સુદ-છઠ, સૂર્યોદય-૭-૨૧, સૂર્યાસ્ત-૬-૪૧, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : કુંભ (ગ. સ.શ.), નક્ષત્રઃ શતતારા

**- શુભ ચોઘડીયા -**

અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

**- શુભ હોરા-**

૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

સૂર્ય–કુંભ
ચંદ્ર–કર્ક
મંગળ–ધન
બુધ–કુંભ
ગુરૂ–ધન
શુક્ર–મેષ
શનિ–મકર
રાહુ–મિથુન
કેતુ–ધન
હર્ષલ–મેષ
નેપ્ચ્યુન–કુંભ
પ્લુટો–મકર

## રાશીફળ

» મેષ(અ.લ.ઈ.) :- પરોપકારની ભાવના પ્રબળ બનવાની ધાર્મિક કાર્યમાં સફળતા નોકરીમાં બદલીની શકયતા રહે.

» વૃષભ(બ.વ.ઉ.) :- ઈન્વેસ્ટમેનના પ્રશ્નોમાં સફળતા મલે કોર્ટ કેસના પ્રશ્નોમાં સમાધાનથી લાભ. આત્મવિશ્વાસ વધવાનો.

» મિથુન(ક.છ.ઘ.) :- કારકિર્દી યશસ્વી બનવાની નોકરીમાં કાર્યભાર રહે. મહેનતનું ફળ મલે. વિદેશના પ્રવાસની ઈચ્છા ફળવાની.

» કર્ક(ડ.હ.) :- તમારી અંગત જિંદગીની સમસ્યાની ચર્ચા પારકા સાથે કરવાથી જાળવજો. આત્મવિશ્વાસ વધારો. સફળતા મલશે.

» સિંહ(મ.ટ.) :- માન-સન્માન મેળવવા વધુ મહેનત કરવી પડશે. નવી ઓળખાણ બાબત તકેદારી રાખો. સમયનો વ્યય ન કરો.

» કન્યા(પ.ઠ.ણ.) :- મિત્રોનો સહકાર રહે. નોકરીમાં મનગમતી જગ્યા મલે. સંતાનોની પ્રગતિ માટે સારો દિવસ રહેશે.

» તુલા(ર.ત.) :- અચાનક મનગમતી વ્યકિતની મુલાકાત થવાની નોકરીમાં ચીવટ રાખવી રાજકીય લાભ મલવાનો.

» વૃશ્ચિક(ન.ય.) :- સરકારી કાર્યોમાં અનુકુળતા રહે. લાગણીઓને કાબુમાં રાખજો શેર સટ્ટામાં નિર્ણયો મહત્વના રહે.

» ધન(ભ.ધ.ફ.ઢ.) :- સ્વાસ્થયમાં સુધારો થાય દિવસ ઉત્સાહજનક રહે. સંસ્થામાં સારો હોદ્દો મેળવશો.

» મકર(ખ.જ.) :- નોંધપાત્ર સફળતા મલવાની. રહેણાકના મકાનમાં લકઝરી ફેરફાર થવાના.

» કુંભ(ગ.શ.સ.) :- ભાગીદારી ધંધાની ઈચ્છા ફળે. પરીવારના વડીલોનું માર્ગદર્શન લેજો. યાત્રા પ્રવાસમાં અનુકુળતા રહે.

» મીન(દ.ચ.ઝ.) :- લાંબા અંતરનો પ્રવાસ થાય, સંતાનો સાથે મહત્વની ચર્ચા થાય. શેર સટ્ટામાં અનુકુળતા.

# જો હું ધારાસભ્ય/કોર્પોરેટર હોવ તો?



નેલ્સન પરમાર
'જાગતે રહો'

ધારાસભ્ય, કોર્પોરેટર, કે કોઈ નેતા હોવું એટલે જનતાનાં સેવક હોવું. આ એ જનતા કે, જેમણે તમને મત આપી આ જગ્યા પર મુક્યાં છે. હાલની પરિસ્થિતિ એવી છે કે, આવા જનતાનાં સેવકો જનતા માટે કંઈ કરતાં નથી ને ઉપરથી હેરાનગતિ કરે એ અલગ થી. કામ તો ન કરે, અને કોઈ ફરીયાદ કરે તો ધાક-ધમકી કે, પોલીસની બીક બતાવી ચૂપ કરાવી દે. આપણાં ટેક્સના પૈસે પગાર અને કરોડોની ગ્રાન્ટ લેતાં આ નેતાઓ ફક્ત ને ફક્ત પોતાનાં ખિસ્સા ભરે છે. "આપના કામ બનતાં ભાડ મે જાયે જનતા" આ પરિસ્થિતિ છે. પણ જો હું જનતાનો સેવક હોવ તો હું શું કરું એની વાત આજે કરવી છે. જે વાંચી કોઈ ની આંખો ખુલ્લે. ચુંટણી પ્રચાર, ભાષણો, વચનો આ એક પ્રક્રિયા છે જેનાથી જનતા ટેવાઈ ગઈ છે. જેવી ચૂંટણી આવે એટલાં એજ જુના જોગીઓ ચાલું પડી જાય. આમ કરીશું, તેમ કરીશું, પેલું કરીશું વગેરે...મોટા મોટા વાયદા ને ભાષણો, અકલ્પનીય વચનો જે જીત્યાં પછી યાદ પણ ન હોય. જો હું ચૂંટણી લડતો હોવ તો, આવા ખોટા વાયદા કરી પ્રજાને ઉલ્લુ નહીં બનાવું. કામ કરીને જ બતાવીશ. જીત્યાં પછી જો હું ધારાસભ્ય/કોર્પોરેટર બની જાવ તો એટલું ચોક્કસ યાદ રાખીશ કે મારું કામ ફક્ત બાંકડા મુકવા કે સોસાયટીના ગેટ પર ધારાસભ્ય/કોર્પોરેટરની ગ્રાન્ટ માંથી એટલું લખાવા પૂરતું નથી. એ સિવાય પણ ઘણાં કામ છે જે હું નૈતિકતાથી કરીશ. ધારાસભ્ય/કોર્પોરેટર બન્યાં પછી આ જનતાના સેવકો જનતાની વચ્ચે ક્યાંય દેખાતાં નથી, ના તો આપણી જેમ પબ્લિક ટ્રાન્સપોર્ટમાં જાહેરમાં મુસાફરી કરે છે કે પછી આપણી જેમ, બેન્કોની, રાશનની, ગેસની એવી કોઈ લાઈનમાં ઉભા રહે છે. પણ જો હું ધારાસભ્ય/કોર્પોરેટર હોવ તો.....!

### મુલાકાત

મારા વિસ્તારની રેગ્યુલર મુલાકાત કરું, લોકો સાથે વાતચીત કરું, એમની સમસ્યાઓ જાણું અને નિરાકરણ લાવવાનો પૂરતો પ્રયત્ન કરું. મને મહત્વની વાત એ લાગે છે કે, હાલમાં જે ચાલુ ધારાસભ્ય/કોર્પોરેટર છે. એ ચૂંટણી જીત્યા પછી પોતાના મત વિસ્તારમાં જતાં જ નથી, એ ફક્ત કોઈ કર્યક્રમ કે ઉદ્ઘાટન સમયે જ જોવા મળે છે. ત્યારે જો હું જનતાનો સેવક હોવ તો મારા વિસ્તારની મુલાકાત માટે સમય ફાળવું, લોકોની વચ્ચે જાવ અને લોકોની સાથે ઉભો રહું. મને તો એમ લાગે છે કે, જનતાનાં સેવકો માટે પોતાના વિસ્તારની મુલાકાત એ ફરજિયાત હોવી જોઈએ. લોકોની સમસ્યાઓ સમજવાનું આ પહેલું પગથિયું છે કે લોકોની વચ્ચે જઈ એમની મુલાકાત કરી સમસ્યાઓ જાણીએ. એટલે એક જનતાનાં સેવક તરીકે મારા વિસ્તારમાં આવતાં દરેક ગામમાં એક વર્ષમાં ચાર મુલાકાત તો કરું જ. જે મારી નૈતિક ફરજ બની રહે છે.

### વિકાસનાં કામો

વિકાસનાં કામો એટલે, નહીં કે બાંકડા મુકવા, ગટરોના ઢાંકણા ઠીક કરવા, રોડનાં ખાંડા પુરવા. આ કામ તો સરકારી કામકાજ છે જે અવિરત ચાલુ રહેશે, આ હાલનાં જનતાનાં સેવકો ફક્ત આવાં નાના નાના કામો ગણાવી પોતાના કરેલાં કામો કહે છે. પણ જો હું ધારાસભ્ય/કોર્પોરેટર હોવ તો, શિક્ષણ, આરોગ્ય, કાયદો, રોજગારી પર ધ્યાન આપું. મારા વિસ્તારમાં હું અલગ અલગ વિસ્તારોમાં લીગલ ક્લીનીકની વ્યવસ્થા કરું. કારણ કે લોકોની લગભગ ૭૦% જેવી સમસ્યાઓ કાયદાકીય બાબતોને લઈને હોય છે. એટલે હું ખાસ મારા વિસ્તારમાં જરુરીયાતમંદને મફતમાં સારામાં સારી કાયદાકીય મદદ અને માહિતી મળી રહે એની વ્યવસ્થા કરું. મારા વિસ્તારનાં પોલીસ સ્ટેશનમાં સૂચના આપી દઉં કે, મારા નામનો દુરૂપયોગ કોઈ કરે તો તમારે કાર્યવાહી કરવી પણ સામે જનતાને પણ ખોટી રીતે હેરાનગતિ ન કરવી. એ પછી વાત આવે છે શિક્ષણની તો, મારા વિસ્તારની સરકારી શાળાઓની મુલાકાત લઈ એમની સમસ્યાઓનુ સમાધાન કરું. શિક્ષકોને સમજાવું કે એવું શિક્ષણ આપો બાળકોને કે, જ્યારે એ ભણીગણી કોઈ સારી જગ્યાએ પહોંચે ત્યારે તમને યાદ કરે. શિક્ષણ માટેની જરૂરિયાત પુરી કરવાનો પ્રયત્ન કરું. મારા વિસ્તારની શૈક્ષણિક સંસ્થાઓની અવારનવાર મુલાકાત કરું. એ પછી મારા વિસ્તારની જેટલી પણ સરકારી હોસ્પિટલ છે એની પણ મુલાકાત કરી સમસ્યાઓનુ સમાધાન કરું, યોગ્ય વ્યવસ્થા પુરી પાડવા પ્રયાસ કરું. મારા વિસ્તારનાં જેટલા પણ બેરોજગાર યુવાનો છે એમની નોકરી આપવાની જવાબદારી મારા માથે લઈ લઉં, અમુક આવા નાના મોટા કામ એકલો ન પાર પાડી શકું એટલે અમારા વિસ્તારના કોઈ દર્દ સાથે મળીને પણ લોકોની બેઝિક જરુરીયાતો પુરી કરવાનો પુરેપુરો પ્રયત્ન કરું.

### ગ્રાન્ટનો ઉપયોગ

ધારાસભ્ય/કોર્પોરેટરનો દર વર્ષે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. જેનો ઉપયોગ એમણે પ્રજાના કામો માટે કરવાનો હોય છે પણ આપણાને ગ્રાન્ટ માંથી ફક્ત બાંકડા, સોસાયટીના ગેટ, ગામડામાં નાનું બસસ્ટેન્ડ, આ સિવાય કંઈ જોવા નથી મળતું. ત્યારે જો હું ધારાસભ્ય/કોર્પોરેટર હોવ તો. મારી ગ્રાન્ટ માંથી હું ભંડોળ હું મારા વિસ્તારની પંચાયતો માંથી સામેથી માહીતી મંગાવી, કે મુલાકાત કરી મારા ગ્રાન્ટનો ઉપયોગ મારા વિસ્તારની પ્રજા માટે, પ્રજાહિત માટે ઈમાનદારીથી ખર્ચ કરું. આ કોઈ કહેવાની વસ્તુ નથી. આ મારી નૈતિક ફરજ છે એમ સમજીને મારી ગ્રાન્ટનો સદ્ઉપયોગ કરું. ભલે કોઈ ભલામણ કરે કે ન કરે જરુરીયાત લાગે ત્યા સામેથી હું તપાસ કરી યોગ્ય વ્યવસ્થા કરું. મને એના માટે જ જનતાએ જીતાડ્યો છે એટલે એ મારી ફરજ છે.

### સંપર્ક

મારું એક કાર્યાલય પ્રજા માટે હંમેશા ખૂલ્લું રાખું જ્યાં લોકો મને આસાનીથી મળી શકે, પત્ર વ્યવહાર કરી શકે, કોલ કરી શકે. અને ખાલી આ કાર્યાલય મારા માટે જ નહીં જનતા માટે પણ એટલું જ ઉપયોગી સાબિત થાઈ એવી વ્યવસ્થા કરું જેમાં સરકારના મળતાં લાભો વિશે લોકોને આસાનીથી માહિતી મળી રહે. લોકોને સરકાર તરફથી ઘણા લાભ મળે છે. પણ જાણકારીના અભાવે તેઓ લાભ નથી મેળવી શકતા. એટલે લોકો સુધી સાચી માહિતી મળી રહી એ જોવાની જવાબદારી જનતાના પ્રતિનીધી તરીકે મારી બને છે એમ સમજીને આ જનાતાને આ સેવા પૂરી પાડવામાં મદદરૂપ થવાનો પૂરેપૂરો પ્રયત્ન કરું.

### અન્ય મુદ્દાઓ

પાર્ટી કરતાં વધારે જનતાને વફાદાર રહુ જો હું ધારાસભ્ય/કોર્પોરેટર હોવ તો, હું જે પણ પાર્ટી માંથી હોવ પણ મારા માટે પાર્ટી કરતા વધારે મહત્વ જનતાનું હોય, ઘણીવાર પાર્ટી એવાં નિર્ણય લેતી હોય છે જેનાથી જનતાને નુકસાન થતું હોય આવાં સમયે પ્રજાની પડખે ઊભા રહેવાની મારી નૈતિક ફરજ સમજું, અને કોઈપણ પક્ષ, સરકાર, નેતા, અધિકાર કરતાં ભારતીય બંધારણને આધિન રહીને મારા વિસ્તારમાં કામ કરું. મને જે પાવર અને પોઝીશન મળી છે એ જનતાને આભારી છે એટલે પ્રજાનાં સુખ દુઃખમાં સામેલ થઈને પ્રજા સાથે અને પ્રજા વચ્ચે એક સામાન્ય નાગરિકની રીતે જીવુ.

# આપણા સૌથી મોટા બે દુશ્મન ક્યાં?



શાહ ધ્વનિ
ધ્વનિના સથવારે

આવું તે કઈ થતું હશે ! હા થાય ને કેમ નહિ ? બધું જ શક્ય છે સવાલ માત્ર આપણી માન્યતાનો છે.

સતત સવલતોથી આપણે એટલા વિટળાઈ ગયા છીએ કે સવલતોથી દૂર જવાનું કદાચ થાય તો આપણું જીવવું મુશ્કેલ થાય. આપણને જે સગવડતા મળી રહી છે તે સુખદ ચોક્કસ છે પરંતુ તેનાથી આપણને જ જાણ્યે અજાણ્યે ઘણું નુકસાન થતું હોય છે, આપણને મળતી દરેક સગવડતાની શોધ થવી વિકાસ માટે અત્યંત જરૂરી છે પણ જરૂરી નથી કે બધાએ બધી જ સગવડતાનો ઉપયોગ કરવો જ. સગવડતાઓ પસંદગી મોજ શોખ દેખાદેખી કે ફેશન માટે બિલકુલ નથી, જરૂરિયાત મુજબ સગવડની પસંદગી કરવામાં આવે તો માણસ ક્યારેય પાછો ન પડે, વાત માત્ર કારકિર્દીની સફળતાની નથી પણ જિંદગી ના દરેક તબક્કે મળતી નાની મોટી હાર જીત પાછળ જવાબદાર બે પરિબળ અગ્રેસર હોય છે તેમાંનું એક એટલે આપણું બધાનું મનપસંદ કંફર્ટઝોન.

યાદ કરો જ્યારે જ્યારે પણ આપણે પાછા પડ્યા ત્યારે સૌથી વધારે નડતી કોઈ બાબત હોય તો એ છે સગવડની આદત. હવે આપણને કોઈને સહેજ પણ અગવડતા કે એડજેસ્ટ કરવું પોસાતું જ નથી. સંઘર્ષથી તો એટલા દૂર ભાગીએ છે જાણે સંઘર્ષ સાત પેઢીનો વિનાશ કરવાનો હોય.. વળી,બધાને જોઈએ બધું જોરદાર-ટકાટક પણ જ્યારે વાત આવે સંઘર્ષની ત્યારે બધાના સાંસા ગગડી જાય. કંઈક ત્યાગીને સંઘર્ષ કોઈએ કરવો નથી હવે તો સંઘર્ષમાં પણ સવલત મળે છે તોય નહિ ને..

જ્યારે આપણે કોઈ બાબતે શંકાશીલ રહીશું તો બધું નકામું. કંઈક કરી બતાવવા માટે આપણને બાંધી રાખતી માન્યતાઓને ફગાવી દેવાય તેમાં જ શાણપણ છે.

નિશાન તાકતી વખતે સૌથી મહત્વની બાબત એ છે કે હાથ ધ્રુજી ન જાય. જો આપણને આપણામાં પૂરેપૂરી શ્રદ્ધા હશે તો જ સ્થિરતા જાળવી શકાશે. એથી વિરુદ્ધ આપણી શક્તિ માટે જો આપણે જ શંકા ધરાવતા હોઈશું તો અપેક્ષાની એરણે ઉણા ઉતરવું જ રહ્યું. પોતાની ક્ષમતા પર શંકા લાવવી તે તો પોતાના જ હાથે પોતાના પગ પર કુહાડો મારવા જેવું ગણાય પણ ઘણીવાર બધા સાથે આવું બનતું હોય છે કે આપણે જ આપણી ક્ષમતા વિશે ઘણી બધી માન્યતાઓ ધરાવતા હોઈએ છીએ. " આ આપણું કામ નહિ"," આપણા ગજા બહારનું છે", " સૂરજ પશ્ચિમમાંથી ઉગી શકે પણ મારાથી આ ન થાય"," આપણી ત્રેવડ છે !" આવું ઘણું બધું.. આવા વિચારોથી આપણે પોતે જ આપણી પ્રગતિને બ્રેક મારતાં હોઈએ છે. નવાઈની વાત તો એ કે આવી બધી માન્યતાઓ પાછળ કોઈ ખાસ તર્ક કે ઠોસ કારણ નથી હોતા.

એક વખત એક હાથીને તેના માલિકે જમીનમાં ખુંપેલી એક ખિલ્લી સાથે બાંધીને રાખ્યો હતો ને હાથી જરૂરિયાતવાળું હલનચલન પણ ટાળતો હતો કેમ કે હાથીને એવું હતું કે એના માલિકે એને બાંધીને રાખ્યો છે જ્યાં સુધી માલિક નહિ છોડે ત્યાં સુધી હલી નહિ શકે. આવી જ કંઈક મૂર્ખામી આપણે પણ કરીએ જ છે. આપણી પાસે પણ ક્ષમતા છે જ પણ આપણી માન્યતાઓ આપણને બાંધી રાખે છે.

ઈચ્છિત સિદ્ધિ મેળવવા માટે આપણને બાંધી રાખતી માન્યતાઓને છોડીને થોડા પ્રતિકૂળ વાતાવરણમાં જરા સરખો પ્રયત્ન પણ કરવાથી વિજેતા બનવાથી કોઈ રોકી શકવાનું નથી.

અંતિમ બિંદુ:

આપણી માન્યતાઓ પરની આપણી શ્રધ્ધા નિ:શકપણે આપણું જીવન-મૃત્યુ, હાર-જીત,આ પાર કે પેલે પારનો સોદો નિશ્ચિત કરે છે.

# ટૂલકીટ મામલે બોમ્બે હાઈકોર્ટે નીકીતાને આપ્યા આગોતરા જામીન



(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૭

ટુલકિટ કેસમાં દિલ્હી પોલીસ તરફથી જાહેર બિનજામીનપાત્ર અરેસ્ટ વોરંટનો સામનો કરી રહેલી એક્ટિવિસ્ટ નિકિતા જૈકબને ટ્રાન્ઝિટ આગોતરા જામીન મળ્યા છે. બુધવારે બોમ્બે હાઈકોર્ટે તેમને ત્રણ અઠવાડિયાની વચગાળાની રાહત આપી છે. કોર્ટે તેમને ૨૫ હજારનો બોન્ડ ભરવાનો આદેશ પણ આપ્યો છે.

બુધવારે સુનવણી દરમિયાન નિકિતા જૈકબની ટ્રાંઝિટ એબીએ પર બચાવ પક્ષ તરફથી કેટલાંક દસ્તાવેજ રજુ કરવામાં આવ્યા હતા. દિલ્હી પોલીસની દલીલો આપવામાં આવી છે. બચાવ પક્ષે શાંતનુને મળેલા વચગાળાના રાહતના નિર્ણયની કોપી કોર્ટ સામે રાખી હતી ત્યાં પણ અધિકારક્ષેત્રનો સવાલ ઉદ્ભવ્યો હતો.

ઉલ્લેખનિય છે કે, ગત સપ્તાહે શનિવારે ૨૨ વર્ષની ક્લાઈમેટ એક્ટિવિસ્ટ દિશા રવિની દિલ્હી પોલીસે બેંગલુરુથી ધરપકડ કરી હતી. તે બાદ સોમવારે દિલ્હી પોલીસે ટૂલકિટ કેસમાં લોયર એક્ટિવિસ્ટ નિકિતા જૈકબ અને શાંતનુ મુલુક સામે બિનજામીનપાત્ર અરેસ્ટ વોરંટ જાહેર કર્યું હતું. તે બાદ નિકીતા જૈકબે બોમ્બે હાઈકોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી હતી.

**આગામી ૧૦ દિવસ મહત્વપૂર્ણ છે, વહીવટ સખત પગલા ભરવાની તૈયારી કરી રહ્યું છે**

# મુંબઈના ચાર વોર્ડ ફરી હોટસ્પોટ બનવાની શક્યતા : પાલિકાની નોટિસ

## ચેમ્બુર, તિલક નગર, બોરીવલી, મુલુંડ અને અંધેરીમાં કોરોનાની સંખ્યામાં વધારો



ચક્રવાત ટીમ, મુંબઈ તા.૧૭

મુંબઈ સહિત રાજ્યભરમાં કોરોના દર્દીઓની સંખ્યા વધી રહી છે. સામાન્ય લોકો માટે સ્થાનિક મુસાફરીની શરૂઆત પછી, એવું જોવા મળ્યું છે કે નાગરિકો દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરાયું છે. નાગરિકોએ કોઈપણ પ્રકારનાં માસ્ક અથવા સામાજિક અંતર પહેર્યા ન હતા. આ કોરોનાવાળા દર્દીઓની વધતી સંખ્યામાં પ્રતિબિંબિત થાય છે. જેને મનપાના વહીવટીતંત્રે ગંભીરતાથી લીધી છે. આગામી ૧૦ દિવસ મુંબઈકારો માટે ખૂબ મહત્વના રહેશે.

મુંબઈમાં લોકડાઉન પ્રતિબંધ હળવો થયો છે અને સ્થાનિક મુસાફરી શરૂ થઈ હોવાથી ભીડ વધી રહી છે. શહેરમાં કોરોના ચેપમાં વધારો થવાની પણ આશંકા છે. કે પૂર્વ (અંધેરી પૂર્વ જોગેશ્વરી), ટી વોર્ડ (મુલુંડ), આર સેન્ટ્રલ (બોરીવલી), એમ વેસ્ટ (ચેમ્બુર, તિલક નગર) એ ચાર વોર્ડ છે જ્યાં દર્દીઓની સંખ્યા વધી રહી છે. આ વોર્ડમાં દરરોજ દર્દીઓની વસતીમાં ૧૦ થી ૧૫% નો વધારો થઈ રહ્યો છે. ચેમ્બુર, તિલક નગર અને મુલુંડમાં દર્દીઓનો વિકાસ દર સૌથી વધુ ૦.૨૬% છે. દર્દીઓની વૃદ્ધિના ૯૮% કેસ મકાનોમાંથી આવતા હોય છે. નિયમોના કડક અમલ માટે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની રહેણાંક મકાનોને પણ નોટિસ ફટકારવામાં આવી છે. મુંબઈમાં કોરોના દર્દીઓની સંખ્યા ઝડપથી વધી રહી હોવાથી, મુંબઈના વિવિધ ભાગોમાં કડક કોરોના નિયમો લાગુ કરવામાં આવશે. જાહેર સ્થળો, લગ્ન કચેરીઓ, બજારો, ગીચ સ્થળો વગેરેમાં કોરોના નિયમોનો કડક અમલ કરવામાં આવશે. બિલ્ડિંગની બહારથી આવતા લોકોને સ્ક્રીનીંગ કરવા અને ઓછામાં ઓછી સંખ્યામાં લોકોને બિલ્ડિંગમાં પ્રવેશવાની મંજૂરી આપવા સૂચના પણ આપવામાં આવી છે. જાહેર સ્થળો, લગ્ન કચેરીઓ, બજાર સ્થળોએ પણ કડક નિયમો લાગુ કરવામાં આવી રહ્યા છે. ઈમારતોમાં સ્ક્રીન બહારના લોકોને તેમજ ન્યુનત્તમ સંખ્યામાં લોકોને પ્રવેશ માટે પરવાનગી આપવા સૂચનાઓ આપવામાં આવી છે. એમ વેસ્ટ વોર્ડની કુલ ૫૫૦ બિલ્ડિંગોને નોટિસ ફટકારી હતી. મુંબઈમાં હાલમાં કુલ ૮૧૦ બિલ્ડીંગો સીલ કરવામા આવી છે. તેમાંથી ટી વોર્ડ (મુલુંડ) માં સૌથી વધુ ૧૭૦ બિલ્ડિંગોને સીલ કરવામાં આવી છે. મુંબઈમાં હાલમાં ૭,૬૭૬ એક્ટિવ કન્ટેન્ટ ઝોન છે. મુંબઈના ચાર વોર્ડમાં સક્રિય વધેલા દર્દીઓની સંખ્યા ,કે પૂર્વ-અંધેરી, જોગેશ્વરી-૩૩૪૪, ટી વોર્ડ - મુલુંડ - ૨૮૯ ,આર સેન્ટ્રલ- બોરીવલી- ૪૦૨ ,એમ પશ્ચિમ-તિલક નગર, ચેમ્બુર -૧૭૨ હોવાનું જાણવા મળે છે. મુંબઈમાં કોરોનાએ ફરી માથું ઉંચકવાનું શરૂ કર્યું છે. તેથી, મુંબઈકારોએ કોરોનાને ટાળવા માટે નિયમોનું પાલન કરવાની જરૂર છે. મુંબઈમાં માસ્ક ન પહેરતા નાગરિકો વિરુદ્ધ બીએમસીએ કાર્યવાહી તેજ કરી છે સ્થાનિક મુસાફરીમાં માસ્કનો ઉપયોગ ન કરતા લોકો સામે પાલિકાએ કડક પગલા ભરવાનું શરૂ કર્યું છે. જે લોકોના વિસ્તારમાં માસ્ક ન પહેરતા હોય તેમની સામે કાર્યવાહી કરવા નિગમ એક ખાસ માર્શલની નિમણૂક કરવાની તૈયારી કરી રહ્યું છે.મુંબઈમા ચેમ્બુર, તિલક નગર, બોરીવલી, મુલુંડ અને અંધેરીમાં કોરોનાની સંખ્યામાં વધારો, ડોર-ટુ-ડોર સ્ક્રીનિંગ કરવાનું ફરી ચાલુ કરવામા આવ્યાનું જાણવા મળે છે.

# બેસ્ટના કાફલામા વધુ ૧૦૦ ઈલેક્ટ્રિક બસો



ચક્રવાત ટીમ, મુંબઈ તા.૧૭

કેન્દ્રીય ભારે ઉદ્યોગ મંત્રાલયની 'ફેમ -૨' અંતર્ગત ઈલેક્ટ્રિક બસોની યોજના લાગુ કરવામાં આવી રહી છે. આ યોજના હેઠળ બેસ્ટના કાફલામાં ૩૪૦ બસો ઉમેરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેમાં ૨૦૦ મીડી અને ૧૪૦ સિંગલ-ડેકર બસો શામેલ છે. મીડી બસોમાં કેટલીક વાતાનુકુલિત, કેટલીક વાતાનુકુલિત બસો છે. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે એક અઠવાડિયા કે દસ દિવસમાં ૨૫ બસના કાફલામાં મહિનામાં ૧૦૦ ઈલેક્ટ્રિક બસો ઉમેરવાનું લક્ષ્ય છે.

બેસ્ટ પાસે હાલમાં તેના કાફલામાં ૯૬ ઈલેક્ટ્રિક બસો છે, જે મિડી વાતાનુકુલિત અને સિંગર ડેકર છે. માર્ચના અંત સુધીમાં, ૧૦૦ થી વધુ મિડી એરકંડિશન્ડ બસો આવી જશે. તેથી, ઈલેક્ટ્રિક બસોની સંખ્યા ૨૦૦ સુધી પહોંચશે. માર્ચ સુધીમાં, ઈલેક્ટ્રિક બસોની કુલ સંખ્યા વધારીને ૩૮૬ કરવાની હતી. પરંતુ બેસ્ટ તેમાં નિષ્ફળ ગયું છે. સામાન્ય મુસાફરો માટેની સ્થાનિક સેવા સંપૂર્ણ રીતે કાર્યરત નથી. તે મુજબ નવી બસોનું પ્લાનિંગ હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત હોસ્પિટલો, સરકારી અને ખાનગી કચેરીના કામદારોને સેવાઓ આપવા માટે આ બસના રૂટ નક્કી કરવામાં આવશે. કોરોનાકાળ પૂર્વે ૩૩ લાખ જેટલા મુસાફરો બેસ્ટ બસોમાં મુસાફરી કરતા હતા. લોકડાઉનમામાં સમાન સંખ્યામાં ઘટાડો થયો. પરંતુ જૂન મહિનાથી લોકડાઉનમા રાહત આપવામા આવી છે. સરકારી અને ખાનગી પદાધિકારીઓની હાજરી પણ વધી હતી. પરિણામે બેસ્ટ મુસાફરોની સંખ્યા કંઈક વધીને આશરે ૨૫ લાખ થઈ ગઈ છે. હાલમાં બેસ્ટના કાફલામાં ૩,૫૦૦ બસો ઉપરાંત લીઝ પર ૮૦૦ એસ.ટી.બસો પણ છે. માર્ચમાં કાફલામાં બસોની સંખ્યામાં વધુ વધારો થશે. તેથી મુસાફરીને થોડીક સરળ બનાવવામાં મદદ મળશે.

# લોનની હપ્તા ચૂકવવા દબાણ કરાતા કર્જ લેનારાએ કર્મચારી પર કોયતા વડે હુમલો કર્યો

ચક્રવાત ટીમ, મુંબઈ, તા.૧૭

લોનના હપ્તા ભરવા દબાણ કરાતા ઉરુલી કંચન સ્થિત બજાજ ફાઈનાન્સની પર્સનલ લોન શાખાના સેલ્સ મેનેજર રવિન્દ્ર પ્રકાશ વાલકુંડે પર ધારદાર હથિયાર વડે હુમલો કર્યાની ઘટના સામે આવી છે. આરોપીની ઓળખ રાહુલ લક્ષ્મણ ગાઢવે તરીકે થાય છે, તે દૌંડ તાલુકા અને હવેલી તાલુકાની સરહદ પર આવેલા બોરીભડક ગામનો દેવાદાર છે. રાહુલે બજાજ ફાઈનાન્સની ઉરુલિકંચન શાખામાંથી લોન લીધી હતી. પરંતુ, રાહુલ દ્વારા લોનના હપ્તા ચૂકવવામા આવ્યા ન હતા. તેથી ઉરુલી કંચન શાખાની વ્યક્તિગત લોનના સેલ્સ મેનેજર રવીન્દ્ર પ્રકાશ વાલકુંડે આરોપી રાહુલની લોન ભરપાઈ કરવા માટે દબાણ કરી રહ્યા હતા. તેથી દેવાદાર રાહુલ ગાઢવેએ હાથમાં લોખંડનો કોયતો લઈને રવિન્દ્ર વાલકુંડે પર પાછળથી તેના માથા અને ગળા પર હુમલો કર્યો. હતો. ગંભીર રીતે ઘવાયેલા રવિન્દ્ર વાલકુંડેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જોકે, સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. પોલીસે આરોપીને તાબામા લઈ વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાથી ઉરુલી કંચનમાં ખળભળાટ મચી ગયો છે.

# પત્નીએ ગર્લફ્રેન્ડ સાથેની પતિની ઓડિઓ ક્લિપ સાંભળતા, ગુસ્સે થયેલા પતિએ પત્નીની હત્યા કરી

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૭

મહારાષ્ટ્રના નાગપુરમાં એક્સ્ટ્રા મેરિટલ અફેર્સને કારણે પત્નીએ તેના પતિની લગ્ન પહેલાંની પ્રેમિકા સાથેની વાતચીતની ઓડિઓ ક્લિપ સાંભળી હતી. આ બાબતે ગુસ્સે થયેલા પતિએ ગુસ્સે થઈને તેની પત્નીની નિર્દયતાથી હત્યા કરી હતી. હાલ પોલીસ આરોપી પતિની શોધ કરી રહી છે નાગપુરના ભીમ નગર વિસ્તારમાં બનેલી ઘટનામાં તણાવ છે. મૃતકની પત્નીનું નામ દીપ્તિ નાગામોટી છે. જ્યારે આરોપી પતિનું નામ અરવિંદ નાગામોટી તરીકે જણાવવામા આવી રહ્યું છે. બંનેનાં લગ્ન લગભગ સવ્વા મહિના પહેલા થયાં હતાં. ગર્લફ્રેન્ડ સાથેની વાતચીતની ઓડિઓ ક્લિપ થોડા દિવસો પહેલા દિપ્તી નાગામોતીએ સાંભળી હતી. જે બાદ બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. દીપ્તિએ તેના પરિવારજનોને પણ આ વિશે જણાવ્યું હતું. આ વિવાદના કારણે અરવિંદે દિપ્તીને ઓશીકું દબાવતા તેની હત્યા કરી હતી. રવિવારે દિપ્તીના ઘરે તેના પરિવારને જાણ થઈ હતી. તેણે તરત જ સ્થાનિક પોલીસને આની જાણ કરી. હત્યા કર્યા બાદ આરોપી પતિ ફરાર છે. પોલીસ તેની ધરપકડ કરવાનો સતત પ્રયાસ કરી રહી છે.

# વસઈ લોકલમાં યુવતી પર હુમલો કરી લૂંટ લોહિયાળ અવસ્થામાં યુવતી હોસ્પિટલમાં

ચક્રવાત ટીમ, મુંબઈ, તા. ૧૭

વસઈમાં લોકલમાં મુસાફરી કરતી યુવતી પર હુમલો કરી લૂંટ ચલાવવામાં આવી હતી. રેલ્વે પોલીસ આરોપીને ઓળખવા માટે વસઈ અને નાયગાંવ રેલ્વે સ્ટેશન પર સીસીટીવી તપાસી રહી છે. આ હુમલામાં યુવતી ગંભીર રીતે ઘાયલ થઈ હતી. તેના માથામાંથી લોહી નીકળતા હોસ્પીટલમા પ્રાથમિક સારવાર માટે દાખલ કરવામા આવી હતી.. વસઈ રેલ્વે પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે. મૂળ વસઈની રહેવાસી યુવતી તેના મિત્રને મળવા જઈ રહી હતી. સવારે ૭.૩૦ વાગ્યે, યુવતીએ વસાઈ સ્ટેશન પર પ્લેટફોર્મ નંબર એક પરથી અંધેરી જઈ રહેલી ધીમી લોકલ ટ્રેન પકડી હતી. ટ્રેન શરૂ થતાં જ આરોપી કોચમાં ચડયો અને ફોન ખેંચવાનો પ્રયાસ કર્યો. "યુવતીએ આરોપીને ડબ્બામાં પ્રવેશતા જોઈને આશ્ચર્ય થયું. આરોપીએ તેના માથા અને ચહેરા પર કોઈ વસ્તુ વડે હુમલો કર્યો હતો. યુવતી આ વખતે વિરોધ કરી રહી હતી. આ વખતે તે વસ્તુ ટ્રેનની બહાર ફેંકી દેવામાં આવી હતી.. ત્યારબાદ તેણે તેની ગળામાં સાંકળ ખેંચી. તેણે તૂટેલી ચેઈનનો એક ભાગ લઈ નાયગાંવ સ્ટેશન પહોંચતાંની સાથે જ તે નાસી ગયો, હતો. અચાનક યુવતીના માથામાંથી અચાનક લોહી વહી રહ્યું હતું. યુવતી નાયગાંવ સ્ટેશન પર ઉતરીને હોસ્પિટલ પહોંચી.હતી. ડોક્ટરોએ તેની સારવાર કરી અને કેટલાક ટાંકા પડ્યા. પરિવાર સાથે વાત કર્યા બાદ યુવતીએ વસઈ રેલ્વે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર આરોપી કોચમાં એકલી રહેતી યુવતી પર નજર રાખતો હતો. તે લાંબા સમયથી વસઈ રેલ્વે સ્ટેશનની આસપાસ સીસીટીવી પર ફરતો જોવા મળી રહ્યો છે. આ પહેલા તેણે આવા ગુના કર્યા હોવાની સંભાવના છે.

# રણવીર શૌરી કોરોના સંક્રમિત



ચક્રવાત ટીમ, મુંબઈ તાદ્દ. ૧૭

કોરોના વાયરસથી સમગ્ર વિશ્વમાં પાયમાલી સર્જાઈ છે. થોડા દિવસો પહેલા કોરોના દર્દીઓની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો હતો. પરંતુ હવે કોરોના દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. તેથી, આવનારા સમયગાળામાં કોરોના દર્દીઓની સંખ્યામાં વધારો થવાની ધારણા છે. સામાન્ય વસ્તીની ઘણી મોટી વ્યક્તિઓ પણ કોરોના વાયરસથી ચેપ લાગી હતી. ગયા વર્ષે ભારતમાં પ્રવેશ કરનારી કોરોનાએ અત્યાર સુધીમાં અનેક લોકોનો જીવ લીધો છે. તેથી ઘણા દર્દીઓ કોરોના માટે સારવાર આપવામાં આવે છે. હવે બોલિવૂડ એક્ટર રણવીર શૌરીએ પણ કોરોનાથી સંક્રમિત થયેલ છે. સોશિયલ મીડિયા દ્વારા તેણે કોરોના હોવાનું જણાવી દીધું હતું. તેમણે ટ્વીટ કર્યું, "હું કોરોના પોઝિટિવ છું." કોરોનામાં હળવા લક્ષણો છે. હું હાલ કોરેન્ટાઈનમાં છું. ' રણવીરના આ ટ્વિટથી તેના ચાહકોમાં ચિંતા વધી ગઈ છે. રણવીરે 'વો રંગબાઝ', 'મેટ્રો પાર્ક' અને 'બોમ્બર્સ હાઈ' જેવી સિરીઝમાં કામ કર્યું હતું. રંગબાઝમાં તેના અભિનયની ખૂબ ચર્ચા થઈ હતી. તેના આગામી પ્રોજેક્ટ વિશે વાત કરવામાં આવે તો તે 'મેટ્રો ૨' માં જોવા મળશે. આ સિરીઝ હવે ઈરોસ પર સ્ટ્રીમ થશે.

# મુંબઈમાં ચિટર ગેંગ સક્રિય : મેડિકલ કોલેજમાં પ્રવેશ બહાને ૨૨ લાખ હડપ્યા

## આરોપીએ ભુતકાળમા અન્ય ડોક્ટર પાસેથી ૪૮ લાખ હડપ કર્યા

ચક્રવાત ટીમ, મુંબઈ તા.૧૭

પનવેલમાં રહેતા માંગીલાલ રાઠોડ પાસેથી એમડી જનરલ મેડિસિનના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી આપવાની લાલચ બતાવી ૨૨ લાખની રકમ હડપ કર્યા હોવાનું સામે આવ્યું છે. ઠગનું નામ અમેય વિનાયક કસ્તુરે છે અને પનવેલ શહેર પોલીસે તેની સામે છેતરપિંડીનો ગુનો નોંધી તેની શોધખોળ શરૂ કરી છે. એક વર્ષ પહેલા પણ આ ઠગે ખોટી રીતે કોલ્હાપુરના એક ડ ડોક્ટર પાસેથી ૪૮ લાખ રૂપિયા હડપ કર્યા હતા. પનવેલ વિસ્તારમાં રહેતા રાઠોડનો પુત્ર સુરેન્દ્ર એમડી જનરલ મેડિસિન પૂર્ણ કરવા માંગતો હતો કેમ કે તેણે વિદેશથી એમડી ફિઝિશિયનની ડિગ્રી મેળવી હતી. આ માટે સુરેન્દ્રએ વર્ષ ૨૦૧૮-૧૯માં નીટની પરીક્ષા પણ આપી હતી. આ પરીક્ષા બાદ સુરેન્દ્રનું નામ મેરિટ લિસ્ટમાં નામ સમાવિષ્ટ થયું હતું. જોકે, તેને કોઈ પણ કોલેજમાં પ્રવેશ નહોતો મળ્યો. તો રાઠોડ સુરેન્દ્રને મેડિકલ કોલેજમાં પ્રવેશ મેળવવાનો પ્રયાસ કરી રહ્યો હતો. તે સમયે, આરોપીએ રાઠોડનો સંપર્ક કરીને સુરેન્દ્રને નાસિકની વસંતરાવ પવાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં પ્રવેશ મળશે. તેણે આ માટે ૪૨ થી ૪૫ લાખ રૂપિયાની માંગણી કરી હતી. રાઠોડે શરૂઆતમાં દુર્લક્ષ કર્યુ હતુ. પરંતુ છોકરાના ભાવિ વિશે વિચારીને, આખરે તે કસ્તુ ને એડિમિશન માટે હા પાડી હતી. સાવચેતી રૂપે, રાઠોડ કોપરોલીમાં કસ્તુરેના ઘરે ગયો અને ખાતરી કરી. ત્યારબાદ રાઠોડે નવેમ્બર ૨૦૧૮ થી મે ૨૦૧૯ ની વચ્ચે કસ્તુરને ૨૨ લાખ રૂપિયા ઓનલાઈન ચૂકવ્યા. ત્યારબાદ રાઠોડ કસ્તુરના ઘરે ગયો અને છોકરાના પ્રવેશ વિશે પૂછ્યું. પરંતુ તેણે ૬-૭ મહિના જુદા જુદા કારણો આપીને ટાળમટાળ કર્યુ હતુ.. રાઠોડને શંકા જતા પૈસા પાછા આપવાની માંગણી કરી હતી. કસ્તુરે તેમને ૧૦ લાખ રૂપિયાના બે ચેક આપ્યા. ફક્ત આ ચેક પાછા ફર્યા હતા. ત્યારબાદ રાઠોડે પોતાના વકીલો દ્વારા કસ્તુરને નોટિસ મોકલી હતી. આખરે કેસમા ફસાવાના ડરે આરોપી ભાગી ગયો હતો. રાઠોડે પોતાનો મોબાઈલ ફોન પણ બંધ કરી દીધો હોવાની જાણ થતાં પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# કોંગ્રેસ પોતાના દમ પર મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી લડવા તૈયાર : રાજ્ય કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ



ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૭

મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ નાના પટોલેએ કહ્યું કે, શિવસેના અને એનસીપીની સાથે સત્તામાં રહેલી કોંગ્રેસ આગામી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય ચૂંટણી લડવાની તૈયારીમાં છે. તેમણે કહ્યું કે, મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીની વ્યૂહરચના અંગે કોંગ્રેસના મંત્રીઓ અને વરિષ્ઠ નેતાઓની બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટેની રણનીતિ અંગે નિર્ણય લેવા મંગળવારે મુંબઈ કોંગ્રેસ કાર્યાલય ખાતે એક બેઠક મળી હતી. આ સમયે વોર્ડ મુજબની પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી.

રાજ્યમાં શિવસેના, કોંગ્રેસ અને એનસીપીની સરકાર બન્યા બાદ આગામી તમામ ચૂંટણીઓ આ ત્રણેય પક્ષો યુતિમાં લડશે તેવી જાહેરાત કરવામાં આવી હતી. તેમના મતે, વિધાન પરિષદની છ બેઠકો માટે તાજેતરની ચૂંટણીમાં ત્રણેય પક્ષો આગળ હતા. આઘાડી યુતિ એક મહાન સફળતા હતી. પરંતુ મુંબઈ કોંગ્રેસ અધ્યક્ષ ભાઈ જગતાપ બાદ હવે પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ નાના પટોલે પણ આગામી વર્ષે મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી જાતે લડવાનો સૂત્ર આપ્યો છે. મત વિસ્તારોના પુનર્ગઠનમાં અનેક ભૂલો છે. તેમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને મહિલાઓનું યોગ્ય પ્રતિનિધિત્વ જોવા મળતું નથી. આ સંદર્ભમાં પાર્ટીના વરિષ્ઠ નેતા જનાર્દન ચંદુરકરની અધ્યક્ષતામાં એક સમિતિની નિમણૂક કરવામાં આવી છે. આ સમિતિનો રિપોર્ટ મુખ્યમંત્રી અને ચૂંટણી પંચને આપવામાં આવશેની માહિતી કોગ્રેસ પ્રદેશ પ્રમુખ નાના પટોલેએ આપી છે.

# કોલ્હાપુરના એક જ ગામના તરૂણ-તરૂણીએ એક જ દિવસે જુદી જુદી જગ્યાએ આત્મહત્યા કરી





ચક્રવાત ટીમ, મુંબઈ તા.૧૭

કોલ્હાપુરમાં એક જ ગામના તરૂણ -તરુણીએ જુદી જુદી જગ્યાએ આત્મહત્યા કરી લીધી છે. કોલ્હાપુર નજીક ચુયે ગામના યુવકે એક જ દિવસે જુદી જુદી જગ્યાએ આત્મહત્યા કરી હતી. યુવકે તેના નિવાસસ્થાને આત્મહત્યા કરી હતી જ્યારે યુવતિએ પાંચગાંવમાં એક સગાના ઘરે આત્મહત્યા કરી હતી. પોલીસે આ કેસમાં અકસ્માત મોતની નોંધ કરી છે

યુવકે મંગળવારે બપોરે પોતાના નિવાસસ્થાને ઝેર પીને આત્મહત્યા કરી હતી, જ્યારે યુવતીએ પાંચગાંવમાં એક સગાના ઘરે ઝેર પીને આત્મહત્યા કરી હતી અનિકેત પાટિલ એક યુવકનું નામ છે, જ્યારે સાનિકા વ્હનાળકર યુવતીનું નામ છે. બંનેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જોકે, સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. બંનેએ એક જ દિવસે આત્મહત્યા કરી લીધી છે. ગામમાં ચર્ચા છે કે પ્રેમનો વિરોધ થતાં આ બંનેએ આ આત્યંતિક પગલું ભર્યું હતું.જો કે,યુવતીએ લખેલા પત્રમાં લગ્ન માટે લોન લેવી ન પડે તે માટે પોતે આત્મહત્યા કરી હોવાનો ઉલ્લેખ કરવામા આવ્યો છે. સનિકાની સ્યુસાઈડ નોટમાં મામી, મામા, મમ્મી, મમ્મી, હું આ પગલું ભરું છું કારણ કે હું મમ્મીને હેરાન કરવા નથી માંગતી,. મારે મારા લગ્નનું કર્જ તેના માથા પર નથી જોઈતું. પપ્પા એવું વર્તે છે. હું હવે તે સહન કરી શકતી નથી.મારી આત્મહત્યા મામલે મામીને દોષ નહિ આપતા., તેઓને આ બાબતે કંઈ પણ જાણકારી નથી અને જો થઈ શકે તો મને માફ કરશોપ તમારી સાનિકા '' મૃતક અનિકેત પાટિલ બી.એસસી.નો અભ્યાસ કરતો હતો. તે ગઈકાલે બપોરે કોલેજથી ઘરે આવ્યો હતો, પછી અભ્યાસ ખંડમાં ગયો હતો અને ઝેરી દવા પી લીધી હતી. સનિકાના લગ્ન નક્કી થયાં હતાં. જેથી તે પાંચગાંવ વિસ્તારમાં તેના સબંધીઓ સાથે રહેવા ગઈ હતી. ત્યાં તેણીએ પણ ઝેરી દવા પીધી હતી. તે જ સમયે ગામમાં યુવક- યુવતીનું દુર્ભાગ્ય મોત થતા આક્રોશ સાથે વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. દરમિયાનમાં આ ઘટનાની જાણ ઈસપુરી પોલીસ મથકે કરવામાં આવી હતી.

# ક્રૂડ તેલમાં ૧૯,૪૪,૫૦૦ બેરલ્સના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં રૂ.૪૮ની વૃદ્ધિ

ચક્રવાત ટીમ, મુંબઈ,૧૭

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૮૪૯૨૭ સોદામાં રૂ.૧૧૯૭૨.૩૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોનાના વાયદાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૩૨૦ અને ચાંદીમાં કિલોદીઠ રૂ.૫૭૯ની નરમાઈ રહી હતી. એલ્યુમિનિયમ સિવાયની બિનલોહ ધાતુઓમાં ઘટાડો થયો હતો. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલમાં ૧૯,૪૪,૫૦૦ બેરલ્સના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં બેરલદીઠ રૂ.૪૮ની વૃદ્ધિ થઈ હતી. નેચરલ ગેસ જળવાયેલું હતું. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, કોટન, સીપીઓ, મેન્થા તેલ, રબરના વાયદાના ભાવમાં સાર્વત્રિક સુધારાનો સંચાર થયો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૦૫૪૬૯ સોદાઓમાં રૂ.૫૭૩૨.૧૪ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૬૮૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૬૮૦૦ અને નીચામાં રૂ.૪૬૪૫૯ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૨૦ ઘટીને રૂ.૪૬૫૭૯ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૫૯ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ.૩૭૪૮૦ અને ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૬ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ.૪૬૪૨ થયા હતા, જ્યારે સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૮૪ ઘટીને બંધમાં રૂ.૪૬૪૯૩ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૯૫૦૭ ખૂલી, ઊપરમાં રૂ.૬૯૬૨૬ અને નીચામાં રૂ.૬૮૫૬૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૫૭૯ ઘટીને રૂ.૬૮૭૯૩ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૫૭૦ ઘટીને રૂ.૬૮૭૪૫ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૫૪૭ ઘટીને રૂ.૬૮૭૩૪ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૫૭૫૭૫ સોદાઓમાં રૂ.૨૯૧૬.૭૮ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૪૩૮૭ ખૂલી, ઊપરમાં રૂ.૪૪૧૮ અને નીચામાં રૂ.૪૩૭૨ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૮ વધીને રૂ.૪૪૧૨ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૩૨૪૯ સોદાઓમાં કુલ રૂ.૪૦૭.૭૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન ફેબ્રુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ.૨૧૪૭૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૫૦૦ અને નીચામાં રૂ.૨૧૪૦૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૦ વધીને રૂ.૨૧૪૯૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧૦૪૫.૮ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૮.૧ વધીને બંધમાં રૂ.૧૦૪૨.૮ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૫૫ ખૂલી, ઊપરમાં રૂ.૯૫૭ અને નીચામાં રૂ.૯૪૫.૧ રહી, અંતે રૂ.૯૫૨.૮ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૨૪૨.૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૪૯.૫ અને નીચામાં રૂ.૧૨૩૯ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૬ વધીને રૂ.૧૨૪૬.૫ ના સ્તરે બંધ રહ્યો હતો. વાયદાઓમાં કામકાજની દષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૩૨૭૦૨ સોદાઓમાં કુલ રૂ.૩૦૯૩.૮૯ કરોડ ની કીમતનાં ૬૬૩૭.૯૬૨ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૭૨૭૬૭ સોદાઓમાં કુલ રૂ.૨૬૩૮.૨૫ કરોડ ની કીમતનાં ૩૮૧.૭૩૮ ટન, ક્રૂડ તેલમાં ૧૩૧૪૩ સોદાઓમાં રૂ.૮૫૪.૮૦ કરોડનાં ૧૯૪૪૫૦૦ બેરલ્સ, કોટનમાં ૯૫૫ સોદાઓમાં રૂ.૮૦.૪૧ કરોડનાં ૩૭૧૫૦ ગાંસડી, સીપીઓમાં ૨૦૯૨ સોદાઓમાં રૂ.૩૧૮.૦૩ કરોડનાં ૩૦૮૨૦ ટન, મેન્થા તેલમાં ૫૦ સોદાઓમાં રૂ.૬.૧૭ કરોડનાં ૬૪.૮ ટન, કપાસમાં ૨૪ સોદાઓમાં રૂ.૬૨.૨૪ લાખનાં ૧૦૦ ટનના વેપાર થયા હતા.

# મુંબઈ ટ્રાફિક પોલીસને માર માર્યો, ગણવેશ ફાડી નાખ્યો : ચાર ટ્રાન્સજેન્ડરની ધરપકડ

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૭

ટ્રાફિક પોલીસ સાથે અનેક પ્રકારના વિવાદો દરરોજ મુંબઈના માર્ગો પર જોવા મળી શકે છે. પોલીસ જ્યારે ટ્રાફિકના નિયમો તોડવા બદલ શિક્ષાત્મક કાર્યવાહી કરે છે ત્યારે આ વિવાદો ઘણીવાર સર્જાય છે.

આવી જ ઘટનામાં ૧૬ ફેબ્રુઆરીએ ટ્રાફિક પોલીસ કોન્સ્ટેબલને ચાર તૃતીયપંથીયએ માર માર્યો હતો. પંતનગર પોલીસના જણાવ્યા મુજબ વિક્રોલી ટ્રાફિક વિભાગમાં કામ કરતા વિનોદ સોનાવણેને માર માર્યો હતો. આ કેસમાં લહુ મકાસરે, વિકી કાંબલે, તનુ ઠાકુર અને જેબા શેઠની ધરપકડ કરવામાં આવી છે. વિનોદ



સોનાવાણી પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે, ૧૬ ફેબ્રુઆરીની સાંજે છેડાનગર જંકશન પાસે ટ્રાફિકને નિયંત્રિત કરી રહ્યો હતો. તે સમયે ઓટો રિક્ષામાં મુસાફરી કરતા ત્રણ કરતા વધારે મુસાફરો મળ્યાં. હતા.રિક્ષા ઉભી કરાવી ટ્રાફિકના નિયમોનું પાલન ન કરવા બદલ શિક્ષાત્મક કાર્યવાહીની પ્રક્રિયા શરૂ કરી હતી. વિનોદ સોનાવણેએ રિક્ષાના ફોટા લેવાનું શરૂ કર્યું. તે સમયે તૃતીયપંથીયઓએ રિક્ષામાંથી નીચે ઉતરી સોનાવણે સાથે દલીલ શરૂ કરી હતી. દલીલ એટલી વધી ગઈ કે તેઓએ સોનાવાણેને માર મારવાનું શરૂ કરી દીધું. સોનાવણે પહેલા માથામાં માર વાગ્યો હતો અને ત્યારબાદ તેને દંડા વડે માર મારવામાં આવ્યો હતો. સોનાવણેનો યુનિફોર્મ ફાડી દીધો હતો અને તેના હાથમાંથી વોકી-ટોકી છીનવી લઈ જમીન પર પટકાયો હતો. આ બનાવ બાદ વિનોદ સોનાવણેએ પંતનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરેય તૃતીયપંથીયની ધરપકડ કરી છે. પકડાયેલા લોકોની ઓળખ લહુ મકાસરે, વિકી કાંબલે, તનુ ઠાકુર અને જેબા શેઠ તરીકે થઈ છે.

# પોરબંદર સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાતના માછીમારો માટે રાહત પેકેજ જાહેર કરવા માંગ

ચક્વાત ટીમ પોરબંદર, તા.૧૭

સૌરાષ્ટ્ર-ગુજરાતના માછીમારો માટે ચોકકસ રાહત પેકેજની જાહેરાત કરવા માટે વડાપ્રધાનને પોરબંદરથી રજુઆત થઈ છે. પોરબંદરના મરીન ફીશરીઝ કો.ઓપરેટીવ સોસાયટીના મનીશભાઈ લોઢારીએ કરેલી રજુઆતમાં જણાવ્યું છે કે, માછીમારી ધંધામાં છેલ્લા ૩ વર્ષથી માછીમારી ઉદ્યોગમાં મહામારી ચાલી રહી છે. મચ્છીનો જથ્થો મળતો નથી, મચ્છીના ભાવો અપુરતા મળે છે, બોટ ચલાવી શકાય તેમ નથી, ડીઝલના ભાવો આસમાને જઈ રહ્યા છે, મોંઘવારી અતિશય વધી રહી છે, પગાર ધોરણ ઉંચુ થઈ રહ્યું છે. આવી પરિસ્થિતિમાં બોટ ચલાવી શકાય તેવી પોઝીશન રહી નથી એટલે હાલમાં ૭૦ ટકા માછીમાર બોટ બંધ થઈ ગઈ છે અને માછીમારો બે હાલ થઈ ગયા છે. બેકારીના કહેરમાં હોમાઈ જઈ રહ્યા છે, આવી પરિસ્થિતિના આધારે આ ઉદ્યોગને લગતા ધંધાદારી, દુકાનો, સ્પેશપાર્ટસ, નેટ-જરીના ધંધાદારી, લારી-ગલ્લાવાળા, મજુરો બધા બેકાર બની રહ્યા છે. આમ જ વધારામાં સરકારના નિર્ણય પ્રમાણે રાજયની ૧૯૦૦ ફેકટરીના ઝેરી કેમીકલ યુકત પાણીનો નિકાસ પાઈપલાઈન મારફતે દરિયામાં ઠાલવવાની મંજુરી અપાઈ રહી છે. તે ઝેરી પાણી દ્વારા દરિયામાં જે માછલી બચી છે તેનો નાશ કરી નાખશે. આ બાબત અગાઉ સરકારને અવાર-નવાર પયર્વિરણ બાબતની જાણ કરેલ છે, પણ આ બાબત સરકાર તથા પયર્વિરણ વિભાગ આંખ આડા કાન કરી રહ્યા છે. માછીમારો અને એમને લગતા ધંધાદારી, શહેરના વેપારીઓ બેકાર થઈ જશે અને મહામારી ઉભી થથશે તો ફરીવાર સરકારને આ બાબત પર ધ્યાન દોરવા માંગ છે. ડીઝલ-પેટ્રોલમાં દિવસેને દિવસે ભાવવધારો થઈ રહ્યો છે, આજની પરિસ્થિતિમાં માછીમારોને આવા ઉંચા ભાવોથી માછીમારી કરવી શકય થતી નથી, બોટમાં ૨૦૦૦ લીટર થી ૩૦૦૦ લીટર ડીઝલનો જથ્થો લેવો પડે છે, નજીકમાં માછીમારીને પ્રદુષણના કારણે માછલી મળતી નથી અને દૂરના દરિયામાં જવું પડે છે છતાં માછલી મળતી નથી અને માછીમારોને ધંધો કરવો પોસાય તેમ નથી માટે સરકારને જણાવવાનું કે, ડીઝલના ભાવમાં સ્પેશ્યલ ઘટાડો કરવો જોઈએ તો જ આ ધંધો ચાલી શકે. આવી પરિસ્થિતિને સરકાર ધ્યાનમાં લઈ માછમારી ઉદ્યોગને ટકાવી રાખવા અને બેકારી, મહામારીમાંથી બચાવવા જવાબદારીપૂર્વક સાચા મનથી બોટ માલીકોને ગુજરાત રાજય તરફથી આ ધંધાને ફરીથી બેઠો કરવા સહાય યોજના આપવી જોઈએ. બોટ દીઠ ૫ લાખ થી ૧૦ લાખ આપવા જોઈએ, જેમ કે છેલલ ૩ વર્ષથી માછીમારો સહન કરી રહ્યા છે અને ભયંકર પરિસ્થિતિ તરફ જઈ રહ્યા છે તો આ બાબત જરી પગલા લઈ વહેલીતકે માછીમારોને સહાય કરી ધંધાને ટકાવી રાખવા નહીં તો છેલ્લો વિકલ્પ આંદોલન તરફ જવા સિવાય રસ્તો નથી.

# સાડી વેચવાની આડમાં મિત્રો બનાવીને કરોડો રૂપિયા હડપ કરનાર મહિલાની બે વર્ષ બાદ અટક

ચક્વાત ટીમ, મુંબઈ, તા.૧૭

થાણે આર્થિક ગુનાની શાખાએ આજે એક મહિલાની ધરપકડ કરી છે જેણે કલ્યાણ પૂર્વમાં અનેક મહિલાઓને વિદેશી હૂંડિયામણના પૈસામાં ડબલ કરવાના લાલચ આપીને કરોડો રૂપિયાની લૂંટ ચલાવી હતી. અનિતા ગાવંડે તરીકે ઓળખાતી આ મહિલા સાડી વેચવાની આડમાં મહિલાઓ સાથે દોસ્તી કરતી હતી અને મહિલાઓને ડબલ પૈસા દેવાની ઓફર કરીને લાલચ આપી હતી. કોલ્શેવાડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવ્યા બાદ થાણે આર્થિક ગુનાની શાખાએ બે વર્ષ બાદ તેની ધરપકડ કરી છે. આજે તે બહાર આવ્યું છે કે તેણે એક કરોડ ૨૬ લાખની ઉચાપત કરી છે, જે વધવાની સંભાવના છે. ફરિયાદીએ છેતરપિંડી કરનાર મહિલા સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

કલ્યાણ પૂર્વના કોલસાની ખાણ વિસ્તારમાં સુશીલ એપાર્ટમેન્ટમાં રહેતી અનિતા ગાવડે પોતાના ઘરેથી સાડી વેચતી હતી. આ વ્યવસાયની આડમાં, તેણે ઘણી મહિલાઓ સાથે મિત્રતા કરી અને તેમને વિદેશી વિનિમયમાં નાણાંના રોકાણની લાલચ બતાવી. અનેક મહિલાઓએ પૈસા બમણી કરવાની લાલચમાં અનિતાને પૈસા આપ્યા હતા.. જોકે, પૈસા પાછા ન મળ્યાના બે વર્ષ બાદ આ મહિલાઓને ખ્યાલ આવી ગયો કે તેમની સાથે છેતરપિંડી કરવામાં આવી છે. છેતરપીંદીનો ભોગ બનેલ મહિલાઓ ૨૦૧૮મા કોલ્શે વાડી પોલીસ સ્ટેશન પહોંચી હતી અને ફરિયાદ નોંધાવી હતી. દરમિયાન, અનિતા તેના પરિવાર સાથે ઘરમાંથી ભાગી ગઈ હતી. થાણે ફાઈનાન્સિયલ ક્રાઈમ બ્રાંચ દ્વારા આ ગુનાની તપાસ કરવામાં આવી રહી છે. આ કેસ નોંધાયાના અઢી વર્ષ પછી અનિતાની ધરપકડ કરવામાં આવી છે. પોલીસ અધિકારી પ્રશાંત કદમની ટીમે અનિતાને કલ્યાણ અદાલતમાં રજૂ કરી હતી, જેણે તેને ૨૩ ફેબ્રુઆરી સુધી પોલીસ કસ્ટડીમાં આપી હતી. આઘાતજનક વાત એ છે કે અનિતાના પતિ રવિન્દ્ર ગાવડે પણ આ કૃત્યમાં સામેલ થયા હતા. આ મહિલાએ કેટલી વધુ મહિલાઓ સાથે છેતરપિંડી કરી તેની પોલીસ તપાસ કરી રહી છે.

# સુરેન્દ્રનગર દુધરેજ વઢવાણ સયુંકત પાલિકામાં આપના ૧૧ ઉમેદવારોની ટીમ ચૂંટણી મેદાનમાં

ચક્રવાત ટીમ વઢવાણ, તા.૧૭

સુરેન્દ્રનગરમાં આવેલ સંયુક્ત નગરપાલિકા માં કુલ ૧૭ ઉમેદવારો એ આમ આદમી પાર્ટી માંથી ફોર્મ ભરેલ હતાં તેમાંથી ૦૬ ફોર્મ પરત ખેંચાતા



હાલ ૧૧ ની ટીમ ચૂંટણી ના મેદાન માં પ્રથમ વાર ઉતારેલ છે આજે આ તમામ ઉમેદવારો ને શહેર પ્રમુખશ્રી મહેશભાઈ ગોલતર દ્વારા જરૂરી માર્ગદર્શન આપવા માં આવેલ હતું અને જણાવેલ કે દરેક મતદાર ને નર્મ વિનંતી દારૂ ભજીયા ખાઈ મતદાન ના કરતા.

તમારા વિસ્તાર માંથી ચૂંટાઈ અને સરકારી ઓફીસ બેસી રહેનાર તમારા વિસ્તારમાં થતા બોગસ કામ ને સમર્થન આપનાર અને અસામાજિક પ્રવૃત્તિ કરનાર ને તરત પોલીસ સ્ટેશનમાં છોડવવા દોડી જનાર નહિ પરંતુ તમારા વિસ્તારમાં થતા કામ ની ગુણવત્તા જાળવવા માટે ધ્યાન રાખનાર દારૂ જુગાર ની પ્રવૃત્તિ બંધ કરાવનાર અને તમે જ્યારે ફરિયાદ કરવા જાવ ત્યારે તમારા પ્રશ્નનું નિરાકરણ લાવનાર ને મત આપજો નહિ કે તમે રજુઆત કરવા જાવ ત્યારે તેમની જવાબદારી માંથી છટકી તમને બીજી ઓફિસે મોકલી આપતા નેતા ઓને ઓળખજો તેવા ને મત ના આપતા આજ સાચી જવાબદારી મતદાન કરતા મતદારો ની છે.

# મહીસાગરમાં ચૂંટણીનો જામતો માહોલ : તંત્ર દ્વારા જાહેરનામું

ચક્રવાત ટીમ લુણાવાડા, તા.૧૭

મહીસાગર જિલ્લામાં જાહેર સ્થળોએ વગર પરવાનગીએ ધરણા, રેલી, સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી માણસો એકઠાં ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય, જિલ્લા/તાલુકા સેવા સદને પોતાના કામ અર્થે આવતાં નાગરિકોને કોઈ અગવડતા ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે મહીસાગરના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ આર. આર. ઠકકરે જિલ્લા સેવા સદન, મહીસાગર તથા જિલ્લાના લુણાવાડા, ખાનપુર, બાલાસિનોર, વિરપુર, સંતરામપુર તથા કડાણા તાલુકા સેવા સદન તેમજ અન્ય તમામ સરકારી કચેરીઓની બહાર કે સદર જિલ્લા/તાલુકા સેવા સદનના પરિસરથી ૨૦૦ મીટરની ત્રિજયામાં અનઅધિકૃત/ગેરકાયદેસર રીતે કોઈપણ વ્યકિતએ/વ્યકિતઓને એકી સાથે કોઈપણ જગ્યાએ ચાર કે તેથી વધુ માણસો ભેગા થવા કે કોઈ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, પ્રતિક દેખાવો, ભૂખ હડતાળ પર બેસવા, ઉપવાસ કે આમરણાંત ઉપવાસ ઉપર બેસવા તેમજ સરઘસ/રેલી કાઢવા ઉપર તાત્કાલિક અસરથી અમલમાં આવે તે રીતે તાત્કાલીક અસરથી તા.૦૩/૦૩/૨૦૨૧ સુધી મનાઈ ફરમાવી છે.

આ જાહેરનામું જેઓ ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તેવી વ્યકિતઓ, ગૃહરક્ષક દળની વ્યકિતઓ કે જેઓને સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકે પરવાનગી આપવામાં આવી હોય તેઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત શિક્ષાને પાત્ર ઠરશે. જયારે હુકમનો ભંગ કરનાર સામે ક્ષેત્રાધિકાર ધરાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર દરજજાથી ઉતરતા ન હોય તેવા અધિકારીને ફરિયાદ નોંધવવા માટે અધિકૃત કરવામાં આવેલ છે.

# બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાની તારીખ જાહેર કરાઈ

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૭

મહારાષ્ટ્ર સ્ટેટ બોર્ડે એસએસસી અને એચએસસી (બારમા) બોર્ડની પરીક્ષાનું શિડ્યુલ જાહેર કર્યું છે. વર્ગ એસએસસી બોર્ડની પરીક્ષાનું સમયપત્રક ૨૯ એપ્રિલથી ૨૦ મે દરમિયાન લેવામાં આવશે. એચએસસી ક્લાસની પરીક્ષાની તારીખ ૨૩ મી એપ્રિલથી ૨૦ મે દરમિયાન લેવામાં આવશે. પરીક્ષાનું વિગતવાર શેડ્યૂલ **www.mahahsscboard.in** બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર આપવામાં આવ્યું છે.

આ વર્ષે, કોરોનાવાયરસને કારણે શાળાનું વર્ષ મોડું શરૂ થયું અને પરીક્ષાઓ મોડી થઈ. પૂણે-મુંબઈમાં પણ શાળાઓ શરૂ થઈ નથી. પરંતુ પરીક્ષાનું શિડ્યુલ જાહેર કરવામાં આવ્યું છે. આ વર્ષે, એચએસસી(બારમા) ની પરીક્ષા ૨૩ એપ્રિલથી શરૂ થશે, તેમજ અંતિમ પેપર ૨૧ મેના રોજ હશે, જ્યારે એસએસસી(દશમા) ની પરીક્ષા ૨૯ મી એપ્રિલથી ૨૯ મે દરમિયાન લેવામાં આવશે. એસએસસીની પરીક્ષાનું પરિણામ ઓગસ્ટના અંતમાં મળશે અને એચએસસી(બારમા) ની પરીક્ષાનું પરિણામ જુલાઈના અંતમાં મળશે. ગયા વર્ષે કોરોના વાયરસને કારણે શાળાઓ અને કોલેજો શરૂ થઈ ન હતી, તેથી આ વર્ષે દસમા અને બારમાની પરીક્ષા મોડી શરૂ થશે. માર્ચથી રાજ્ય સરકારે પેપર ૨દ કરી દીધું હતું અને વિદ્યાર્થીઓને સરેરાશ ગુણ આપવાની જાહેરાત કરી હતી. જે વિદ્યાર્થીઓને કોરોનામાં ચેપ લાગ્યો છે અથવા તો તેઓ ક્વોરેન્ટાઈનમાં છે તેઓની ફરીથી પરિક્ષા લેવામા આવશે, એમ વર્ષા ગાયકવાડે જણાવ્યું હતું.

# ચૂંટણી પહેલા ટંકારાના મેઘપરમાંથી ૫.૬૪ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

## એક આરોપીની અટકાયત, અન્ય ચાર આરોપીઓના નામ ખૂલ્યા

ચક્વાત ટીમ ટંકારા, તા.૧૭

મોરબી એલ.સી.બી. દ્વારા ટંકારા તાલુકાના મેઘપર ઝાલા ગામની સીમમાંથી ચાઈના કલે (માટી) નીચે છુપાવી રાખેલ અંગ્રેજી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલો નંગ-૧૮૮૦ (કી.રૂ. ૫,૬૪,૦૦૦) તથા ટ્રક, મોબાઈલ ફોન નંગ ૧ મળી કુલ કી.રૂ. ૧૫,૬૯,૦૦૦ ના મુદ્દામાલ સાથે એક આરોપીને પકડી પાડવામાં આવ્યો છે. મોરબી એલ.સી.બી. ટીમ ગઈકાલે નાઈટ પેટ્રોલીંગમાં હતી. તે દરમ્યાન પોલીસને ખાનગી રાહે હકિકત મળેલ કે, મેઘપર ઝાલા ગામથી બંગાવડી જતા કાચા રસ્તે સીમમાં ધર્મેન્દ્રસિંહ દીલીપસિંહ ઝાલા તથા રવિરાજસિંહ અમરસંગ ઝાલા (રહે. બન્ને મેઘપર ઝાલા, તા.ટંકારા) તથા યુવરાજસિંહ ઉર્ફે ભાણું જાડેજા (રહે ખીડોઈ કચ્છ)એ પરપ્રાંતમાંથી અશોક લેલન ટ્રક નંબર ઈન્ન-૨૧-ય્છ-૨૫૭૭ માં અંગ્રેજી દારૂનો જથ્થો વેચાણ કરવા મંગાવી ગે.કા. રીતે અંગ્રેજી દારૂનો જથ્થો ઉતારનાર છે. પોલીસને તેવી ચોકકસ હકિકત મળેલ હોય. જેના આધારે મેઘપર ઝાલા ગામથી બંગાવડી તરફ જતા કાચા રસ્તે સીમમાં રેઈડ કરતા ટ્રક ડ્રાઈવરને ટ્રકમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની જુદી જુદી બ્રાન્ડની કુલ બોટલો નંગ- ૧૮૮૦ (કી.રૂ. ૫,૬૪,૦૦૦) ઝડપી પાડવામાં આવી છે. પોલીસે વિદેશી દારૂનો જથ્થો, મોબાઈલ ફોન ૧ અને ટ્રક મળી કુલ કી.રૂ. ૧૫,૬૯,૦૦૦/- ના મુદામાલ કબ્જે કરવામાં આવી છે.

પોલીસને રેઈડ દરમિયાન એક આરોપી સંતકુમાર રામુ રામ બીકનોઈ (રહે પોલાસ વીશનોઈયાન, તા.દેગાના, જી.નાગોર (રાજસ્થાન)ને પકડી પાડયો છે. તેમજ આ કેસમાં અન્ય ચાર આરોપીઓ બલદેવરામ ચૌધરી, ધર્મેન્દ્રસિંહ દીલીપસિંહ ઝાલા, રવિરાજસિંહ અમરસંગ કલા, યુવરાજસિંહ ઉર્ફે ભાણું જાડેજાનું નામ ખૂલ્યું છે. આ તમામ આરોપીઓ વિરૂધ્ધ ટંકારા પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશન ધારા હેઠળ મોરબી એલ.સી.બી.એ ગુનો દાખલ કર્યો હતો.

# કોડીનારમાં લોકતાંત્રિક રાષ્ટ્રવાદી પાર્ટીના શહેર પ્રમુખ, મહામંત્રીની નિમણૂંક કરાઈ

ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૧૭

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકામાં દિન પ્રતિદિન રાજકીય ગરમાવો વધી રહ્યો છે. પાર્ટી અને પ્રજાઓના સમીકરણો તેમજ રાષ્ટ્રીય કક્ષાની પાર્ટીઓને પણ આકરા પાણી કોડીનારની પ્રજાએ આપી દીધું હોય તેમ સ્થાનિક લોકો દ્વારા અપક્ષ તથા અન્ય નાના પક્ષમાં પણ પ્રજા આગળ વધી રહી છે. ટૂંકા ગાળામાં જ ગુજરાત રાજ્યમાં લોકતાંત્રિક રાષ્ટ્રવાદી પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ અશોક પટેલ દ્વારા તથા ગુજરાત પ્રદેશ માઈનોરિટી સેલ અધ્યક્ષ સંજર બાપુ કાદારીના પ્રયત્નથી કાર્યકરો ની જહેમત કોડીનાર પ્રમુખ શહેર આબિદ શેખ તથા કોડીનાર તાલુકા પ્રમુખ ગ્રામ્ય ઓનરજાક ઢોકી દ્વારા કોડીનાર માં ચૂંટણી બાબતે ખુબ જહેમત ઉઠાવીને તાલુકા પંચાયત ની સિટ પર ઉમેદવારી કરવા વિકાસથી વંચિત લોકોને તક આપી હતી. હાલમાં પણ આધુનિક યુગમાં સામાજિક, આર્થિક રીતે પછાત વિસ્તારોના વિકાસ તેમજ સમસ્યા નિવારણ બાબતે એલ. આર. પી. દ્વારા સીમાંત ખેડૂતો, મજૂરો તેમજ મહિલાઓને તક પૂરી પાડવામાં આવી છે. આ મુજબની માહિતી પાર્ટી દ્વારા પ્રેસ પ્રતિનિધિને જણાવવામાં આવી હતી. તાલુકા પંચાયત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મુખ્યત્વે આદિજાતિ સીટ છાછર અને મહિલા ઉમેદવાર તરીકે મૂળ દ્વારકા જસ્મિનબેન ઓનરજાક ઢોકીની ઉમેદવારી કોડીનાર તાલુકામાં જોરદાર રાજકીય ગરમાવો ઉત્પન્ન કર્યો છે તેવુ લાગી રહ્યું છે. અત્યારે હાલમાં તો પ્રજા નો મિજાજ અને હકીક્ત તસ્વીરો માં જોવા જ મળે છે. છાછર તાલુકા પંચાયત સિટ કોડીનાર વિસ્તારમાં યુવા નેતા સતારભાઈ હુસેનભાઈ મકવાણાને છાછર ના ગ્રામજનો દ્વારા ઉમેદવારી કરતા લોકતાંત્રિક રાષ્ટ્રવાદી પાર્ટીને આવકારવા અનેક લોકો ઉમટી પડ્યા હતાં. તેવી જ રીતે મૂળ દ્વારકા માછીમાર સમાજના યુવા અગ્રણી અને માછીમારો ની દરેક સમસ્યાઓ બાબતે હમેશા ન્યાયની લડત કરતા સદામભાઈ ઉર્ફે ઓનરજાક જુમાભાઈ ઢોકી દ્વારા અનેક લોકો આવકારવા લોકતાંત્રિક રાષ્ટ્રવાદી પાર્ટીને ઉમેદવાર તરીકે જસ્મિનબેન ને મહિલા ઉમેદવારી નોંધાવી છે તે ખૂબ જ અસરકારક રીતે કોડીનાર ના રાજકારણ માં ગરમાવો આવ્યો છે.

# ઊનાના ના.માંડવી પાસેથી ઓટો રીક્ષામાં વિદેશી દારૂની ૪૬ બોટલો સાથે બે શખ્સ પકડાયા

ચક્રવાત ટીમ ઊના, તા.૧૭

દિવથી ઉના તરફ આવતી ઓટો રીક્ષાને પોલીસે ઉનાના નાલીયા માંડવી ગામ પાસે તલાસી લેતા રીક્ષામાંથી વિદેશી દારૂના મુદામાલ સાથે બે શખ્સને ઝડપી પાડેલ. આ અંગે પ્રાપ્ત વિગત મુજબ દિનેશ ઉર્ફે ટીનો મેરામણ વાધેલા તેમજ વિજય હસમુખ વ્યાસ રહે. જુનાગઢ આ બન્ને શખ્સ ઓટો રીક્ષા નં.જીજે ૧૧ વી ૯૭૬૭ લઈ ઉના તરફ આવતી હોય પોલીસે નાલીયા માંડવી ગામ પાસે રીક્ષાને રોકાવી તલાસી લેતા રીક્ષામાં અંદર બનાવેલ ચોર ખાનામાંથી અલગ અલગ વિદેશી દારૂની બોટલો નં.૪૬ કિ.રૂ.૨૪ હજાર તેમજ મોબાઈલ, ઓટો રીક્ષા સહીતનો કુલ કિ.રૂ. ૭૭,૮૧૦ નો મુદામાલ સાથે બે શખ્સને પોલીસે ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

# પાટડીમાં રાજકીય પાર્ટી મતદારોને રીઝવવા મેદાને

ચક્રવાત ટીમ પાટડી, તા.૧૭

સુરેન્દ્રનગર જીલ્લા માં સ્વરાજય ની ચૂંટણીઓમાં ભાજપ કોંગ્રેસ બન્ને આમઆદમી બહુજન સમાજ પાર્ટી અને અપક્ષ નાં ઉમેદવારોને ધાકધમકી આપી ડરાવવા અને ધમકાવવાની ઘણી ઘટના બની છે. દસાડા તાલુકાના પાટડી ખાતે નગરાલિકાઓમાં ભાજપ કોંગ્રેસ બન્ને પક્ષો દ્વારા અપક્ષ ઉમેદવારો અને આમઆદમી પાર્ટીનાં ઉમેદવારોને અને ટેકેદારોને એનકેન પ્રકારે માનસિક દબાણ કરી રહ્યા છે ઘણી જગ્યા એ ભાજપ અને કોંગ્રેસ બન્ને ને લોકો વચ્ચે મત માંગવા જવાય એવી પરિસ્થતિ નથી ત્યારે આવખતે દસાડા તાલુકા પંચાયતની સીટ દસાડા વણોદ જેનાબાદ કોંગ્રેસ માટે લોઢાનાં ચણા ચાવવા જેવું છે અપક્ષ ઉમેદવારો ભાજપ કોંગ્રેસ બન્નેનું પાસુ પલટી શકે છે જૈનાબાદ દસાડા કોંગ્રેસના ઉમેદવારો ની શાખ ઈજ્જત દાવ પર છે અત્યારે તો એવુ મતદારોનાં મિજાજ કહી રહ્યા છે.

# ગીર સોમનાથ જિલ્લામાં ઘઉંની ખરીદી ટેકાના ભાવે તાકીદે શરૂ કરવા ખેડૂતોમાં ઉઠતી માંગ

ચક્રવાત ટીમ ગિરસોમનાથ, તા.૧૭

રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં રવિપાક ઘઉંના ટેકાનો ભાવ મીનીમમ સ્પોટ પ્રાઈઝ પ્રતિ મણ ૩૯૫(ત્રણસો પચાણુ) જાહેર કરવામાંઆવેલ છે, વર્તમાન પરિસ્થિતિએ સમગ્ર ગીરસોમનાથ જીલ્લામાં રવિપાક ઘઉં ની સાઈઠ ટકા લલણી ખેડૂતો દ્વારા કરી નાખવામાં આવેલ છે, આગલા એક સપ્તાહમાં સો ટકા લલણી પુરી થઈ જશે પરંતુ જિલ્લાના પુરવઠા વિભાગે ટેકાના ભાવે ખરીદ કેન્દ્ર કાર્યરત કરવામાં આવેલ નથિ તેમજ રજીસ્ટ્રેશન પ્રક્રિયા પણ શરૂ કરવામાં આવેલ ન હોય, તેવી પરિસ્થિતિમાં જિલ્લાભરના દરિયાકાઠાના ખેડૂતો પ્રતિ ખાંડી બારસો થી તેરસો રૂપિયાની નુકશાની વેઠી ખુલ્લી બજારના વેપારીઓને મહેનત પસીનાથી ઉત્પાદન કરેલ ઘઉં પ્રતિ મણ ત્રણસો વિસ થી ત્રીસમાં વેચી રહ્યા છે, જ્યારે હાલમાં રાજ્ય સરકાર દ્વારા જાહેર કરેલ ટેકાના ભાવ પ્રતિ મણ ત્રણસો સોરણું રૂપિયા જાહેર કરેલ છે, ગુજરાત ખેડૂત સમાજના ગિરસોમનાથ જિલ્લાના પ્રમુખ ભગવાન સોલંકી અને ઉપપ્રમુખ જયેશભાઈ કછોટ દ્વારા રાજ્યના મુખ્યમંત્રીને લેખિત રજુઆત કરી જણાવવામાં આવેલ કે રાજ્ય સરકાર ગતિશીલ ગુજરાતની વાતો કરે છે પરંતુ ખેડૂતોના હીતની જાહેરાતોનું અમલીકરણ કરણ અલગ અલગ સરકારી વિભાગોના સંકલનના અભાવને કારણે તાત્કાલિક સમય મર્યાદામાં થતું નથિ તેવા સંજોગોમાં ગયા વર્ષ અતિભારે વરસાદના કારણે સોરરાષ્ટ્રના ખેડૂતોનો ખરીફ પાક સો ટકા નિષ્ફળ ગયેલ છે તેમના આર્થિક મારથી ખેડૂતોનું ઘર ચાલવું પણ મુશ્કેલ બની ગયેલ છે અને આજે ખેડૂતોની આર્થિક સ્થિતિ ખૂબ જ ખરાબ અને દયનિય છે, ત્યારે ખેડૂતોની પાસે કોઈ આર્થિક બચત રહી નથી, ત્યારે રવિ પાકને લણવામાં ઉભો થનાર ખર્ચને પહોંચી વળવા અને ઘઉં ઉત્પાદનમાં થયેલ ખર્ચનું ચુકવણું કરવાની સગવડ પણ ખેડૂતો પાસે નથિ તેવી પરિસ્થિતિમાં લાંબા દિવસો સુધી ઉત્પાદન થયેલ રવિપાક ઘઉંને ઘરમાં સંગ્રહ કરી રાખવા જિલ્લાના ખેડૂતો માટે શક્ય નથી માટે ઉચ્ચકક્ષાએથી ટેકાના ભાવે ઘઉંની ખરીદી માટે રજીસ્ટ્રેશન પ્રક્રિયા તાત્કાલિક શરૂ કરી જિલ્લા અને તાલુકા લેવલે ખરીદ કેન્દ્રો તાત્કાલિક શરૂ કરવામાં વ્યવસ્થા ઉભી કરવા રાજ્યના મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણી અપીલ કરી તાત્કાલિક સૂચના આપવા જણાવાયું છે,

વધુમાં ભગવાન સોલંકી દ્વારા જણાવવામાં આવેલ કે દર વર્ષ સમગ્ર સૌરાષ્ટ્રના હવામાનમાં સતત થતા ફેરફારના પ્રભાવ કારણે સરકારી કેલેન્ડર પ્રમાણે જુદી જુદી સીઝનના પાકો લળી શકાય તે આજની પરિસ્થિતિએ ધરતી ઉપરના આવરણ મુજબ શક્ય નથિ, આ વર્ષ સમય કરતાં વહેલો રવિપાક લળણી શરૂ થયેલ છે, તેવા સંજોગોમાં સરકાર જુદા જુદા વિસ્તારોના ખેતીપાકના વાવેતર અને લલણીના સમયને ધ્યાનમાં રાખી ટેકાના ભાવે ખરીદ કેન્દ્રો કાર્યરત કરવા લાગુ પડતા વિભાગોનું સંકલન સાધી સમય મર્યાદામાં શરૂ કરવા જોઈએ આ બાબતે ખેડૂત સમાજના પ્રમુખ ભગવાન સોલંકી દ્વારા રાજ્યના કેબિનેટ મિનિસ્ટર જયેશભાઈ રાદડીયાને ટેલિફોનિક રજુઆત કરતા આઠ માર્ચ સુધીમાં ખરીદ કેન્દ્રો કાર્યરત કરી દેવાની જાણકારી આપેલ અને હાલમાં જે ખેડૂતોએ ઘઉં લળણિ કરી લીધેલ છે, તેવા ખેડૂતો ટેકાનો ભાવ લેવા માટે થોડી પ્રતીક્ષા કરે તો ખેડૂતોને રાજ્ય સરકાર દ્વારા ઘઉંનો જાહેર કરેલ ભાવ મેળવી શકે તેવું જણાવવામાં આવેલ.

# મિરારોડમા ચાર કિલો ગાંજાસાથેએકનીઅટક

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૭

મિરા-ભાયંદર વસઈ-વિરાર પોલિસ કમિશ્નરેટની ક્રાઈમ બ્રાંન્ચ યુનિટ દ્વારા મિરારોડના કાશિમીરા વિસ્તારમાથી એક આરોપીની અટક કરી ચાર કિલો ગાંજો જપ્ત કર્યો છે. મિરા-ભાયંદર ક્રાઈમ બ્રામ્ન્ચ યુનિટના પીઆઈ જિતેન્દ્ર વનકોટીની ટીમ પેટ્રોલિંગ કરી રહી હતી, ત્યારે મિરાગાવઠણ વિસ્તારના ડેલ્ટા ગાર્ડન બિલ્ડીગ સામે પાણીની ટાંકી સામે એક રિક્ષાની આડમા એક એયક્તિ શંકાસ્પદ હાલતમા બેસેલો જોવા મળ્યો હતો. પોલિસને જોઈને ભાગવાનો પ્રયત્ન કરતો હતો.પોલિસે તેને પકડીને પૂછપરછ કરતા તે જોગ્રેશ્વરીના મોગરા વિલેજમા રામગડ ટેકરી ખાતે ન્યુ અંધેરી પ્લોટ વિસ્તારમા રહેતો હોવાનું જણાવ્યુ હતુ.તેની તલાશી લેતા તેની પાસેથી એક પ્લાસ્ટીકની થેલીમાથી ચાર કિલો ગાંજો તેમજ ૧૯,૭૦૦/- રૂપિયા રોકડા મળી આવ્યા હતા. ક્રાઈમ બ્રાંન્ચના સ્ટાપ દ્વારા તેની અટક કરી તેની વિરુધ્ધ કાશિમીરા પોલિસમા ગુનો નોંધાવ્યો છે.

વડોદરાના વિષ્ણુ સોલંકી, કેદાર દેવધર, અવિ બરોત, અર્જુન તેંડુલકર પર સૌની નજર

## આજે ઓક્શન : કરોડોની બોલી લાગી શકે છે નવા પ્લેયરો પર

નવી દિલ્હી,તા.૧૭

IPLની ૧૪મી સીઝન માટે મિની ઓક્શન આવતીકાલે ચેન્નઈમાં થશે. આ વખતે ઓક્શનમાં ભારતના ઘરેલુ ટૂર્નામેન્ટ્સમાં નીકળેલા અનેક શાનદાર ખેલાડીઓ સામેલ થઈ રહ્યાં છે. આ ખેલાડીઓએ ડોમેસ્ટિક લેવલ પર પોતાની યોગ્યતા પુરવાર કરી છે. ૨૦ લાખ બેઝ પ્રાઈઝ ધરાવનાર વડોદરાના વિષ્ણુ સોલંકી, કેદાર દેવધર, અવિ બરોત જેવા બેટ્સમેન પર કરોડોની બોલી લાગી શકે છે. તેમનો ટી-૨૦માં સ્ટ્રાઈક રેટ ૧૨૦થી વધુની છે.

હાલમાં જ એક ટૂર્નામેન્ટમાં ૩૧ બોલ પર ૭૭ રન બનાવનાર અર્જુન તેંડુલકર પર પણ ફ્રેન્ચાઈઝીની નજર રહેશે. જાણીએ તે ૧૦ નવા ચહેરા અંગે જેના પર IPL ઓક્શનમાં સારી બોલી બોલાય શકે છે.



વડોદરાના આ ખેલાડીએ સૈયદ મુશ્તાક અલી ટૂર્નામેન્ટના નોકઆઉટ રાઉન્ડમાં પોતાના પરફોર્મન્સથી સૌનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું છે. તેને ટૂર્નામેન્ટમાં ૮ મેચમાં ૫૩.૪૦ના સરેરાશથી ૨૬૭ રન બનાવ્યા. આ દરમિયાન તેની સ્ટ્રાઈક રેટ ૧૨૮.૩૬ની રહી. જેમાંથી ૨૧૯ રન તેને અંતિમ ૫ મેચમાં બનાવ્યા. સોલંકીએ છેલ્લી ૫ ઈનિંગમાં ૨૮, ૫૯, ૭૧ (ક્વાર્ટરફાઈનલ), ૧૨ (સેમીફાઈનલ), ૪૯ (ફાઈનલ) રન બનાવ્યા. સોલંકીએ ટૂર્નામેન્ટમાં ૨૧ ચોગ્ગા અને ૧૨ છગ્ગા લગાવ્યા. જો કે તેની ટીમને ફાઈનલમાં તમિલનાડુ સામે હારનો સામનો કરવો પડ્યો હતો.

૨૯ વર્ષના ફાસ્ટ બોલર લુકમાન સૈયદ મુશ્તાક અલી ટૂર્નામેન્ટમાં સૌથી વધુ વિકેટ મેળવનાર બીજો બોલર રહ્યો. તેને ૮ મેચમાં ૬.૫૧ની ઈકોનોમીથી ૧૫ વિકેટ લીધી. જેમાં એક ઈનિંગમાં ૫ વિકેટ પણ સામેલ છે. ટૂર્નામેન્ટ દરમિયાન તેની સરેરાશ ૧૩.૨૬ની રહી. એટલે કે દરેક ૧૩ બોલ પર તેને વિકેટ મળી.ઁ-ઓક્શનમાં અનેક ટીમ પાસે સારા પેસ બોલર્સની ખોટ છે. એવામાં લુકમાન એક સારો ઓપ્શન સાબિત થઈ શકે છે.

વડોદરાના કેદાર સૈયદ મુશ્તાક અલી ટૂર્નામેન્ટના બીજા હાઈએસ્ટ રન સ્કોરર છે. તેઓએ ૨૦૨૧ની સીઝનમાં ૬૯.૮૦ની સરેરાશથી ૩૪૯ રન બનાવ્યા. આ દરમિયાન તેની સ્ટ્રાઈક રેટ ૧૧૩.૬૮ની રહી. ટોપ રન સ્કોરર નારાયણ જગદીશન પહેલાંથી જ IPL ફ્રેન્ચાઈઝી સાથે જોડાય ગયો છે. એવામાં દેવધર અનેક ફ્રેન્ચાઈઝની નજરમાં હોય શકે છે.

## કિંગ્સ ઈલેવન પંજાબ હવે ઓળખાશે નવા નામથી : નવું નામકરણ પંજાબ કિંગ્સ

નવી દિલ્હી,તા.૧૭

ઈન્ડિયન પ્રીમિયર લીગની ૧૪મી સીઝનનું આયોજન એપ્રિલ-મેમાં થશે. કિંગ્સ ઈલેવન પંજાબ એ જૂજ ટીમોમાંની એક છે, જે અત્યારસુધીમાં એકપણ ખિતાબ પોતાના નામે કરી શકી નથી, પરંતુ ૧૪મી સીઝન અગાઉ ટીમે એક મોટો ફેરફાર કર્યો છે. કિંગ્સ ઈલેવન પંજાબે પોતાનું નામ બદલ્યું છે અને ઈન્ડિયન પ્રીમિયર લીગની આગામી સેશનમાં એ પંજાબ કિંગ્સ ટીમ તરીકે ઓળખાશે.

કિંગ્સ ઈલેવન પંજાબ આઈપીએલની એ આઠ ટીમમાંની એક છે, જે યુએઈમાં છેલ્લા સેશનમાં રમી હતી. બીસીસીઆઈની એક સૂત્રના અનુસાર, 'ટીમ લાંબા સમયથી નામ બદલવાનું વિચારી રહી હતી અને લાગ્યું કે આ આઈપીએલ અગાઉ જ એ કામ કરવું યોગ્ય રહેશે. આ કોઈ અચાનક લેવાયેલો નિર્ણય નથી.' મોહિત બર્મન, નેસ વાડિયા, પ્રીતિ ઝિંટા અને કરણ પૉલની ટીમ અત્યારસુધી એકવાર પણ આઈપીએલ જીતી શકી નથી. મોહિત બર્મન, નેસ વાડિયા, પ્રીતિ ઝિંટા અને કરણ પૉલની ટીમ અત્યારસુધી એકવાર પણ આઈપીએલ જીતી શકી નથી. એકવાર પણ IPL ન જીતનારી પંજાબની ટીમે અનેક મોટા ખેલાડીઓને રિલીઝ કર્યા છે.

## અભિનેતા પ્રભાસને લૉકડાઉન પડ્યુ ભારે : ડુબી ગયો ૧૦૦૦ કરોડના દેવામાં



(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૬

વર્ષ ૨૦૨૦ આખી દુનિયામાં મુશ્કેલીઓ લઈને આવ્યુ. આ સિલસિલમાં બાહુબલી જેવી ધાંસૂ ફિલ્મ આપનારો એક્ટર પ્રભાસ પણ ઘાટામાં આવી ગયો. તેની ખુદની પ્રૉડક્શન કંપની પણ નુકશાનમાં ઉતરી ગઈ, અને કારણે એક્ટર પ્રભાસ લગભગ ૧૦૦૦ કરોડના દેવામાં ડુબી ગયો છે.એક્ટર પ્રભાસની કંપની યૂવી ક્રિએશન્સ હવે ફિલ્મ રાધે શ્યામ લઈને આવી રહી છે. ફિલ્મમાં પ્રભાસ અને પૂજા હેગડે લીડ રોલમાં છે. બન્નેની ફિલ્મનુ ટીડર પણ રિલીઝ કરવામાં આવી ચૂક્યુ છે. ફિલ્મનુ શૂટિંગ યુરોપમાં કરવામા આવ્યુ છે. જે ૩૦ જુલાઈએ રિલીઝ થવાની છે. કંપનીને ભારે નુકશાનના કારણે પ્રભાસ અને તેની ટીમને આ ફિલ્મથી ખુબ મોટી આશા છે. ફિલ્મમાં પ્રભાસ લવર બૉયની ભૂમિકા નિભાવી રહ્યો છે. ફિલ્મનુ નિર્દેશન રાધા કૃષ્ણ કુમારે કર્યુ છે.

## હાર બાદ બહાના બનાવતી ટીમ ઈંગ્લેન્ડને ગંભીરનો જવાબ : વિકેટ માટે પ્રતિભાની જરૂર

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૬

ચેપોકમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાયેલી બીજી ટેસ્ટ મેચમાં ખેલાડીઓના પ્રદર્શન કરતા વધારે ગ્રાઉન્ડ પિચ ચર્ચાઈ રહી છે. ચેપોકની પિચ પ્રથમ દિવસ પછી ઘણી બદલાઈ ગઈ છે, ત્યારબાદ ઈંગ્લેન્ડના કેટલાક ભૂતપૂર્વ ખેલાડીઓએ પિચ પર સવાલ ઉઠાવ્યા હતા. માઈકલ વોને કહ્યું કે તેને આવી પિચ સેજ પણ પસંદ આવી નથી. મેચ ત્રણ દિવસ ચાલે તેવું નથી અને બેટિંગ લગભગ અશક્ય છે. ગૌતમ ગંભીરે આ ભૂતપૂર્વ ખેલાડીઓએ પિચની ટીકા કરતા યોગ્ય જવાબ આપ્યો છે. બીજી ટેસ્ટના ત્રીજા





દિવસે કોમેન્ટ્રી દરમિયાન ગૌતમ ગંભીરે કહ્યું કે ચેન્નાઈની પીચ ગમે તે હોય, વિકેટ લેવા માટે પ્રતિભાની જરૂર રહેશે.

ગૌતમ ગંભીરે કહ્યું કે ચેન્નાઈની આ પિચ પર ભારતીય સ્પિનરો અને ઈંગ્લેન્ડના સ્પિનરો વચ્ચે ઘણો તફાવત હતો. આ જ કારણ છે કે ચેન્નઈની પીચ પર ઈંગ્લેન્ડનો બેટ્સમેને ઈનિંગમાં ફક્ત ૧૩૪ રન જ બનાવ્યા હતા અને ભારતીય બેટ્સમેનોએ પ્રથમ ઈનિંગમાં ૩૨૯ રન અને બીજી ઈનિંગમાં ૨૮૬ રન બનાવ્યા હતા. ચેન્નઈ ટેસ્ટના ત્રીજા દિવસે આર.અશ્વિને સદી ફટકારી ઈંગ્લેન્ડના પૂર્વ ખેલાડીઓની બોલતી બંધ કરી દીધી હતી. અશ્વિને ૧૦૬ રન બનાવીને સાબિત કર્યું કે જો ટેકનીક સાચી હોય તો ચેન્નઈની પીચ પર પણ રન બનાવી શકાય છે. અશ્વિને ચેન્નઈની મુશ્કેલ પિચ પર ૧૪ ચોગ્ગા અને ૧ છગ્ગા ફટકાર્યા હતા. અશ્વિનની સ્ટ્રાઈક રેટ ૭૦ કરતા વધારે છે. એટલું જ નહીં અશ્વિને ૧૧ માં નંબર પર બેટિંગ કરવા આવેલા મોહમ્મદ સિરાજ સાથે ૪૯ રનની ભાગીદારી કરી હતી. અશ્વિન પહેલાં વિરાટ કોહલીએ શાનદાર અડધી સદીની ઈનિંગ પણ રમી હતી. વિરાટ કોહલીએ ૧૪૯ બોલમાં ૬૨ રન બનાવ્યા હતા.

## ચેન્નાઈ ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાને મોટો ઝટકો, શુબમન ગીલ થયો ઈજાગ્રસ્ત

(જી.એન.એસ.)ચેન્નાઈ,તા.૧૬

ઈંગ્લેન્ડની સામે ચેન્નાઈમાં રમાતી બીજી ટેસ્ટ મેચ દરમિયાન ટિમ ઈન્ડિયાને મોટો ઝટકો લાગ્યો છે. ભારતીય ટીમના યુવા ઓપનિંગ બેટ્સમેન શુભમન ગિલ ઈજાગ્રસ્ત થયો છે. ચેન્નાઈમાં રમાતી બીજી ટેસ્ટ મેચના ચોથા દિવસે શુભમન ગિલ ફિલ્ડિંગ કરશે નહીં. તમને જણાવી દઈએ કે, ટેસ્ટ મેચના ત્રીજા દિવસે શુભમન ગિલને ફિલ્ડિંગ કરતા સમયે હાથનાં કાંડામાં ઈજા થઈ હતી. ત્યારબાદ હવે અમદાવાદમાં ૨૪ ફેબ્રુઆરીના યોજાનાર પિંક બોલ ટેસ્ટ મેચથી પહેલા ટીમ ઈન્ડિયાની મુશ્કેલી વધી શકે છે.

ભારતીય ક્રિકેટ બોર્ડે જણાવ્યું કે ૨૧ વર્ષીય ગિલને સાવચેતી તરીકે સ્કેન કરવામાં આવ્યો છે. ગિલ મેચની પ્રથમ ઈનિંગ્સમાં ખાતું ખોલાવી શક્યો ન હતો જ્યારે બીજી ઈનિંગમાં તેણે ૧૪ રન બનાવ્યા હતા. બીસીસીઆઈએ નિવેદનમાં કહ્યું, બીજી ટેસ્ટ મેચના ત્રીજા દિવસે ફિલ્ડિંગ કરતા સમયે ગિલના હાથ પર બોલ વાગ્યો હતો.

સાવચેતીના પગેલ સ્કેન કરાવવા માટે લઈ જવામાં આવ્યો. તેમાં કહેવામાં આવ્યું છે, બીસીસીઆઈની મેડિકલ ટીમ તેની ઈજાનું આંકલન કરી રહી છે. તે આજે ફિલ્ડિંગ નહીં કરે. તમને જણાવી દઈએ કે, ઓપનિંગ બેટ્સમેન શુભમન ગિલે ભારતની ઓસ્ટ્રેલિયામાં ઐતિહાસિક જીતમાં મહત્વની ભૂમિકા નિભાવી હતી.

## હિના ખાને બોયફ્રેન્ડ રોકી સાથે કરી સગાઈ?



(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૬

નાના પડદેથી બોલિવૂડની ફિલ્મોમાં એન્ટ્રી કરનાર અભિનેત્રી હિના ખાન પણ સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે. હિના ખાન તેના ચાહકો સાથે જોડાઈ રહેવા માટે રસપ્રદ પોસ્ટ શેર કરતી રહે છે. તાજેતરમાં જ તે આવી જ કેટલીક પોસ્ટ્સને કારણે જબરદસ્ત ચર્ચમાં છવાયેલી જોવા મળી રહી છે. આ પોસ્ટ પછી, હિના ખાનના ચાહકો પૂછી રહ્યા છે કે શું તેને સગાઈ કરી લીધી? તે જ સમયે સગાઈની અફવાઓ સાથે ડાયમંડ રીંગ વાળી હિનાની તસવીરો પણ ખૂબ વાયરલ થઈ રહી છે.

તાજેતરમાં જ હિનાના બોયફ્રેન્ડના રોમેન્ટિક ફોટા સામે આવ્યા હતા. હકીકતમાં, હિના ખાને તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર કેટલીક તસવીરો શેર કરી છે, જેમાં તે ફૂલોના ગુલ્સતા સાથે હાથમાં ડાયમંડ વીંટી ફલોન્ટ કરતી જોવા મળી રહી છે. હિનાએ આ રિંગ સાથે જે તસવીરો શેર કરી છે તેમાં તે ખૂબ જ સુંદર લાગી રહી છે. તે જ સમયે, હિના આ હાથોમાં સફેદ અને ગુલાબી રંગના ગુલાબ સાથે જોવા મળી રહી છે. આ તસવીરો શેર કરતાં હિના ખાને લખ્યું- 'યે હાં હૈ! વેલેન્ટાઈન પર ઈસસે બેહતર ઓર ખૂબસૂરત ઓર કુછ નહીં હો સકતા થા'. આ કેપ્શન પછી એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે આ રીંગને હિનાને વેલેન્ટાઈન ડે પર તેના બોયફ્રેન્ડ રોકી જયવાલ દ્વારા ગિફ્ટ કરવામાં આવી છે.

આ કેપ્શનમાં તેણે બ્રાન્ડનું પ્રમોશન પણ કર્યું છે. હિના ખાનની આ પોસ્ટથી ધમાલ મચી ગઈ છે, ચાહકો તેને પૂછતા જોવા મળે છે, શું તેઓ ખરેખર સગાઈ કરી છે? રિલેશનશિપની વાત કરીએ તો હિના ખાન ઘણા સમયથી બોયફ્રેન્ડ રોકીને ડેટ કરી રહી છે. રોકી બિગ બોસમાં હિનાને સપોર્ટ આપવા પણ પહોંચ્યો હતો. આ સાથે જ હિનાએ એક ઈન્ટરવ્યુ દરમિયાન એમ પણ કહ્યું છે કે રોકી તેના માતા-પિતાને પણ પસંદ કરે છે. બંને એકબીજાના પરિવારને મળી ચુક્યા છે.

## ટીવી એક્ટ્રેસ એકતા કપૂરને ઈન્કાર કર્યો ઈન્ડિયન ટેલિવિઝન એકેડમીનો 'હોલ ઓફ ફેમ' અવોર્ડનો



મુંબઈ,તા.૧૭

ઈન્ડિયન ટેલિવિઝન એકેડમી અવોર્ડના ૨૦મા એડિશનનું કાલે આયોજન થયું હતું. કન્ટેન્ટ ક્વીન એકતા કપૂર ઘણા વર્ષોથી ઈન્ડિયન ટેલિવિઝન પાછળની પ્રમુખ કન્ટેન્ટ પ્રોવાઈડર રહી છે. એકતાને ઈન્ડિયન ટેલિવિઝન એકેડમી ૈ(છ) અવોર્ડમાં 'હોલ ઓફ ફેમ'થી નવાજવામાં આવી. દેશમાં ઘણા લોકો માટે એકતા જાણીતું નામ રહ્યું છે. તેણે ટીવી, બોલિવૂડ,્ દરેક જગ્યાએ તેનું કન્ટેન્ટ પ્રોવાઈડ કરાવ્યું છે અને આ જ કારણ છે કે કન્ટેન્ટની આ રાણી માટે આ 'હોલ ઓફ ફેમ' અવોર્ડ સંપૂર્ણ રીતે યોગ્ય છે. અવોર્ડ સ્વીકારતા એકતાએ કહ્યું, 'હું 'હોલ ઓફ ફેમ' અવોર્ડ ન લઈ શકું. મને લાગે છે કે મેં હજુ શરૂઆત કરી છે. મારા માટે આ જર્ની રસપ્રદ રહી છે પણ હું એ તમામ એક્ટર્સનો આભાર માનવા ઈચ્છું છું જે મારી જર્નીનો હિસ્સો રહ્યા છે. પરંતુ મિત્રો હજુ મેં શરૂઆત કરી છે.' એકતાએ આ આજીવન ઉપલબ્ધી પુરસ્કારને પોતાની જર્નીનો હિસ્સો બનાવવા માટેૈ્છ, તેના પરિવાર અને મિત્રોનો પણ આભાર માન્યો. એકતા કપૂરે સોશિયલ મીડિયા પર લખ્યું કે, 'અવોર્ડ અને પ્રેમ માટે આભાર.'

એકતા કપૂરનો જન્મ ૧૯ જૂન ૧૯૭૫ના રોજ થયો હતો. તે એક ઈન્ડિયન ટીવી પ્રોડ્યુસર, ફિલ્મ પ્રોડ્યુસર અને ડિરેક્ટર છે. તેણે ૨૦૧૭માં ઓલ્ટ બાલાજી લોન્ચ કર્યું. ૨૦૨૦માં તેને પદ્મ શ્રી અવોર્ડ મળ્યો. અત્યારસુધી તે ૧૦૦થી વધુ ટીવી શો અને ૩૦થી વધુ ફિલ્મો પ્રોડ્યુસ કરી ચૂકી છે.

## ફક્ત ૪૨ દિવસની અંદર તાપસી પન્નુની ફિલ્મ 'લૂપ લપેટા' શૂટ થઈ ગઈ



મુંબઈ,તા.૧૭

એક્ટ્રેસ તાપસી પન્નુ અને એક્ટર તાહિર રાજ ભસીનની ફિલ્મ 'લૂપ લપેટા'નું શૂટિંગ પૂરું થઈ ગયું છે. તેમણે માત્ર ૪૨ દિવસમાં શૂટિંગ કરી લીધું છે. શૂટિંગ દરમ્યાન દરેક વખતે તાહિર અને તાપસીના ઈ્-ઁઝઈ ટેસ્ટ થતા રહેતા હતા અને સેટ પર એરપોર્ટ જેવી સિક્યોરિટી પણ રહેતી હતી.

તાહિરે કહ્યું, 'અમે મિડ ડિસેમ્બરમાં શૂટ શરૂ કર્યું હતું. બધા સેફટી પ્રોટોકોલ્સ સાથે અમારું શૂટિંગ થયું. સેટ પર પહોંચીને પહેલું કામ ઓક્સિજન ચેક કરવાનું હતું. ત્યારબાદ આખા બોડી પર સ્પ્રે કરવામાં આવતો હતો. આખી વેનિટી સેનિટાઈઝ કરવામાં આવતી. એટલે રોજ અડધો પોણો કલાક આમાં જતો તેમ છતાં અમે માત્ર ૪૨ દિવસમાં તેનું શૂટિંગ પૂરું કર્યું છે. એકદમ એરપોર્ટવાળી સિક્યોરિટી સેટ પર રહેતી હતી અને આ ઘણી મોટી વાત છે.'

તાહિરે આગળ જણાવ્યું કે, લૂપ લપેટા રોમેન્ટિક ઝોનરની ફિલ્મ છે. આવામાં વધુ પડતી સિક્યોરિટી તો રોમેન્ટિક સીન શૂટ કરવામાં લાગી. ખાસ કરીને એક્ટર્સના કેસમાં હું અને તે એટલા માટે કારણકે કો-એક્ટર્સને એકબીજાની નજીક આવવાનું હતું. તે માસ્ક વગરના હતા. હર બીજે ત્રીજે દિવસે નજીક આવીને ડાયલોગ ડિલિવર કરવાનો હતો. શૂટિંગ દરમ્યાન એક પ્લેટમાંથી જમતા પણ હતા. એક જ ગ્લાસથી પાણી પણ પિતા હતા. આવામાં અમારા આર્ટિસ્ટના ઈ્-ઁઝઈ ટેસ્ટ થતા હતા. આ નેઝલ સ્વોબ ટેસ્ટ હોય છે. તે પણ એક દિવસ અગાઉ. આ ટેસ્ટ નેગેટિવ આવે ત્યારબાદ જ રોમેન્ટિક સીન શૂટ થતો હતો. આ એવી બીમારી છે, જે અડવાથી વધુ નજીક આવવા પર ફેલાય છે. પણ બધાની સેફટી માટે અમારા આ ટેસ્ટ થતા રહ્યા.'

ફિલ્મમાં તાપસી અને તાહિર લીડ રોલમાં છે. ફિલ્મને તનુજ ગર્ગ, અતુલ કાસબેકર અને આયુષ માહેશ્વરીએ પ્રોડ્યુસ કરી છે. સાથે જ આકાશ ભાટિયાએ ડિરેક્ટ કરી છે.

# 'આપ' સાયલન્ટ કિલર બને તેવો અન્ય પક્ષોને ભય

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૧૭

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનાં કાર્યક્રમ અનુસાર રવિવારે ૬ મહાપાલિકાનું તેમજ ત્યાર બાદ એક સપ્તાહે જિલ્લા-તાલુકા પંચાયતો અને નગરપાલિકાઓનું મતદાન ઈ.વી.એમ. (વીવીપેટ વગર) યોજાનાર છે. ત્યારે રાજ્યનાં ઈતિહાસમાં વધુ એક વાર ભાજપ તથા કોંગ્રેસને પડકારવા દેશના કેટલાક રાષ્ટ્રીય કે પ્રાદેશિક પક્ષોએ બિડુ ઉઠાવી આડકતરી રીતે બે માંથી એકાદ પક્ષને ફાયદો કરાવી આપવાનું નિશાન પણ આપ્યું છે. રાજ્યમાં મુખ્ય પ્રતિસ્પર્ધી ભાજપ અને કોંગ્રેસનાં નેતાઓનું બ્લડ પ્રેશર પક્ષ પલ્ટા અને બળવાખોરી જેવી બાબતથી નથી વધી રહ્યું તેટલું આપ (આમ આદમી પાર્ટી)નાં ઘેર-ઘેર મતદારોનાં સીધા સંપર્ક બાદ આ નવી આવેલ પાર્ટી દ્વારા મોંઘવારી, ભ્રષ્ટાચાર, બેરોજગારી અને સત્તા પ્રાપ્તિ બાદ અપાયેલ વચનોનો બીજો ઉપયોગ થવા સામે મતદારોમાં જાગૃતિ લાવતાં આ પક્ષ બન્ને પક્ષ માટે સાયલન્ટ કિલર સાબિત થાય તેવા રાજકીય સમીકરણો સર્જાતા હોવાથી વર્ષો જૂના પક્ષોનાં મોવડીઓ તથા કાર્યકરો પણ મુંઝવણાં મુકાયા છે.

**સેન્સેક્સ મંગળ સુધી ભલે પહોંચે પણ ભૂતકાળમાં વિપક્ષમાં હતા ત્યારના વાયદાઓનો ભાજપના નેતાઓ-આગેવાનોને સામનો મુશ્કેલ બન્યો**

રાજ્યમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની સામાન્ય ચૂંટણીના મતદાનને થોડા જ દિવસો રહ્યા છે ત્યારે તમામ પક્ષોએ તથા ઉમેદવારોએ પ્રચાર કાર્યમાં પુરેપુરી તાકાત લગાવી છે. પોતાની નિષ્ફળતાઓ છુપાવવા કેટલાક સ્થળોએ ભાજપ-કોંગ્રેસે ઉમેદવારો બદલી નવા ચહેરા આપ્યા છે. પરંતુ સૌથી મોટી સમસ્યા ભાજપ માટે ચૂંટણી પ્રચાર સમયે મતદાન પહેલા જ પેટ્રોલિયમ્સ ઉત્પાદનોમાં દરરોજ યોગ્ય કારણ વગર જ સતત ભાવ વધારો કંપનીઓ દ્વારા થતો હોવાથી સામાન્ય મધ્યમવર્ગ પણ અંદરખાને પોતાની નારાજગી વ્યક્ત કરી રહ્યો છે. જે નારાજગી ઈ.વી.એમ.નું બટન દબાવતા સમયે મતદાર સમક્ષ આવી જાય તો પક્ષને મોટું નુકશાન થવાનો પણ ડર સતાવી રહ્યો છે.

સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં સ્થાનિક મુદ્દાઓની ચર્ચા હોય તો રસ્તા, ગેરકાયદેસરનાં દબાણો, પાર્કિંગની અસુવિધા, સફાઈમાં વધુ કચરાનું ઉત્પાદન થાય તેવ કેટલા કાયદાઓનાં કારણે રસ્તા પર કચરા-ગંદકીના ઢગલાઓ જોવા ન મળતા હોય તેવા વિસ્તાર કે માર્ગો આંગળીના વેઢે ગણાય તેટલા હશે પરંતુ મુખ્ય બજારો કે સરકારી કચેરીઓ આસપાસ ભયંકર ગંદકી-કચરો જોવા મળે છે. પાણી જેવા મુદ્દે રાજ્યમાં ૧૫૦ ટકા જેવો વરસાદ થયા બાદ બધા જળાશયો છલોછલ ભરેલા હોય તો પણ અપુરતા દબાણથી ઓછું પાણી મળે છે.

પ્રમાણિક કરદાતા ચાલુ વર્ષનો વેરો ભરવા જાય તો વર્ષ પુરૂં થયા પહેલા જ તેની પાસેથી વ્યાજની ગેરકાયદેસર રીતે વસુલાત કરી મહાપાલિકાની તિજોરી ભરવાના પ્રયાસ થાય છે. અઢળક કરવેરો ચૂકવ્યા બાદ પણ શહેરીજનોને મળવી જોઈતી પ્રાથમિક સુવિધાઓથી અસંખ્ય વિસ્તારો-મતદારો વંચિત હોવાથી મતદારો સ્વયંભુ મતદાનનો બહિષ્કાર કરતા હોવાની પણ વાતો બહાર આવેલ છે.

મહાનગર કે સ્થાનિક ચૂંટણી સમયે જીવનજરૂરી ચીજ વસ્તુઓ તેમજ પેટ્રોલ-ડીઝલનાં વધી રહેલા ભાવોમાં સરકાર જનતાના હિતમાં પોતાના હિસ્સામાં વધારેલા કરની રકમ (અગાઉ કરતાં અનેક ગણો કર) ઘટાડી જનતાને રાહત આપવામાં આનાકાની કરી આજે જે નેતાઓ ભાવ વધારાનો લુલો બચાવ કરે છે તેમણે આજથી આઠ-દશ વર્ષ પહેલાનો પોતાનો ભૂતકાળ ચકાસી પોતે ભાવવધારા સામે કરેલા આંદોલનો સમયે આપેલા ભાષણો અને વચનો સત્તા મળતા ભૂલી ગયા લાગે છે !

વર્તમાન ચૂંટણીમાં ભાજપના નેતાઓ જાણી જોઈ મોંઘવારી, ભ્રષ્ટાચાર અને ભાવવધારા જેવા મહત્વના મુદ્દાઓ મતદારોને ભૂલાવવા અને તેનું ધ્યાન બીજી તરફ દોરી અગાઉ થયેલ નિષ્ફળતાઓ ઢાંકવાના ભરપુર પ્રયાસો થઈ રહ્યા છે. પરંતુ મતદારોને દરરોજ પોતના ખિસ્સા હળવો થતો ભાર નજર સમક્ષ દેવાખાવા લાગ્યો છે. આ વાતનો ડર અંદરખાને નેતાઓને સતાવી રહ્યો છે. છતાં પક્ષનાં નેતાઓને ચમત્કાર સાથે પોતાના ઉમેદવારોના વિજયની આશા વ્યક્ત કરે છે.

દેશની વર્તમાન સ્થિતીએ શેરબજાર ભલે આકાશને આંબવાનો પ્રયાસ કરે પરંતુ ગરીબો દરિદ્ર અવસ્થામાં અને ઉચ્ચ મધ્યમવર્ગ ખસકી મધ્યમવર્ગમાં તો મધ્યમવર્ગ ખસકી ગરીબ વર્ગમાં આવી રહ્યો છે ત્યારે સતાધારી પક્ષનાં વચનો ઝાંઝવાનાં જળ સાબિત થઈ રહેલ છે. દેશનાં સૌથી વધુ મતદારવર્ગ ગરીબો, મધ્યમવર્ગ, વેપારીઓ, ખેડૂતો તેમજ શિક્ષીત બેરોજગારી ઉપરાંત અનેક લાગુ કરાયેલા અવ્યવહારૂ નિયમો-કાયદાથી સામાન્ય મતદાર મુશ્કેલી અનુભવી રહ્યો છે. મતદારોમાં છૂપાયેલ રોષ કોને ફાયદો કરાવી આપે છે અને કોને કેટલું નુકશાન પહોચાડે તે તો ચૂંટણી પરિણામ (મતદારોનો ચૂકાદો) જ નક્કી કરી આપશે.

**પંજાબનાં સ્થાનિક ચૂંટણીનાં પરિણામો બાદ કેટલાક સટોડીયાઓ ગુજરાતમાં ભાજપ માટે કપરા ચઢાણ હોવાનું કહી રહ્યા છે**

સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં મેદાનમાં ઉતરેલા પક્ષોએ મતદારોને પોતાના પક્ષ તરફ આકર્ષવા ઢંઢેરા બહાર પાડી મતદારોને માલામાલ કરવાનાં સીધા-આડકતરા વચનો આપેલ છે. મતદારો ચૂંટણી સમયે આવા વચનો સાંભળી ચૂક્યા હોવાથી પોતાનું મન અકળ રાખતા હોવાથી રાજનેતાઓને અંદરખાનો અકળામણ વધી રહી છે. રાજ્યમાં આમ આદમી પાર્ટી માટે વકરો તેટલો નફો જેવી સ્થિતી હોવાથી કંઈ જ ગુમાવવાનું ન હોવાથી આ પાર્ટી જે કાંઈ રાજકીય કાઠું કાઢે તે મુખ્ય રાજકીય પક્ષો ભાજપ તથા કોંગ્રેસ માટે ચેતવણીની ઘંટડી અને લાલબત્તી સમાન બની રહેશે.

## બોટાદ : કોંગ્રેસના ઉમેદવારોપત્રો રદ થવા મામલે વડી અદાલતની નોટીસ

**ઉમેદવારોએ ન્યાય માટે અદાલતનો દરવાજો ખટખટાવતા અદાલતે સરકાર અને ચૂંટણી પંચને નોટીસ ફટકારી**

ચક્રવાત ટીમ બોટાદ, તા.૧૭

રાજ્યમં બીજા તબક્કામાં યોજાનાર જિલ્લા-તાલુકા પંચાયતો તેમજ નગરપાલિકાની ચૂંટણીના ઉમેદવારીપત્રકો ચકાસણી સમયે ચૂંટણી અધિકારીઓ દ્વારા ઉમેદવારોની રજૂઆતો સાંભળ્યા વગર જ મનસ્વી રીતે રદ કરવાના બનાવો વર્તમાન ચૂંટણીમં વધી જવા પામતા રદ કરાયેલ ઉમેદવારીપત્રો મામલે કોંગ્રેસના પાલિતાણા પાલિકા બાદ બોટાદ જિલ્લા પંચાયતના ૧૮ ઉમેદવારોએ ચૂંટણી પ્રક્રિયામાં ટકી રહેવા ન્યાય મેળવવાના હેતુથી રાજ્યની વડી અદાલતમાં પોતાના ધારાશાસ્ત્રી આનંદ યાજ્ઞિક મારફતે અરજી દાખલ કરતાં અદાલતે અરજીનો સ્વિકાર કરી રાજ્ય સરકાર અને ચૂંટણી પંચને નોટીસ ફટકારી આ સમગ્ર મામલે વધુ સુનાવણી તા.૨૦ના રોજ મુકરર કરેલ છે.

બોટાદ જિલ્લા પંચાયતના ચૂંટણી જંગમાં કોંગ્રેસે મેદાનમાં ઉતારેલા ઉમેદવારોના પત્રકો ચકાસણી સમયે યોગ્ય રજૂઆતો સાંભળ્યા વગર જ ચૂંટણી અધિકારી દ્વારા રદ કરવામાં આવતા ઉમેદવારોનો ચૂંટણી લડયાનો અધિકાર સમાપ્ત થતાં આ મામલે બોટાદ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રમેશ મેર તથા ઉમેદવારી રદ થયેલ ૧૮ ઉમેદવારોએ રાજ્યની વડી અદાલતમાં ન્યાયની માંગ સાથે કરેલ અરજીનો વડી અદાલતે સ્વિકાર કરી આ મામલે રાજ્ય સરકાર તથા ચૂંટણી પંચને નોટીસ ફટકારી જવાબ રજૂ કરવા જણાવી આ મુદ્દાની તાત્કાલિક સુનાવણી કરવી જરૂરી હોવાથી વધુ સુનાવણી તા.૨૦ના રોજ મુકરર કરેલ છે. અરજદાર તરફથી વડી અદાલતમાં ધારાશાસ્ત્રી તરીકે આનંદ યાજ્ઞિક દ્વારા પ્રાથમિક રજૂઆતો કરવામાં આવેલ છે.

## રાજ્યમાં વહેલી સવારે ઠંડી અને બપોર બાદ ગરમી સાથે મિશ્ર ઋતુનો અનુભવ

**કેરલથી વિદર્ભ સુધી ફેલાયેલ ટફ લો પ્રેશરની અસરથી દક્ષિણ ગુજરાતનાં કેટલાક સ્થળે માવઠાની શક્યતા**

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૧૭

રાજ્યમાં વસંત ઋતુનાં આગમન સાથે જ હવામાનમાં પરિવર્તન આવતાં મોટાભાગનાં શહેરોમાં એકંદરે મિશ્ર ઋતુનો લોકોને અનુભવ થઈ રહ્યો છે. વ્હેલી સવારે ઠંડી વચ્ચે ભેજનું પ્રમાણ વધતાં મધ્યમ-ગાઢ ધુમ્મસ તો સૂર્ય પ્રકાશિત થયા બાદ ધીમે ધીમે ઉનાળાના આગમનનો અનુભવ થઈ રહ્યો છે. રાજ્યનાં દક્ષિણ ગુજરાતનાં કેટલાક જિલ્લાઓ તાપી-વ્યારા, ડાંગ અને નર્મદા આસપાસનાં વિસ્તારોમાં આગામી ૪૮ કલાક દરમ્યાન કમોસમી હળવા વરસાદ (માવઠા)ની સંભાવનાઓ હવામાનશાસ્ત્રીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવેલ છે.

રાજ્યમાં અનેક સ્થળોએ વ્હેલી સવારે હવામાં ભેજનું પ્રમાણ ૭૦ થી ૯૫ ટકા સુધી રહેતા અનેક શહેરો ગ્રામ્ય વિસ્તારોમાં હળવા-મધ્યમ ધુમ્મસનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. મધ્યમ ધુમ્મસના કારણે વાહનચાલકો-રાહદારીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. સૂર્ય પ્રકાશિત થતાં ધીમે ધીમે ધુમ્મસ અદ્રશ્ય થઈ જતું હોવાથી ધુમ્મસ લાંબો સમય સુધી ટકતું ન હોવાના કારણે ખેતિના પાકને કોઈ મોટું નુકશાન પહોચાડતું નથી !

વસંત ઋતુના આગમન સાથે કેરલથી કર્ણાટક વચ્ચે સર્જાયેલ ટફ લો પ્રેશર થોડું ખસકી કેરળથી વિદર્ભ સુધી વિસ્તારતા તેની ભૌગોલિક અસર હેઠળ ગુજરાત (દક્ષિણ ગુજરાત)નાં કેટલાક વિસ્તારમાં આગામી ૪૮ કલાક દરમ્યાન હળવા માવઠાની સંભાવના ઉદભવી છે. એકંદરે રાજ્યમાં આગામી ૪૮ કલાક દરમ્યાન ગુરૂત્તમ (ઉંચા) તાપમાનનો પારો હજુ બે થી ત્રણ ડીગ્રી ઉચો જશે. રાજ્યમાં દિવસ દરમ્યન આકાશ ખુલ્લુ (સ્વચ્છ) રહેતુ હોવાથી વ્હેલી સવારે રહેતું ધુમ્મસ ખેતિ માટે મોટું નુકશાનકારક સાબિત નથી થતું !

## રાજકોટ પ્રચાર અર્થે આવેલ સ્મૃતિ ઈરાનીને પત્રકારે પેટ્રોલનો પ્રશ્ન પૂછતા ચાલતી પકડી

**સ્મૃતીને મોંઘવારીનું પ્રતિક ગણી સોશિયલ મીડિયામાં ઉડાવાઈ મજાક**



ચક્રવાત ટીમ રાજકોટ,તા.૧૭

યુપીએ સરકાર વખતે પેટ્રોલ-ડીઝલ અને ગેસના ભાવ વધારા સામે હાથમાં ગેસના સિલીન્ડર લઈને રસ્તા પર ધરણા પ્રદર્શન કરનાર સ્મૃતિ ઈરાનીને આજે રાજકોટની મુલાકાત દરમ્યાન ચૂંટણી સભાને સંબોધન બાદ એક પત્રકારે હાલમાં વધી રહેલા પેટ્રોલ અને ગેસના અસહ્ય ભાવ વધારા મામલે પ્રશ્ન પૂછતા જાણે માથા પર સળગતો અંગારો પડ્યો હોય તેમ તેઓ સ્થળ પરથી ભાગી છૂટ્યા હતા. સ્મૃતિ ઈરાની ભાજપના સ્ટાર પ્રચારકની રૂએ રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણી લડતા ભાજપના ઉમેદવારોના પ્રચાર અર્થે આજે રાજકોટ આવ્યા હતા અને વોર્ડ નં. ૧૩માં ઉમેદવારોની તરફેણમાં સભાને સંબોધન કર્યું હતું.

આજે દિવસ દરમ્યાન સોશિયલ મીડિયામાં પણ સ્મૃતિ ઈરાનીના જૂના આંદોલનના સમયના ફોટાઓને લઈને લોકોએ તેમને ટ્રોલ કરવામાં આવી હતી.

## દાહોદના ઝાલોદમાં દારૂ ભરેલી કારનો અકસ્માત : આગ લાગતા બે વ્યક્તિના મોત



(જી.એન.એસ.)દાહોદ,તા.૧૭

દાહોદના ઝાલોદથી રૂંવાડાં ઉભી કરી દેતી એક ઘટના સામે આવી છે. દાહોદના ઝાલોદ બાયપાસ હાઈવે પર પીક અપ વાન અને કાર વચ્ચે ભયંકર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત બાદ કારમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ આગમાં કારમાં સવાર બે લોકો કારની અંદર જ ભડથું થઈ ગયા હતા. કારમાંથી વિદેશી દારૂની બોટલો મળી આવી હતી.

ઝાલોદથી રાજસ્થાનના બાંસવાડા જતો હાઈ વે રોડ પર સુરત પાસિંગની આઈટેન કારમાં વિદેશી દારૂની બોટલો ભરેલી હતી. ફૂલ સ્પીડમાં જતી કાર એક પીકઅપ વાન સાથે ધડાકાભેર અથડાઈ હતી. જે બાદ દારૂ ભરેલી કારમાં એકાએક આગ ફાટી નીકળી હતી. આ આગ એટલી ભીષણ હતી કે, કારની આગળ બેસેલાં બંને વ્યક્તિઓ ભડથું થઈ ગયા હતા.ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગ અને પોલીસ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. હાલ પોલીસે મૃતકોની ઓળખાણ માટે તપાસ શરૂ કરી છે. અને બાદમાં ચૂંટણીના સમયમાં આ દારૂ કોના માટે લવાતો હતો અને કોને આપવાનો હતો તે તમામ પાસાઓ ઉપર પોલીસ તપાસ શરૂ કરી રહી છે.

## ઈડરમાં કિંજલ દવેએ છેડ્યો સૂર કોરોના : ફરિયાદ દાખલ

(જી.એન.એસ.)ઈડર,તા.૧૭

ગુજરાત રાજ્યના ઈડર ખાતેથી અહેવાલ સામે આવ્યા છે. જેમાં ઈડરના મણિયોર રોડ પર લોક ગાયિકા કિંજલ દવેનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સોશિયલ ડિસ્ટંસના ધજાગરા ઉડાવવામાં આવ્યા. સોસાયટીના બુકિંગ માટે કિંજલ દવેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમ સરકારની મંજૂરી વગર યોજાયો હતો. ત્યારે આટલી મોટી સંખ્યામાં લોકોની ભીડ એકત્ર થઈ હોવા છતાં તંત્ર ઘોર નિંદ્રામાં હોય તેવું પણ સામે આવ્યુ છે.

ઈડરના મણિયોર રોડ પર રોઝવિલા બંગ્લોઝ આવેલા છે. ત્યાં ગુજરાત રાજ્યની પ્રખ્યાત કલાકાર કિંજલ દવેનો કાર્યક્રમ સરકારની



મંજૂરી લીધા વિના યોજાયો હતો. નોંધનીય છે કે આ પ્રોગ્રામમાં હજારો લોકો ગાઈડલાઈનના લીરેલીરા ઉડાવ્યા હતા. અને સોશિયલ ડિસ્ટન્સનો પણ ભંગ કર્યો હતો. કાર્યક્રમની જાણ થતાં જ સ્થાનિક પોલીસે દરોડા પાડ્યા હતા. જ્યારે બીજી તરફ પોલીસે ૪ શખ્સો સામે ફરિયાદ નોંધી હતી.

## સુરતમાં ફ્લેટમાંથી શંકાસ્પદ હાલતમાં મૂક બધિર યુગલના મૃતદેહો મળી આવ્યા

(જી.એન.એસ.)સુરત,તા.૧૭

સુરતમાં મૂક બધિર યુગલોની સગાઈના ૧૫ દિવસ બાદ રહસ્યમય મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે શહેરના નાનપુરા વિસ્તારમાં આ એક ફ્લેટના બાથરૂમમાં બંનેના મૃતદેહ મળી આવ્યા છે બનાવની જાણ થતા અથવા પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને બંનેની લાશને પોસ્ટ મોર્ટમ અર્થે ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી સમગ્ર ઘટનાને લઈ પરિવારમાં શોક છવાઈ ગયો છે જોકે અહીં ચોંકાવનારી વાત એ છે મૂકબધિર યુવતી છેલ્લા પાંચ દિવસથી સાસરે રહેતી હતી અને સગાઈથી ખુશ પણ હતી તેમ છતાં આ



રહસ્યમય મોતને લઈને અનેક સવાલો ઉભા થવા પામ્યા છે. સુરત જિલ્લાના કામરેજ ખાતે આવેલા રાજનગરમાં ધરમપુર વલસાડની યુવતી ધૃતિ કુમાર જયેશભાઈ પટેલ પરિવારની એકની એક દીકરી હતી પરંતુ તે મૂક બધિર હતી એટલે કે બોલી કે સાંભળી ન શકે તેવી હતી ધ્રુતિની સુરતના નાનપુરા ખાતે રહેતા અર્પિત નરેશભાઈ પટેલ સાથે ૧૫ દિવસ અગાઉ સગાઈ થઈ હતી અને પાંચ દિવસથી સાસરે રહેતી હતી ગતરોજ સાંજે બન્ને યુવકોના બાથરૂમમાંથી મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી.

અર્પિતની બહેન ઘરે આવ્યા બાદ તેના ભાઈ ભાભી ન દેખાતા તેણે શોધખોળ કરી હતી જેમાં બાથરૂમમાંથી બંનેના મૃતદેહ મળી આવતા તેણે તરત જ ૧૦૮ અને પોલીસને જાણ કરી હતી બનાવની જાણ થતા અથવા પોલીસનો કાફલો પણ ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને લાશને પોસ્ટ મોર્ટમ અર્થે ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી.







## વડોદરામાં બનશે દેશની ત્રીજી અને ગુજરાતની પ્રથમ એરક્રાફ્ટ હોટલ

(જી.એન.એસ.)વડોદરા,તા.૧૭

ન્યૂઝીલેન્ડના શહેર ટાઉપો, ઘાનાની રાજધાનીનું શહેર આક્રા, ભારતના પંજાબના લુધિયાણા અને હરિયાણાના મોહરી સહિતના દુનિયાનાં ૮ એવાં શહેરો છે જેમની એક જ વિશેષતા છે. આ તમામ શહેરોમાં એરોક્રાફ્ટમાં રેસ્ટોરન્ટ ધમધમે છે. આ યાદીમાં નવમુ નામ વડોદરાનું ઉમેરાય તેવી શક્યતા છે. કારણ કે વડોદરામાં રિયલ એરબસ ૩૨૦માં એક રેસ્ટોરન્ટ શરૂ થવા જઈ રહ્યું છે. ગુજરાતની સૌથી પ્રથમ એરપ્લેન રેસ્ટોરન્ટ વડોદરામાં શરૂ થશે. આગામી બેથી ત્રણ મહિનામાં આ પ્લેન રેસ્ટોરન્ટ ધમધમતું થઈ જશે.

Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)